વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ અંક : ૦૮





સદ્. મુનિબાપાના ચરણોમાં સુવર્ણ સ્મૃતિ પર્વે કોટિ કોટિ વંદન...



૧



૨



૩



૪



૫



૬

(૧–૨) ગુરુકુલના વિદ્યાર્થીઓને તથા શાહીબાગ ખાતે અનુક્રમે સભા તેમજ પધરામણીમાં લાભ આપતા ગુરુજી (૩–૪) **SKS** કેમ્પ તથા વિશ્વ યોગ દિવસની ઉજવણી (૫–૬) સંપર્ક સંચાલક શિબિર તથા બાળ સંચાલક તાલીમ (૭–૮) આંતરરાષ્ટ્રીય માતૃ-પિતૃ વંદના દિનની હોંશભેર ઉજવણી



૭



૮



# ઘનશ્યામ

૧૦ ઓગસ્ટ, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૦૮

## GHANSHYAM

10 August, 2024 • Year : 49 • Edition : 08

**અનુક્રમણિકા...**


| | |
|---|---|
| ૦૪ | દિવ્યવાણી |
| ૦૭ | સદ્. મુનિસ્વામી : શ્રીહરિનો સંકલ્પ |
| ૧૦ | સદ્. મુનિસ્વામી : જીવનદર્શન |
| ૧૫ | સદ્. મુનિબાપા : બાપાશ્રીના અદના સેવક |
| ૧૮ | સદ્. મુનિસ્વામીના ખરા વારસદાર : ગુરુદેવ પ.પૂ. બાપજી |
| ૨૩ | ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સદ્. મુનિબાપાની અજોડ ભેટ |
| ૨૮ | સદ્. મુનિબાપા : સુવર્ણ સ્મૃતિ સ્મરણ |
| ૩૭ | દિવ્ય ગુરુપૂર્ણિમા ઉત્સવ : ૨૦૨૪ |



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org
Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૪૮ + ૪ ટાઈટલ = ૫૨

**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો :**

**૯૪૦૮૩૨૦૦૩૬**

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



# દિવ્યવાણી

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત

જીવ-પ્રાણીમાત્ર અહમ્-મમત્વના આધારે જીવે છે. દેહભાવરૂપી ચોથા મહાકુસંગની આ બે પેદાશ છે. આ બે ટળે તો જ આત્મા અનાદિમુક્તની સ્થિતિ પામવા માટેનો પાત્ર બને. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૮મા વચનામૃતમાં અનાદિમુક્તની સ્થિતિ પામવા માટેનો શ્રેષ્ઠ ઉપાય દર્શાવ્યો છે. જેને વચનામૃતના પરભાવી રહસ્યજ્ઞાન પ્રદાતા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૧૭-૭-૨૦૨૪ની એકાદશીની સંકલ્પ સભામાં સમજાવ્યો હતો. તેને વાગોળી સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૮મા વચનામૃતમાં સભામાં સર્વેને પોતપોતાના અંગની વાત કરવાની કહી છે. તેમ છતાં પ્રથમ પોતાના અંગની વાત કરતાં કહ્યું...

**વચનામૃત : શ્રીજી પોતે પ્રસન્ન થઈને બોલ્યા જે, પ્રથમ તો અમે અમારા અંગની વાત કરીએ, પછી તમે તમારા અંગની વાત કહેજ્યો.**

શ્રીજીમહારાજ તો સર્વાવતારી સર્વાંગપૂર્ણ સ્વરૂપ છે. તેમને વિષે અંગ એવું ન હોય. તોપણ મહારાજે પોતાનું લેવલ નીચું કરી અંગની વાત શા માટે કરી ? તો તેના બે હેતુ છે :

૧. મહારાજ પોતે મુક્તભાવે બોલ્યા છે. સાથે નિરંતર પોતાની મૂર્તિમાં રહેતા મુક્તની સ્થિતિ આવી હોય તેવું સમજાવવા માટે.

૨. તમે અમારા મુક્ત જ છો માટે તમારે પણ આવી રીતે વર્તવું પડશે એવું દૃઢ કરાવવા માટે.

સંસારમાં કોઈ દીકરાના સંબંધ નક્કી કરવાના હોય ને બંને પાત્રો એકબીજાને પસંદ પડી જાય પછી દીકરા પક્ષના મોભી ધીરે રહીને વાત કરે, "અમારા ઘરમાં દરરોજ સવારે ૫ વાગ્યે બધા ઊઠી જાય. ૬ વાગ્યે બધાએ મંગળા આરતીમાં જવાનું જ. નાહીને પૂજા કરવાની જ. વડીલોને ચરણસ્પર્શ કરી પગે લાગવાનું જ. દરરોજ સાંજે ઘરસભા કરવાની જ." કોઈના વગર પૂછે મોભી પોતાના ઘરના રીત-રિવાજની વાત શા માટે કરે છે ? તો ગર્ભિતપણે એવું જણાવવા માટે કે જો દીકરીને અમારા ઘરમાં સેટ થઈને રહેવું હોય તો આ પ્રમાણે રહેવું પડશે. તેમ શ્રીજીમહારાજ પોતાના અંગની વાત કહી આપણને કહેવા માગે છે : "જો તમારે અમારી મૂર્તિમાં રહેવું હોય તો અમારા અંગ પ્રમાણે વર્તવું પડશે. નહિ વર્તો તો મૂર્તિમાં નહિ રહેવાય." મહારાજે આગળ વચનામૃતમાં વિશેષ પોતાના અંગની વાત કરી છે.

**વચનામૃત : અમને એવું વર્તે છે જે હું આત્મા છું, અછેદ્ય છું,**



જગસંબંધી મોટાઈથી નિર્લેપ હોય તે સત્પુરુષ.

**અભેદ્ય છું, સચ્ચિદાનંદ છું. અને મારી મોટપ છે તે તો સ્વ-સ્વરૂપનો પ્રકાશ તથા ઇષ્ટદેવની ઉપાસના તે વડે છે. પણ ભારે ભારે વસ્ત્ર તથા અમૂલ્ય આભૂષણ તથા રથ, પાલખી, હાથી, ઘોડા તેની જે અસવારી તે વડે કરીને મોટપ નથી અને જગત બધીના માણસ ને જગત બધીના રાજા સત્સંગી થઈને હાથ જોડીને ઊભા રહે તે વડે કરીને પણ અમારે મોટાઇ નથી અને આ સત્સંગી સર્વે છે તે વિમુખ થઇ જાય ને મને કોઇ માને નહિ અને પહેરવાને વસ્ત્ર ને રહેવાને જગ્યા ન મળે તેણે કરીને મારી હિણ્યપ થાતી નથી.**

સ્વરૂપનિષ્ઠા અને આત્મનિષ્ઠા આ બે વડે કરીને મોટપ પમાય છે અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ પમાય છે. કોઈ વ્યક્તિને ભારતમાંથી અમેરિકા કોઈને ફોન કરવો હોય તો તે વ્યક્તિના ફોન નંબર પહેલાં અમેરિકાનો કોડ નંબર ૦૦૧ લગાવવો જ પડે. લંડન ફોન કરવો હોય તો ૦૦૪૪ લગાવવો જ પડે. તેમ અનાદિમુક્તની સ્થિતિ પામતાં પૂર્વે, સ્વ-સ્વરૂપની દૃઢતા કરતાં પૂર્વે સ્વરૂપનિષ્ઠારૂપી કોડ નંબર લગાવવો જ પડે.

મુઝે કૌન મિલા હૈ ? મુઝે કૈસા કિયા હૈ ? આ બંનેનો સમન્વય વર્તે તો જ અહમ્-મમત્વ ટળે. આપણને કેવા મહારાજ અને કેવા મોટાપુરુષ મળ્યા છે તેનો રોમ રોમમાં રજમો, ખુમારી વર્તવાં જોઈએ. મહારાજના સ્વરૂપની દૃઢતા કરવી કે કેવા અજોડ સનાતન સર્વોપરી મહારાજ મળ્યા છે ! તેનો અહોભાવ રહેવો જોઈએ. સાથે સાથે કેવા સમર્થ સત્પુરુષ મળ્યા છે તેનો આનંદ અખંડ રહેવો જોઈએ. તમારા માટે વર્તમાન સમય કેવો છે ? તો મામાના ઘરે મા પીરસનારી હોય એવો છે.

સર્વોપરી મહારાજ મળ્યા અને અનાદિમુક્તની સ્થિતિના પરભાવી રહસ્યજ્ઞાનના ખજીના ખુલ્લા મૂકનાર સત્પુરુષરૂપી મા મળી ગઈ છે. આવા મહામોલા જોગમાં અનાદિમુક્તની સ્થિતિ પામવાની ત્વરા ન જાગે, મૂર્તિસુખને માણવાની લાલચ ન જાગે, સુખનું આકર્ષણ ન થાય તો પછી કોણ કરાવશે ? મહારાજ અને મોટાના ગુનેગાર થવાય. અમે રાત્રિ-દિવસ એ સુખના અનુભવમાં ડૂબેલા છીએ. અમે અમારું અનુભવજ્ઞાન કોઈને કહી શકીએ એવા કોઈ પાત્ર જડતા નથી. જો પાત્રતા વગર તમને કહેવા જઈએ તો ફાટી જાવ. આવી પરભાવી વાતો ઝીલી શકો એવા પાત્ર કરવા અનાદિમુક્ત વિશ્વમ્‌માં લઈ જવા છે. આ માટે હું કોણ છું ? મને કેવો કર્યો છે ? આ સ્વ-સ્વરૂપની દૃઢતા કરવી.

આપણને કોઈ ૫-૨૫ જણ માને તો ગલગલિયાં થઈ જાય, ચાલ બદલાઈ જાય. કોઈ વડાપ્રધાન સાથે ફોટો પડાવ્યો હોય તોય બધાને બતાવો. જ્યારે મોટાપુરુષ જે નિરંતર મૂર્તિમાં રહે છે તેમને આ લોકની સત્તા-સંપત્તિ, પદાર્થ, યશ-કીર્તિ, લાખો-હજારો માણસો માને, પૂજે તેનાથી આનંદ થતો નથી. કોઈ અપમાન કરે તેનું દુઃખ થતું નથી. તેઓ તેમની પરભાવી અલમસ્તાઈમાં જ મસ્ત હોય છે.

ઈ.સ. ૨૦૧૦માં સત્સંગમાં નવા જોડાયેલા અમેરિકાવાસી સિનસિનાટી સ્ટેટના પિટ્સબર્ગ સિટીના હીરુભાઈ પટેલે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે, “ગુરુદેવ પ.પૂ. બાપજી કૅનેડા મૂર્તિપ્રતિષ્ઠા બાદ અમેરિકા પધારવાના છે તો મારા ઘરે પધરામણી કરાવવી છે.” ગુરુદેવ પ.પૂ. બાપજીની નાદુરસ્ત તબિયત અને ૭૭ વર્ષની જૈફ વય. તેથી હીરુભાઈએ ગુરુજીને પ્રાર્થના કરી કે, “ઉતારાના સ્થળથી મારું ઘર સાત-આઠ કલાકના અંતરે છે. એક પધરામણી માટે ગુરુદેવને આટલી તકલીફ ન અપાય. માટે હું ચાર્ટર્ડ પ્લેન લઈને ગુરુદેવને લેવા માટે આવીશ પણ મારા ઘરે પધરામણી કરાવવી છે.”

વિદેશથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ઇન્ડિયા ગુરુદેવ પ.પૂ. બાપજીને ફોન કરી બધી વાત કરી. ગુરુદેવે તુરત કહ્યું, “સ્વામી, આપણને સંતોને આવાં ચાર્ટર્ડ પ્લેન ન શોભે. આપણી સાધુતાનું શું ?” પરંતુ હીરુભાઈ નવા સત્સંગી હતા. વળી, તેમનો અતિશે આગ્રહ હોવાથી કમને હા પાડી.

કૅનેડા મૂર્તિપ્રતિષ્ઠા પૂર્ણ કરી ગુરુદેવ પ.પૂ. બાપજી અમેરિકા જર્સીસિટી મંદિરે પધાર્યા હતા. હીરુભાઈ ચાર્ટર્ડ પ્લેન લઈ ગુરુદેવ પ.પૂ. બાપજીને પોતાના ઘરે લઈ જવા માટે આવ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને સંત મંડળ સાથે ચાર્ટર્ડ પ્લેનમાં બિરાજ્યા. પ્લેન ટેક ઑફ થયું ને થોડી જ વારમાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂછ્યું, “સંતો, આપણે ક્યાં બેઠા છીએ ? પ્લેન કે ચાર્ટર્ડ પ્લેન કાંઈ નથી. મૂર્તિમાં જ બેઠા છીએ. આ વિચાર રાખજો. નહિ તો ચાર્ટર્ડ પ્લેનમાં બેઠાનો આનંદ આવશે અને જો ક્યારેક રિક્ષામાં બેસવાનું થશે તો દુઃખ થશે. આપણે તો પ્લેનનો આનંદ કે રિક્ષાનું દુઃખ એકેય ન જોઈએ. નિરંતર મૂર્તિનો આનંદ રાખવો.”

ચાર્ટર્ડ પ્લેન હોય, હજારો ડૉલરની ભેટ મળતી હોય, માન-સન્માન થતાં હોય કે અપમાનોની ઝડી વરસતી હોય પણ ગુરુદેવ પ.પૂ. બાપજી જેવા મુક્તપુરુષની મસ્તી ન્યારી હોય. ઈ.સ. ૧૯૮૫માં ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ગોધર, પંચમહાલ વિચરણમાં ડાકોર રોડ બાજુ થઈ જઈ રહ્યા હતા. રસ્તામાં સ્વામિનારાયણ મંદિરનું બોર્ડ જોતાં ગુરુદેવ પ.પૂ. બાપજી ગાડી પાછી વળાવી દર્શન માટે મંદિરના કૅમ્પસમાં પધાર્યા. જીપ ગાડી ઉપર 'સ્વામિનારાયણ મંદિર, ઘનશ્યામનગર' વાંચતાં જ મંદિરના વડીલ સંતે બૂમ મારી, "અલ્યા, વિમુખ આયા; મંદિરના દરવાજા બંધ કરી દો." ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીપ ગાડીમાંથી નીચે ઊતરી ઠાકોરજીને ધૂળમાં દંડવત કર્યા અને  આગામી વિચરણ માટે ત્યાંથી રવાના થઈ ગયા પણ એક હરફ ન ઉચ્ચાર્યો. જીપમાં બેસતાં જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજીને પૂછ્યું, "સ્વામી, કાલે આ સંતો આપણા ઘરે આવે તો શું કરવાનું ? તો આપણે તેમનું ભાવભર્યું સ્વાગત કરવું. સારામાં સારી સગવડ આપવી, તેમને જમાડવા."

ગુરુદેવ પ.પૂ. બાપજીના અગમનાં એંધાણ સાચાં પડ્યાં. ઈ.સ. ૧૯૮૬માં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વાસણા એક ઓરડીમાં રહી મંદિરનું બાંધકામ કરાવતા હતા. જે સંતોએ મંદિરનાં બારણાં બંધ કરાવી દીધાં હતાં તે જ સંતો કોઈ કામથી તેમના હેતવાળા હરિભક્ત બિપીનભાઈ શાહના ઘરે આવ્યા હતા. બિપીનભાઈ હજુ ઘરે આવ્યા ન હોવાથી એકાદ કલાકનો સમય પસાર કરવા મંદિરનું બોર્ડ વાંચી વાસણા મંદિરે આવ્યા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ "આવો આવો સંતો, પધારો પધારો..." એમ ખૂબ ભાવથી સ્વાગત કર્યું. સાથે રહી મંદિરનું બાંધકામ બતાવ્યું. જમાડવાનો આગ્રહ કર્યો. ના પાડી છતાંય ગુરુજીએ ફ્રૂટ મગાવી, સમારી પૂ. સંતોને જમાડ્યું.

વિદાય લેતાં પૂર્વે તે પૂ. સંતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, "સ્વામી, તમે અમને ઓળખ્યા નથી લાગતા !" ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, "સ્વામી, ઓળખીએ છીએ. અમે આપને ત્યાં એક વખત આવેલા છીએ." આટલું સાંભળતાં તે સંત ગદ્‌ગદિત થઈ ગયા : 'અમે અપમાન કર્યું હતું. જ્યારે ઓળખવા છતાં આમણે આટલા ભાવથી બોલાવ્યા !' તે સંત બોલ્યા, "સ્વામી, આજ સુધી અમે પ્રથમનું ૮મું વચનામૃત વાંચ્યું હતું કે માન-અપમાન સમ વર્તે; એની કોઈ પડી ન હોય. આજે એ વાત આપનામાં તાદૃશ્ય દર્શિત થાય છે. ધન્ય હો ! આવા સાચા સંતોને. હવે તમે એક વાર તમારા ગુરુને લઈને અમારા મંદિરે પધારો અને આવા સાચા સત્પુરુષની સેવાનો અવસર આપો." કોઈ રાજા-મહારાજા પગે લાગે તેનો આનંદ નથી અને અપમાનનું દુઃખ નથી. આ છે સત્પુરુષની પરભાવની અલમસ્તાઈ.

ઈ.સ. ૨૦૧૬માં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એક ગામમાં વિચરણમાં પધાર્યા હતા. ત્યાં સ્વામિનારાયણ મંદિર જોતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દર્શન કરવા ગાડીમાંથી ઊતર્યા. મંદિરના ટ્રસ્ટીએ કહ્યું, "તમે વિમુખ છો માટે અમારે આગળ મોટા સંતોને પૂછવું પડે. જો હા પાડે તો તમને મંદિરમાં આવવા દઈએ." ગુરુજી અડધો કલાક બહાર તડકામાં ઊભા રહ્યા. છેવટે ના પાડી તેથી બહારથી દંડવત કર્યા. છતાં નીકળતાં નીકળતાં આશીર્વાદ આપ્યા કે, "ભલે એમણે મંદિરના દરવાજા બંધ કરી દીધા; અમે એમના માટે અક્ષરધામના દરવાજા ખોલી દીધા છે. એટલું જ નહિ, જે સુખમાં સદ્. ગોપાળાનંદ સ્વામી રહ્યા છે, જે સુખમાં સદ્. મુક્તાનંદ સ્વામી રહ્યા છે ત્યાં જ તેમને રાખીશું." આ છે મોટાપુરુષની માન-અપમાનમાં સમત્વ રાખી પરભાવમાં મસ્ત રહેવાની મસ્તી.

મહારાજ અને મોટાપુરુષ આપણને પણ આવા પોતા જેવા કરવા ઇચ્છે છે ત્યારે આપણે પણ આપણા જીવનમાં આટલું દૃઢ કરીએ.

**દૃઢતાના મુદ્દા :**

૧. માન-અપમાન બંનેમાં સમતા રાખવા પ્રયત્ન કરવો.

૨. હું કોણ છું ? કોનો છું ? મને કેવો કર્યો છે ? તે પરભાવની મસ્તીમાં રહેવું.

૩. વસ્તુ, પદાર્થ, સત્તાની મોટપથી પ્રભાવિત ન થવું. સ્વ-સ્વરૂપની પ્રાપ્તિના કેફમાં મસ્ત રહેવું.



સદ્. મુનિસ્વામી : શ્રીહરિનો સંકલ્પ

આ બ્રહ્માંડને વિષે હરપલ, હરક્ષણ અનેકાનેક જીવો જન્મ ધારણ કરે છે. તેમાં પણ મનુષ્ય યોનિમાં પણ કેટલાય જીવ જન્મે છે. પરંતુ અનંત સાધારણ જીવોની વચ્ચે કોઈક એવું અસામાન્ય વ્યક્તિત્વ સત્પુરુષ રૂપે પ્રગટે છે. જે અનેક જીવોના અજ્ઞાનના પડળને તોડી તેને પરમાત્મા ભગવાન સ્વામિનારાયણનો ભેટો કરાવે છે.

આવા સત્પુરુષ અવરભાવમાં મનુષ્ય સરખા જણાતા હોવા છતાં તેઓ દેહાતીત સ્વરૂપ છે. તેઓની રીત, અંગ, ક્રિયા મનુષ્યના જેવી દેખાવા છતાં તેમાં અસાધારણીય વ્યક્તિત્વનાં દર્શન થતાં હોય. આવા સત્પુરુષને ઓળખીને એમની સાથે આગવી પ્રીતિ કરવી એ જ મનુષ્યજન્મનો - સત્સંગ કર્યાનો સાર છે. એ જ મૂર્તિસુખનો રાજમાર્ગ છે.

શ્રીહરિના મૂળગામી સંકલ્પોને પૂર્ણ કરવા અનંત મુક્તો આ બ્રહ્માંડમાં અવતરણ પામ્યા હતા. તેમાંના શ્રીહરિના એક સંકલ્પ એટલે સદ્. મુનિસ્વામી.

તેઓ કેવી રીતે શ્રીહરિના સંકલ્પ છે એ જાણીએ.

---

**જીવનપ્રાણ બાપાશ્રીના મુખે સદ્. મુનિસ્વામી શ્રીહરિનો સંકલ્પ :**

શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ બાપાશ્રીએ સદ્.મુનિસ્વામી પ્રતિ ઉચ્ચારેલાં દિવ્ય વચનો અને રાજીપો જ જણાવે છે કે સદ્. મુનિસ્વામી શ્રીહરિનો સંકલ્પ હતા.

● “પુરાણી મહારાજ ! તમે તો ભારે કામ કરી દીધું; મૂર્તિમાં રહ્યા થકા કથા કરો છો, તેથી મહારાજ તથા સંત-હરિભક્ત સર્વે ઘણા રાજી થાય છે.”

● “આ મુનિબાવો આમ ને આમ રાત્રિ-દિવસ અમારી પાસે બેસી રહે છે તેથી અમને એમ થાય છે જે, આ સાધુને શું આપીએ ! શું આપીએ ! પણ અમારી પાસે જે વ્હાલી વસ્તુ છે તે આપીશું ને તેમને મૂર્તિ આપી છે ને મૂર્તિમાં રાખ્યા છે” એમ અતિ પ્રસન્ન થઈને બોલ્યા.

સદ્. મુનિસ્વામી પર બાપાશ્રીની પ્રસન્નતા જોઈ સદ્. નિર્ગુણાનંદ બ્રહ્મચારીએ અનાદિમુક્ત ચરિત્રામૃત ગ્રંથમાં સદ્. મુનિસ્વામીનું મહાત્મ્ય આલેખ્યું છે.

“મુનિસ્વામી છો સર્વના ગુરુ, નહિ જાણવું આજ અધૂરું;<br>
માટે તમારો મહિમા અતિ, પ્રાકૃત નરને ન પડે ગતિ.<br>
મુનિ કેશવ પણ છે મુનિ, તેની સ્થિતિ જાણે હોય જૂની;<br>
નાના દેખાય છે આવા સંત, પણ મોટા છે જાણો અત્યંત.<br>
પછી બોલ્યા દયા અતિ લાવી, મુનિસ્વામીને પાસ બોલાવી;<br>
મૂર્તિમાં રહો તેથી મુનિ, તમારી સ્થિતિ જાણજો જૂની.<br>
મુનિસ્વામી મુન્ય સદા રહો, પણ વાતો અલૌકિક કહો;<br>
ધન્ય પ્રેમ એ પુરાણી તણો, બાપાશ્રીજી પર ઘણો ઘણો.<br>
તેમ બાપાશ્રીજીને અપાર, પુરાણી પર છે બહુ પ્યાર.”

જેમ માબાપ પોતાના કહ્યાગરા તથા સેવા કરનાર દીકરા ઉપર કેવા અંતરથી રાજી રહે ! તેમ શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રી પોતાના વ્હાલસોયા મુક્ત સદ્. મુનિસ્વામી પર અઢળક રાજીપો વરસાવતા જેનું પ્રમાણ બાપાશ્રીની વાતો તથા અનાદિમુક્ત ચરિત્રામૃત આપે છે. મળેલા મોટાપુરુષનો આવો અંતરનો રાજીપો કમાવવો એ જ આ જીવનનો સાર છે તેવું સદ્. મુનિસ્વામીના જીવનમાંથી દર્શિત થાય છે.

**ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખે સદ્. મુનિસ્વામી શ્રીહરિનો સંકલ્પ :**

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સદ્. મુનિસ્વામીને પોતાના જ્ઞાનગુરુ તરીકે સ્વીકાર્યા. તેઓને સદ્. મુનિસ્વામીના અલ્પ સાંનિધ્યનો તથા જોગ-સમાગમનો લ્હાવો મળ્યો હતો છતાંય ગુરુદેવ પ.પૂ. બાપજી સદ્. મુનિસ્વામીનું અંતરમાં કેવું મહાત્મ્ય સમજ્યા હશે કે જેથી તેઓએ સદ્. મુનિસ્વામીનું મહાત્મ્ય ખૂબ ગાયું છે :

● “સદ્. મુનિસ્વામી શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ હતા એમ હું નિરુત્થાનપણે સમજું છું. કેમ જે સ્વયં મહારાજે મને સદ્. મુનિસ્વામીના પરભાવનો, દિવ્યતાનો અનુભવ કરાવ્યો હતો. માટે સદ્. મુનિબાપા સંકલ્પ સ્વરૂપ હતા એવો મેં અનુભવ કરેલો. એટલે જ એમને વિષે મને અપ્રતિમ પ્રીતિ ને દિવ્યભાવ રહેતો અને આજે પણ છે.”

● “અનંતકોટિ બ્રહ્માંડો આવીને સદ્. મુનિસ્વામીને હાથ જોડીને પ્રાર્થના કરે કે, ‘સ્વામી ! અમારું પૂરું કરો’ તો એક સેકન્ડમાં આ દિવ્યપુરુષ અનંતને મૂર્તિના સુખમાં મૂકી દે.”

● “મુનિબાપાને તો સ્વયં બાપાએ પ્રમાણ કર્યા છે. સ્વામીની વાત બહુ અલૌકિક, બહુ જુદી. સાધુતાની મૂર્તિ, દિવ્ય કલ્યાણકારી ગુણોનો ભંડાર. હજારો સંતો બેઠા હોય પણ તેમાં મુનિસ્વામીનો પ્રભાવ બહુ પડે. આખી સભાના સંકલ્પ બંધ થઈ જાય. બધા સંતો સ્વામી આગળ ઝાંખા પડી જાય. મોટા મોટા લીમડાવાળા હરિપ્રસાદસ્વામી જેવા સંતો પણ સ્વામીના ખોળામાં માથું મૂકી આશીર્વાદ માગતા.”

● "મુનિબાવો એટલે મુનિબાવો. મારે મુનિસ્વામી સાથે મા-દીકરા જેવું હેત. મેં એમના જેટલો મહિમા કોઈનોય ગાયો નથી. મને વેવલાવેડા કરતા નથી આવડતા કે મોટા ન હોય તોય ગાણાં ગાઉં પણ કોઈ મારું માથું કાપી નાખે તોપણ મુનિસ્વામીનો મહિમા ગાયા વિના ન રહું."

● "મુનિસ્વામી પાસે જ વર્તમાન ધરાવજો... સ્વામી બહુ મોટા છે... સમર્થ પાર્ટી છે. સદ્. મુનિસ્વામી ૧૧૦% સંકલ્પ સ્વરૂપ છે. તેમના માટે હું આખા બ્રહ્માંડના સમ ખાઉં. તમારું પૂરું થઈ જશે... છેલ્લો જન્મ થઈ જશે... માટે હવે રાહ ન જોશો."

● "આ બધી મુનિબાપાની લીલી વાડી છે; તે શ્રીજીમહારાજ, બાપાશ્રી અને મુનિસ્વામીનો જ પ્રતાપ છે."

જેવા સદ્. ગોપાળબાપા એવા જ સદ્. મુનિબાપા. આજે અફસોસ અસ્થાને છે. કારણ, આ **SMVS** સંસ્થાને એવા બે દિવ્યપુરુષની ભેટ મળી છે જે પરભાવમાં સદ્. મુનિબાપાની પ્રતિકૃતિ સમાન છે. આપણને મળેલા સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પ્રતિ અસ્મિતાસભર બનીએ.

સદ્. મુનિસ્વામીએ જીવનભર પોતાના ગુરુ સ્વરૂપ એવા બાપાશ્રીના અદના સેવક બની અહોભાવે ખૂબ સેવા કરી છે. વળી, સમગ્ર જીવન દરમ્યાન તેઓએ પોતાના દિવ્યજીવનમાં વિશેષતઃ અંતર્વૃત્તિ, ધ્યાનનો આગ્રહ તથા દાસત્વભાવ તેમજ વ્યવહારની અરુચિ દર્શાવી છે. તેમ છતાં શ્રીજી પ્રબોધિત સિદ્ધાંતોનું પ્રવર્તન ખૂબ કર્યું છે.

આવા સદ્. મુનિસ્વામીના દિવ્યજીવનને જોઈ મુમુક્ષુજનોને દિવ્ય આકર્ષણ થતું. આવા દિવ્ય સદ્‌ગુરુની જીવનગાથા **SMVS**ના તથા સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ મુમુક્ષુને પોતાના જીવનઘડતરની તથા શ્રીહરિ તેમજ ગુરુ સ્વરૂપને રાજી કરવાની દિવ્ય કેડી કંડારી આપે તેવા શુભ હેતુથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સદ્. મુનિસ્વામીના ૫૦મા સ્મૃતિ પર્વે આ વિશેષાંક પ્રકાશિત કરવાની અભિરુચિ દર્શાવી છે.

આ વિશેષાંકમાં સદ્. મુનિસ્વામીનું તાદશ્ય જીવનદર્શન, પોતાના ગુરુ સ્વરૂપ એવા બાપાશ્રી સાથેની પ્રીતિનાં દર્શન, આપણને મળેલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સાથેના સદ્. મુનિસ્વામીના દિવ્ય પ્રસંગો તથા સ્મૃતિ છબીઓ તેમજ સદ્. મુનિસ્વામીના પ્રાસાદિક પત્રોના અંશો પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

આ વિશેષાંકનું વાંચન-મનન કરી સદ્. મુનિસ્વામીના દિવ્ય ગુણોને સ્વજીવનમાં ચરિતાર્થ કરીએ તથા મળેલા આવા દિવ્ય અમીરપેઢીના સદ્‌ગુરુના વારસદાર થવાનું ગૌરવ અનુભવીએ.

## માતૃદેવો ભવઃ ॥ પિતૃદેવો ભવઃ ॥

ભારતીય સંસ્કૃતિમાં માતાપિતા પ્રત્યેના પૂજ્યભાવ, આદરભાવને આગવું સ્થાન મળેલું છે. આજે પણ સમગ્ર ભારત વર્ષમાં અનેક પરિવારો આ વારસાને આગળ ધપાવી રહ્યા છે. પરંતુ સમયની સાથે દિન-પ્રતિદિન આ સંસ્કૃતિનાં મૂલ્યો નષ્ટ થતાં જઈ રહ્યાં છે. આજની યુવાપેઢીમાંથી આ મૂલ્યો નષ્ટ ન થાય તેવા ઉમદા હેતુથી સમાજની આ વણસેલી પરિસ્થિતિને બદલવા માટે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં વસતા તમામ સમાજને 'માતૃ-પિતૃ વંદના દિન' ઊજવવાની આજ્ઞા કરેલી છે. જે અંતર્ગત તા. ૩૦-૬-૨૦૨૪ ને રવિવારના રોજ સાંજે ૫થી ૭ દરમ્યાન ઘરે ઘરે પરિવારના તમામ સભ્યોની ઉપસ્થિતિમાં 'આંતરરાષ્ટ્રીય માતૃ-પિતૃ વંદના દિન'ની ઑનલાઇન ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રોગ્રામની શરૂઆત માતાપિતાએ સંતાનો પર કરેલા વિવિધ ઉપકારો દર્શાવતા વંદના ગીત દ્વારા થઈ હતી. પૂ. મૂર્તિસ્વામીએ પ્રાસંગિક પ્રવચન આપ્યા બાદ વ્હાલા ગુરુજીએ આજની યુવાપેઢીને અનેક પ્રેરક પ્રસંગો દ્વારા માતાપિતાના સંતાનો પરના ઉપકારનો અહેસાસ કરાવ્યો હતો. તેમજ માતાપિતાનું જતન કરવાની આજ્ઞા કરી હતી. ત્યારબાદ સૌ હરિભક્તોએ માતાપિતાનું પૂજન કરી આરતીનો લાભ લઈ થયેલી ભૂલો માટે માફી માગીને, મોઢું મીઠું કરાવીને સસ્મિત ચહેરે હોંશભેર આ કાર્યક્રમની ઉજવણી કરી હતી. અંતમાં વ્હાલા ગુરુજીએ ઉપસ્થિત સર્વે હરિભક્તોને પેઢી દર પેઢી આ કાર્યક્રમનું આયોજન કરતા રહેવાની આજ્ઞા કરી હતી. આમ, આ ઑનલાઇન માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનો ૧૭૦૬૮ કરતાં પણ વધુ પરિવાર લાભ લઈ સુખિયા થયા હતા.



# સદ્. મુનિસ્વામી : જીવનદર્શન

શ્રીજીમહારાજ કચ્છમાં વિચરણ કરતા એ અરસામાં કચ્છમાં ફતેહ મહમદનું રાજ્ય હતું. તેઓ ભારે ગર્વિષ્ઠ હતા. આખા પ્રાંતમાં તેમનો ભારે દાબ પડતો. ફતેહ મહમદ ઘોડા પર બેસી બજારમાંથી પસાર થતા હોય ત્યારે સામેથી કોઈ વ્યક્તિ ઘોડા પર સવાર થઈ નીકળી શકતી નહીં. તેમને જોતાં જ ઘોડા પરથી નીચે ઊતરી જવું પડતું. જો કોઈ ન ઊતરે તો પોતાનું અપમાન ગણી માથું કપાવી નખાવતા.

એક વખત કચ્છની બજારમાં ફતેહ મહમદ ઘોડા પર બેસીને જતા હતા. સામેથી શ્રીહરિ માણકી પર બેસીને પધારતા હતા. શ્રીહરિ માણકી પર બિરાજમાન રહી તેમની નજીક પધાર્યા. આ જોઈ ફતેહ મહમદે તેમના સિપાહીને પૂછ્યું, "આ કોણ છે ? કેમ હેઠા ન ઊતર્યા ?" સિપાહીએ કહ્યું, "નામદાર, લોકો તેમને ખુદા કહે છે."

શ્રીહરિની દિવ્ય પ્રતિભાથી પ્રભાવિત થઈ ઘોડા પરથી નીચે ઊતરી "ઓહ ખુદા... ખુદા..." બોલતાં મહારાજ આગળ ઘૂંટણિયાભર બેસી ગયા. બે હાથ ઊંચા કરી પૂછ્યું, "સાંઈ, તુમ ખુદા હો યા ખુદા કે બંદે ?" (તમે ભગવાન છો કે ભગવાનના ફરિસ્તા ?) શ્રીહરિએ મંદ મંદ હાસ્ય રેલાવતાં કહ્યું, "જૈસા જિસકા યકીન." અર્થાત્ જેને જેવો વિશ્વાસ.

સ્વામિનારાયણ ભગવાન તો જેવા છે તેવા જ છે, જ્યાં છે ત્યાં જ છે. સર્વોપરી ભગવાન જ છે. એ વાતનો જેને વિશ્વાસ આવી જાય તે એમની મોટપને ઓળખીને તેમને પામી શકે. તેમ શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રી અને સમર્થ સદ્ગુરુઓ-સત્પુરુષો આ બ્રહ્માંડને વિષે મનુષ્યોને મનુષ્ય જેવા દેખાય છે ત્યારે તેમને જેવા ઓળખે, તેમને વિષે જેવો વિશ્વાસ આવે તેવા થવાય છે. ત્યારે આવો, સમર્થ સત્પુરુષ સદ્. મુનિસ્વામીનાં જીવનદર્શન દ્વારા તેમના પરભાવને પિછાણીએ.

**પ્રાગટ્ય - બાળપણ - સંતદીક્ષા**

શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ શ્રીહરિના સંકલ્પને પૂર્ણ કરવા દર્શન આપ્યાં ત્યારે સમર્થ સદ્ગુરુના દિવ્ય સાજને (સમાજને) સાથે લાવ્યા હતા. એ દિવ્ય સાજમાંના એક સમર્થ સદ્ગુરુ એટલે સદ્. મુનિસ્વામી.

સંવત ૧૯૩૬માં સુરેન્દ્રનગર જિલ્લાના ચાણપર ગામમાં વૈશ્ય કણબી જ્ઞાતિમાં માતા હરિબા અને પિતા માંડણભાઈ થકી હીરાભાઈનું પ્રાગટ્ય થયું હતું. પીતાંબરભાઈ અને જેઠાભાઈ મોટા ભાઈ હતા જ્યારે પ્રાગજીભાઈ નાના હતા. વઢવાણ પાસેના રતનપર ગામમાં માંડણભાઈનું અધવારું હોવાથી મોટેભાગે ત્યાં રહેતા. આથી હીરાભાઈનો બાલ્યકાળ ત્યાં વીત્યો હતો.

હીરાભાઈના જીવનમાં બાલ્યાવસ્થાથી જ તીવ્ર વૈરાગ્યનાં દર્શન થતાં. હીરાભાઈની ૯ વર્ષની ઉંમરે પિતા ખેતરમાં ચકલાં ઉડાડવાં મોકલતા ત્યારે નાના ભાઈને કહેતા, "પ્રાગજી, મારે તો આ ઘઉં ખાવા રહેવું નથી. તારે ખાવા હોય તો તું ચકલાં ઉડાડ. મારે નથી ઉડાડવાં." આમ, વ્યવહારના બધા કાર્યોમાં અનાસક્તિ જણાવતા.

સંવત ૧૯૫૦માં ચાણપરમાં સદ્. મોરલીમનોહરદાસજી સ્વામીનું મંડળ આવ્યું હતું. રતનપરમાં રહેતા હીરાભાઈને સમાચાર મળતાં તુરત સંતોની સેવા કરવા ચાણપર પહોંચી ગયા. ત્યાંથી માતાપિતાને જાણ કર્યા વિના સીધા જ સંતો સાથે સાધુ થવા ચાલી નીકળ્યા. આ જાણી માંડણભાઈ '૭૧ પેઢી તરશે' એ વિચારે રાજી થયા. માતુશ્રી હરિબાના આગ્રહથી માંડણભાઈએ સદ્ગુરુ સ્વામીને વિનંતી કરી કે, હીરાભાઈ છેલ્લી વાર કંસાર જમાડવા ઘરે આવે તો સારું. એક પાર્ષદ સાથે હીરાભાઈ ઘરે આવ્યા. માતુશ્રી કંસાર બનાવતાં હતાં ત્યારે હીરાભાઈએ પિતાશ્રી પાસેથી બે ધોતિયાં લીધાં અને ગુરુ પાસે જવા ચાલી નીકળ્યા. માતા હરિબા "હીરા, કંસાર જમતો જા..." એમ બૂમો પાડતાં રહ્યાં તોય જમવા તો ન રોકાયા પણ પાછું વળીને જોયુંય નહીં. એવો તેમનો બૃહત વૈરાગ્ય હતો. સાધુતાના ગુણોનાં દર્શન થતાં ગુરુએ સંવત ૧૯૫૧ના ચૈત્ર સુદ ૯ના મહામંગળકારી દિવસે સંતદીક્ષા આપી, 'સાધુ કેશવપ્રિયદાસ' નામ પાડ્યું.

**બાપાશ્રી સાથે પ્રથમ મિલન તથા સમાગમનો આગ્રહ :**

સંવત ૧૯૫૬માં ગુજરાતમાં છપનોકાળ પડ્યો હતો. રાજસ્થાનમાં વરસાદ સારો હોવાથી સદ્. મોરલીમનોહરદાસજી સ્વામી સંત મંડળ લઈ જયપુર ત્રિકમભાઈ ઝવેરીને ત્યાં રોકાયા હતા. આ અરસામાં બાપાશ્રી સંઘ લઈ છપૈયા જવા નીકળ્યા હતા. રસ્તામાં અમદાવાદ રોકાયા ત્યારે આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજે

બાપાશ્રીને ભલામણ કરી કે, “તમે જયપુર ત્રિકમભાઈ ઝવેરીને ત્યાં સંતોનું મંડળ છે માટે ત્યાં વિસામો કરી છપૈયા જજો.” આચાર્ય મહારાજે તાર કરાવી જયપુર સમાચાર મોકલાવ્યા કે, બાપાશ્રી ત્યાં પધારશે.

કચ્છના પ્રસિદ્ધ, સ્વસિદ્ધ, સ્વતંત્ર, સમાધિનિષ્ઠ અબજીબાપાશ્રી પધારી રહ્યા છે એવા સમાચાર મળતાં સંતોનું મંડળ બાપાશ્રીને લેવા સ્ટેશને સામે ગયું. બાપાશ્રી ત્રિકમભાઈના ઘરે રોકાયા. આ વખતે સદ્. મુનિસ્વામીનું બાપાશ્રી સાથે પ્રથમ મિલન થયું. પ્રથમ મિલનમાં જ અનેરું આકર્ષણ થયું. ‘ધ્યાન કરી મૂર્તિ સિદ્ધ કરવી’ પોતાના આ સંકલ્પની પૂર્ણાહુતિ હવે બાપાશ્રી સંગે થશે એવો વિશ્વાસ આવતાં તૃપ્તિનો ઓડકાર આવ્યો. બાપાશ્રીનાં પ્રત્યક્ષ દર્શન, સેવા, સ્પર્શ, સમાગમનો લાભ મળતાં અંતરમાં આનંદ આનંદ છવાઈ ગયો. પૂર્વની પ્રીત પ્રગટ થઈ ગઈ. આ પ્રસંગ પછી સદ્. મુનિસ્વામી બાપાશ્રીનું સાંનિધ્ય, જોગ-સમાગમ વિશેષ મળે તેવા પ્રયત્ન કરતા અને અવસર મળે ત્યારે સેવા કરવાની તથા સમાગમની વિશેષ તક ઝડપી લેતા.

સંવત ૧૯૫૭માં સદ્. મુનિસ્વામી પોતાના ગુરુ સાથે પ્રથમ વખત બાપાશ્રીનો સમાગમ કરી દેશમાં પાછા જતાં રસ્તામાં હળવદ રોકાયા હતા. રાત્રે શ્રીજીમહારાજનાં દિવ્ય તેજોમય દર્શન થયાં. તેમાં મહારાજ અને બાપાશ્રીની મૂર્તિ એકબીજામાં લીન થાય, એકરૂપ હોય તેવાં દર્શન થતાં હતાં. બાપાશ્રીના આવા પરભાવી સામર્થ્યનાં દર્શન થતાં અતિશે અહોભાવ થયો ને બાપાશ્રી સાથે આત્મબુદ્ધિના નાતે જોડાઈ ગયા. સંવત ૧૯૬૭માં ફરી સદ્. વૃંદાવનસ્વામી સાથે બાપાનો સમાગમ કરવા પધાર્યા હતા. આ પછી સંવત ૧૯૬૯-૭૦માં બે વખત સદ્. મુનિસ્વામી ચાલતાં પદયાત્રા કરી બાપાશ્રીનો જોગ-સમાગમ કરવા પધાર્યા હતા. બાપાશ્રીનો જોગ-સમાગમ મળે ત્યારે એક ક્ષણ વ્યર્થ જવા ન દેતા. કથા પૂરી થયા બાદ પોતે બાપાશ્રી સાથે અંગત ગોષ્ઠિ કરતા. બાપાના વચનોને નોંધી એકલા બેસી તેનું મનન કરતા. વાતને અનુભવમાં લાવવા યત્નશીલ રહેતા. ધ્યાનસંબંધી વિશેષ પ્રશ્નો પૂછી બાપાશ્રીના માર્ગદર્શન અનુસાર સમય મળતાં ધ્યાનમાં ઊંડા ઊતરી જતા.

### પારાયણના વક્તા પદે સદ્. મુનિસ્વામી :

સંવત ૧૯૭૨માં પારાયણ પ્રસંગે બાપાશ્રી કુંભારિયા પધાર્યા હતા. આ પારાયણમાં સૌપ્રથમ વક્તા પદે બિરાજ્યાનો લાભ સદ્. મુનિસ્વામીને મળ્યો હતો. તેમની મૂર્તિમાં રહીને કથા કરવાની રીત અને લઢણથી બાપાશ્રી ખૂબ રાજીપો જણાવતા હતા.

સંવત ૧૯૭૩માં ભૂજના સંતોને સંસ્કૃત ભણાવવા તથા ભૂજમાં સંસ્કૃત ગ્રંથોની કથા કરવા માટે ભૂજના સદ્. વિજ્ઞાનદાસજીએ સદ્. મુનિસ્વામીને ભૂજ આવવા વિનંતી કરી. એ જ દિવસે બાપાશ્રીએ રાત્રે સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું, “સ્વામી, ભૂજ આવી જાવ. બે મહિના ભૂજ રહેજો અને બે મહિના અમારી પાસે રહેજો.” ત્યારથી સદ્. મુનિસ્વામી ભૂજ પધારી ગયા. ત્યારબાદ બાપાશ્રીએ સંવત ૧૯૭૪, ૧૯૮૨, ૧૯૮૪માં મોટા મોટા જગન કર્યા હતા. તેમાં પણ વક્તા પદે સદ્. મુનિસ્વામીએ લાભ આપ્યો હતો. તેમને કથા વાંચતાં જોઈ બાપાશ્રી અતિ પ્રસન્ન થતા, ચંદન ચર્ચતા અને કહેતા, “પુરાણી મહારાજ, તમે તો ભારે કામ કરી લીધું. મૂર્તિમાં રહ્યા થકા કથા કરો છો તેથી મહારાજ તથા સંત-હરિભક્ત સર્વે ઘણા રાજી થાય છે.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ભાગ-૨, વાર્તા-૧૩૬

“પુરાણી, તમે જરા વાર આરામ કેમ નથી કરતા ? તમારે કથા વાંચવી તેથી જરા વિસામો કરવો ખપે.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ભાગ-૨, વાર્તા-૧૩૪

### સદ્. મુનિસ્વામીની સાહિત્ય સેવાનું અણમોલ કાર્ય :

સાંપ્રદાયિક ગ્રંથો જ સંપ્રદાયના સિદ્ધાંત, હેતુને યાવદ્ચંદ્રદિવાકરૌ જાળવી રાખે છે. તે ન્યાયે સદ્. મુનિસ્વામીએ બાપાશ્રીએ સમજાવેલ ઉચ્ચ સિદ્ધાંતોને પુષ્ટ કરતા અમૂલ્ય ગ્રંથોની રચના કરી કારણ સત્સંગની અમૂલ્ય સેવા કરી છે. પાંચ ગ્રંથો સદ્. મુનિસ્વામી રચિત છે.

૧. શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત
૨. વચનામૃત ધ્યાન વગેરે
૩. શિક્ષાપત્રી રહસ્ય
૪. શિક્ષાપત્રી રહસ્યાર્થ
૫. અવતાર-અવતારી ભેદ નિરૂપણ

આ ઉપરાંત,

૬. રહસ્યાર્થ વચનામૃત ગ્રંથ સંવત ૨૦૧૫માં ફરીથી છપાવ્યો હતો.

૭-૮. 'અનાદિમુક્ત ચરિત્રામૃત' આ ગ્રંથ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ પદ્યમાં રચ્યા હતા. જેને સદ્. મુનિસ્વામીએ ગદ્યરૂપમાં લખ્યા હતા. અધૂરાં પ્રકરણ પૂરાં કરી તેમાં બાપાશ્રીની સહી કરાવી હતી. બે ગ્રંથ જુદા જુદા પ્રકાશન કરાવ્યા હતા.

૯. પુરુષોત્તમ લીલામૃત સુખસાગર ગ્રંથ સંવત ૨૦૧૬માં ફરી છપાવ્યો હતો.

૧૦. બાપાશ્રી પાટડીમાં પધાર્યાનો ઈતિહાસ સદ્. મુનિસ્વામીની પ્રેરણાથી રચાયો હતો.

એક વખત બાપાશ્રી ભૂજ પધાર્યા હતા. એ વખતે સદ્. મુનિસ્વામીએ 'અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત'ની હસ્તલિખિત પ્રત બાપાશ્રીના કરકમળમાં મૂકી અને આશીર્વાદ માગ્યા ત્યારે બાપાશ્રીએ અતિ પ્રસન્નતા જણાવી પોતાની સહી કરી આપી અને "આ જીવનવૃત્તાંત જે વાંચશે કે સાંભળશે તેનાં દુઃખ, દારિદ્રય ને રોગ જશે અને સુખ, શાંતિ ને સમૃદ્ધિ પામશે અને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થશે. શ્રીજીની કૃપાથી અનાદિમુક્તની પદવીને પામી મૂર્તિનું સુખ ભોગવશે." એવા ખૂબ બળભર્યા આશીર્વાદ આપ્યા હતા.

સદ્. મુનિબાપાએ લખેલ જીવનવૃત્તાંતમાં તેઓએ કારણ સત્સંગના સિદ્ધાંતો અને તત્ત્વજ્ઞાનને પણ સમાવી સિદ્ધાંત પ્રવર્તનના ખૂંટ ખોડ્યા છે.

**સદ્. મુનિસ્વામીનું તપોમય જીવન તથા ધ્યાનાદિ આગ્રહ :**

**તપોમય જીવન :** સદ્. મુનિસ્વામી ભૂજમાં રહેતા ત્યાં સુધી દર ચાતુર્માસમાં એક-બે મહિના ધારણાં-પારણાં કરતા. એક દિવસ ઉપવાસ, બીજા દિવસે એકટાણું, ત્રીજા દિવસે ઉપવાસ, ચોથા દિવસે એકટાણું એમ લાગટ અવરભાવમાં ૭૫ વર્ષની ઉંમર સુધી આ વ્રત કરતા. ૮૫ વર્ષની ઉંમર સુધી તો લગભગ બધી જ એકાદશીના નકોરડા ઉપવાસ કરતા. નિષ્કામશુદ્ધિની એકેએક આજ્ઞાનું અણીશુદ્ધ પાલન કરતા.

બહુધા સાંજે ક્યારેય જમતા નહીં. સવારે કે સાંજે માત્ર દૂધ લેતા. જમાડવામાં જેવું તેવું, જ્યાં ત્યાં ચલવી લેતા. બિલકુલ મરચું લેતા નહીં. બહુધા તાંદળજાની ભાજીનો ઉપયોગ કરતા. એક વાર એક મહિના સુધી સૂરણ તથા તાંદળજાની ભાજી ઉપર રહ્યા હતા. કોઈ વાર સળંગ ત્રણ મહિના એકલી છાશ ઉપર રહેતા. તેથી તેમનું અવરભાવનું શરીર બહુ કૃશ રહેતું.

સદ્. મુનિસ્વામી બહુધા ચાલીને જ વિચરણ કરતા. બાપાશ્રીનાં દર્શન કરવા ભૂજથી વૃષપુર ચાલતા જતા. એક વાર કરાંચી સ્ટેશને હરિભક્તો ગાડી લઈ લેવા આવ્યા હતા તોપણ ચાલતા પધાર્યા. એક વાર સરસપુરમાં બહેચરભાઈ ગજ્જરના ઘરે રસોઈ હતી તો તેઓ ઘોડાગાડી લાવ્યા હોવા છતાં ૮૦ વર્ષની ઉંમરે ચાલતા મંદિરે પધાર્યા હતા. તેઓ દેશી પગરખાં ધારણ કરતા. ૮૫ વર્ષની ઉંમર સુધી તો હાથમાં લાકડી પણ રાખતા નહીં.

**ધ્યાનાદિકનો આગ્રહ :** સદ્. મુનિસ્વામીનું ધ્યાનનું અંગ અવર્ણનીય હતું. દરરોજ સવારે ૩થી ૪ અને સાંજે ૩થી ૫ ધ્યાન કરતા. બાપાશ્રી અંતર્ધાન થઈ ગયા પછી એક વાર ભૂજના રજોઠિયામાં બેસી પલાંઠી વાળી ધ્યાનનો અભ્યાસ કર્યો. ત્યારે તો ઘૂંટુલાના બે પડ ઢીંચણ ઉપર મૂક્યા અને શિખામાં ગાંઠ વાળી અધ્ધર આંકડામાં દોરી ભરાવી સળંગ ચોવીસ કલાક નિર્જળા ઉપવાસ કરી અખંડ ધ્યાનમાં બિરાજ્યા હતા. બીજા દિવસે સ્નાન-પૂજા કરી ફરી બિરાજી ગયેલા. એવી રીતે સળંગ ૪૮ કલાક નિદ્રા લીધા વિના ધ્યાન કર્યું હતું. ક્યારેક દિવસ દરમ્યાન ૬-૬ કલાક ધ્યાન કરતા. ભૂજમાં વિશેષ આ રીતે ધ્યાન કરતા.

સદ્. મુનિસ્વામી પોતે તો આવા અખંડ ધ્યાનના આગ્રહી હતા પરંતુ પોતાના જોગમાં આવનારને પણ ધ્યાનનો આવો આગ્રહ જગાવતા. અમદાવાદના પૂજારી બ્રહ્મચારી રામકૃષ્ણાનંદજીને પણ આવું ધ્યાન કરતા શીખવ્યું હતું. તેથી તેઓ સળંગ બે-ત્રણ દિવસ જળપાન, નિદ્રા, લઘુ આદિકનો ત્યાગ કરી ધ્યાનમાં અખંડ બેસતા.

લગારેક સમયનો અવકાશ મળે કે તુરત સદ્. મુનિસ્વામી ધ્યાનમગ્ન બની જતા. મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી જતા.

**અથાક વિચરણ :** સંતદીક્ષા ગ્રહણ કર્યા પછી સદ્. મુનિસ્વામી પોતાના ગુરુની સાથે તથા ગુરુઆજ્ઞાએ ગામોગામ વિચરણ કરતા. બાપાશ્રીના જોગમાં આવ્યા પછી બાપાશ્રી થકી

મેળવેલ જ્ઞાન-સિદ્ધાંત, શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાની વાતો જોગમાં આવનારને દૃઢ કરાવતા. સદ્. મુનિસ્વામી ગુજરાતમાં વિચરણાર્થે પધારતા ત્યારે ટાઢ, તડકો કે વરસાદ હોય તોપણ ક્યારેય રજા નહીં. ગામડામાં સગવડ ન મળે તોય ૫-૭ દિવસ રોકાઈ કથાવાર્તા કરતા. બપોરે પોઢ્યા હોય ને એકાદ હરિભક્ત દર્શન કરવા આવે તો બેઠા થઈ કથાવાર્તા કરવા માંડતા. એક હરિભક્ત માટે થઈ રાત્રે ૧૨-૧૨ વાગ્યા સુધી વાતું કરતા.

સંવત ૧૯૭૩થી બાપાશ્રીની રુચિ જાણી ભૂજ મંદિરે સદ્. મુનિસ્વામી પધાર્યા હતા. બાપાશ્રી અંતર્ધાન થયા પછી પણ સંવત ૧૯૯૨ સુધી એમ ૨૦ વર્ષ સળંગ ભૂજમાં બિરાજ્યા. આ દરમ્યાન કચ્છના સંત-હરિભક્ત સમાજને કથા-પારાયણો દ્વારા ખૂબ બળિયો કર્યો હતો. ભૂજમાં રહેનાર સંતોને સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો હતો.

સંવત ૧૯૯૨થી ગુજરાતમાં પધાર્યા અને સદ્. ઈશ્વરબાપા તથા સદ્. વૃંદાવનસ્વામીની સેવામાં જોડાયા. સદ્. ઈશ્વરસ્વામીની અવસ્થાના ભાવ હોવાથી તેમના વિચરણનાં ગામો ધમાસણા, વડનગર, ખાખરિયાનાં ગામો, કડી, સરસપુર, પાટડી વગેરેમાં સદ્. મુનિસ્વામી ચાતુર્માસની પારાયણો કરવા જતા.

પાટડીના મુક્તરાજ નાગજીભાઈએ તથા કાલીદાસભાઈએ સદ્. મુનિસ્વામીને પ્રાર્થના કરી કે આપ અહીં પાટડીમાં બિરાજો. તેથી સંવત ૧૯૯૮ના ચૈત્ર વદ પાંચમથી સદ્. મુનિસ્વામીએ પાટડીમાં કાયમી નિવાસ કર્યો. તેમ છતાં સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી અને સદ્. વૃંદાવનદાસજી સ્વામીને જ્યારે પણ સેવામાં જરૂર હોય ત્યારે પાટડીથી તુરત પહોંચી જતા. એટલું જ નહિ, બંને સદ્ગુરુના અંતિમ મંદવાડમાં અંતર્ધાન થયા ત્યાં સુધીની તકની સેવા સદ્. મુનિસ્વામીએ કરી હતી.

બંને સદ્ગુરુ અંતર્ધાન થયા પછી સદ્. મુનિસ્વામી કચ્છ જતા. અમદાવાદમાં સરસપુરમાં ૧૫ દિવસ-મહિનો રોકાતા. આ ઉપરાંત દંઢાવ્યમાં પધારતા. નળકંઠામાં વાંસવા, દદુકા, ઝોલાપુર, થૂલેટા; ઝાલાવાડમાં મૂળી, રામપરા, ધાંટીલા, ધ્રાંગધ્રા આદિક ૧૨ ગામોમાં વિચરતા. ખાખરિયાના મણિપુરા, જોશીપુરા, કમળાપુરા તથા પાટડી તથા વિરમગામની આજુબાજુના ગામોમાં વિચરણ કરતા. અમદાવાદની આજુબાજુના ઝુંડાલ, જમિયતપુરા આદિક ગામોમાં પણ વિચરણ કરતા. કપડવંજ તાલુકાના ગામોમાં પણ કેટલીક વાર પધારતા હતા. સદ્. મુનિસ્વામી બહુધા પગે ચાલીને વિચરણ કરતા.

સંવત ૧૯૯૮થી ૨૦૩૦ સુધી સળંગ ૩૨ વર્ષ પાટડીમાં બિરાજ્યા થકા સમગ્ર ગુજરાતમાં વડોદરા તથા મુંબઈ સુધી અથાક વિચરણ કરી બાપાશ્રીના હેતવાળા સમાજને ખૂબ બળિયો કર્યો હતો.

**સદ્. મુનિસ્વામીના વરદ હસ્તે મંદિરમાં થયેલ મૂર્તિપ્રતિષ્ઠા :**

કચ્છમાં બાપાશ્રીની છત્રીએ ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. આ ઉપરાંત જરવલા બાઈઓ-ભાઈઓ બંને મંદિરની, સૂરજપુરા ભાઈઓના મંદિરની, સેડલા બાઈઓના મંદિરની, મોટા ગોરૈયા બાઈઓના મંદિરની, દદુકા બાઈઓ-ભાઈઓ બંને મંદિરની, નાના ગોરૈયા ભાઈઓના મંદિરની, ડુમાણા બાઈઓના મંદિરની, કમળાપુરા બાઈઓ-ભાઈઓ બેય મંદિરની, રણછોડપુરા ભાઈઓના મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા સદ્. મુનિસ્વામીના વરદ હસ્તે થયેલી છે. તથા ઈ.સ.૧૯૭૪માં ઘનશ્યામનગર મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પૂર્વે સદ્. મુનિસ્વામી ઘનશ્યામનગર મંદિર પાસેથી મોટરગાડીમાં પધાર્યા હતા ત્યારે ગાડીમાં બિરાજ્યા થકા ઘનશ્યામનગર મંદિર પર અમીમય દૃષ્ટિ રેલાવી સિદ્ધાંત પ્રવર્તનના પાયાના મંદિરના અવિચળ ખૂંટ ખોડી અનંત આશીર્વાદ વરસાવ્યા હતા.

સદ્. મુનિસ્વામીનું સમગ્ર જીવનદર્શન એ શબ્દોમાં કંડારી ન શકાય. પણ જે મુમુક્ષુ એમના જીવનને માણી સ્વજીવનમાં તેમની રીતને અનુસરે તે જરૂર એમના જેવા કલ્યાણકારી ગુણોને પામી શકે છે. ત્યારે સદ્. મુનિસ્વામીનાં જીવનદર્શન પરથી પ્રેરણા લઈ તેમના સ્મૃતિ પર્વને ઊજવીએ એ જ અભ્યર્થના.



# સદ્. મુનિબાપા : બાપાશ્રીના અદના સેવક

“શ્રીજી આવ્યા લાવ્યા મુક્તો, ધામ થકી આ વાર;
નરના જેવું નાટક ધારી, જીવો કરે ભવપાર.”

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે પોતાની સર્વોપરી ઉપાસના તથા અનાદિમુક્તની સ્થિતિના મૂળગામી સંકલ્પથી આ બ્રહ્માંડને પાવન કર્યું ત્યારે પોતાના સંકલ્પમાં અનંત મુમુક્ષુ જીવોને ભેળવવા પોતાની સાથે મુક્તોને પણ લાવ્યા. શ્રીહરિના આ અદ્‌ભુત સંકલ્પને પૂર્ણ કરવા અબજીબાપાશ્રીનું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્ય થયું ત્યારે બાપાશ્રી સાથે આવેલા અનેક દિવ્ય મુક્તોમાંના એક અનાદિમુક્ત સત્પુરુષ એટલે જ સદ્‌. મુનિસ્વામી.

સદ્‌. મુનિસ્વામી એટલે જીવનપ્રાણ બાપાશ્રીના રાજીપાનું પૂર્ણપાત્ર. બાપાશ્રી અને સદ્‌. મુનિસ્વામી વચ્ચે અગાધ દિવ્ય પ્રીતડીનાં દર્શન થતાં.

**બાપાશ્રી સાથે પ્રથમ મેળાપ :**

સંવત ૧૯૫૫માં (અષાઢી વર્ષ પ્રમાણે ૧૯૫૬માં) જયપુરને વિષે અબજીબાપાશ્રીનું સદ્‌. મુનિસ્વામી સંગે પ્રથમ મિલન થતાં સદ્‌. મુનિસ્વામીને બાપાશ્રી પ્રતિ અજબનું આકર્ષણ થયું અને સંવત ૧૯૫૭માં બાપાશ્રીના પ્રથમ સમાગમ પછી તો સદ્‌. મુનિસ્વામીને થયું કે, “મને જે ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરવાનો આગ્રહ છે તે મૂર્તિ સિદ્ધ કરવા આ બાપાશ્રીને અંતરથી રાજી કરવા ખપે, એ વિના મૂર્તિનો સાક્ષાત્કાર શક્ય નથી.” પછી તો દસ વર્ષનાં વાણાં વીતી ગયાં. ફરીથી સંવત ૧૯૬૭માં સદ્‌. મુનિસ્વામી સદ્‌. વૃંદાવનબાપા સાથે કચ્છ પધાર્યા ત્યારે બાપાશ્રીના જોગ-સમાગમ અર્થે બળદિયા પધાર્યા. પછી તો વખતોવખત સદ્‌. મુનિસ્વામી બળદિયા પધારી બાપાશ્રીને જોગ-સમાગમ તથા સેવાથી ખૂબ રાજી કરતા.

**બાપાશ્રીની દિવ્યભાવે સેવા :**

સંપ્રદાયની રીત મુજબ ગૃહસ્થાશ્રમ કરતાં ત્યાગાશ્રમની ગરિમા અધિક કહેવાય. ૭૦ વર્ષના વયોવૃદ્ધ ગૃહસ્થ વડીલ પણ ૨૫-૩૦ વર્ષના ત્યાગી સંતને ચરણસ્પર્શ કરે. જ્યારે અહીં અવરભાવની રીતે બાપાશ્રી ગૃહસ્થાશ્રમમાં દર્શન આપતા અને સદ્‌. મુનિસ્વામી ત્યાગાશ્રમમાં દર્શન આપતા. પરંતુ સદ્‌. મુનિસ્વામીએ બાપાશ્રીના સ્વરૂપને કેવું પિછાણ્યું હશે કે બાપાશ્રીએ આ લોકમાં દર્શન આપ્યાં ત્યાં સુધી સદ્‌. મુનિસ્વામી બાપાશ્રીના અદના સેવક બની રહ્યા.

સદ્‌. મુનિસ્વામી પોતાના શિષ્ય સમાજને અહોભાવથી ગુરુ સ્વરૂપની અંગત સેવા કરવાની રીત શીખવતાં કહેતા કે, “બાપાશ્રી પાસે હોઈએ ત્યારે કાયમ ત્રણ વાગ્યે ઊઠી અમે તુંબડાં લઈ કૂવે નાહવા માટે વાડીએ જતા. ત્યાં જળ સીંચીને નહાતા. મોટા સમૈયા હોય ત્યારે તો રાત્રિના ૧૨ વાગ્યા સુધી બાપાશ્રી પાસે બેસી વાતો સાંભળતા. પછી વહેલા નાહી, પૂજા કરી બાપાશ્રી સારુ અમે પાણી ઊનું કરતા ને બાપાશ્રીને નવરાવતા. નાહીને બાપા મંદિરે પધારે ત્યારે નાના સંતો પોતાના કટવેડા (બેસવાનાં આસન) પાથરતા જેથી બાપાશ્રીનાં ચરણ ધૂળવાળાં ન થાય. પછી બાપાશ્રી પૂજા કરવા બેસે ત્યારે અમે પાસે બેસી ચંદન ઘસી આપતા. બાપાશ્રી માનસીપૂજા કરે ત્યારે અમે ધ્યાન કરતા. બાપાશ્રી માળા ફેરવે ત્યારે પ્રદક્ષિણા કરતા ને બાપાશ્રી પ્રદક્ષિણા કરવા ઊભા થાય ત્યારે અમે દંડવત કરતા. આમ ખૂબ દિવ્યભાવે સેવા કરતા.”

સદ્‌. મુનિસ્વામી જ્યારે ભૂજ બિરાજતા ત્યારે ભૂજથી સમાચાર મળે કે કોઈ સંત કે હરિભક્ત બળદિયા જાય છે તો તરત સદ્‌. મુનિસ્વામી ફૂલના હાર ગૂંથી બાપાશ્રી માટે મોકલતા. આમ, સદ્‌. મુનિસ્વામીનું અંતર બાપાશ્રીમય હતું તેથી બાપાશ્રીની નાનામાં નાની સેવાની તક શોધી અહોભાવથી સેવા કરતા. આપણને સદ્‌. મુનિસ્વામી પોતાના દિવ્યજીવનથી શીખવે છે કે આપણને મળેલા સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સેવા આવા દિવ્યભાવથી કરીએ.

•••

સંવત ૧૯૭૨માં બાપાશ્રી છપૈયા સંઘ લઈને પધાર્યા ત્યારે સેવામાં સદ્‌. મુનિસ્વામી સાથે હતા. એ વખતે વાહનોની બહુ સગવડ નહોતી એટલે વધુ પગપાળા ચાલવું પડતું. તેવા સમામાં સદ્‌. મુનિસ્વામીએ બાપાશ્રીની અંગત સેવા કરવામાં બિલકુલ મણા રાખી નહીં. બાપાશ્રીને સમયે સમયે જગાડતા, બાપાશ્રી દાતણ તથા શૌચવિધિ કરી પધારે પછી બાપાશ્રીને સ્નાન કરાવતા. વળી, બાપાશ્રીને અનુકૂળ આવે તેવી રસોઈ કરી જમાડતા, બાપાશ્રી સાથે સંઘમાં આવેલા દરેક હરિભક્તોને પણ સાચવતા. લીલાપુર, સેડલા આદિ ગામોમાં વિચરણ કરતાં કરતાં જ્યારે પાટડી પધાર્યા ત્યારે બાપાશ્રી તથા સંઘની સેવામાં સદ્‌. મુનિસ્વામીને ત્રણ દિવસ અને રાતના અખંડ ઉજાગરા થયેલા. એક મટકું પણ નહિ મારેલું. દિવ્ય સ્વરૂપ બાપાશ્રીથી આ વાત અજાણી થોડી હતી ? ચોથા દિવસે બાપાશ્રીએ કહ્યું, “મુનિ ! પોઢો. તમે બહુ ઉજાગરા કર્યા હોં. તમે અમારી બહુ સેવા કરો છો. અમે તમને મહારાજ પાસે બહુ મોટી મોજ અપાવીશું.” મહિમાની પરાકાષ્ઠા હોય ત્યારે જ આવી સેવા થાય અને મહાત્મ્યની પરાકાષ્ઠાએ જ મૂર્તિનું સુખ શક્ય બને.

જેનું તાદશ્ય દર્શન સદ્. મુનિસ્વામીમાં થાય છે.

●●●

એક વખત વૃષપુરમાં મોટી પારાયણ હતી ત્યારે સાંજે વક્તાનો સાદ બેસી જવાથી કથા કરી શકતા ન હતા. સદ્. મુનિસ્વામી એ વખતે ત્યાં જ બિરાજ્યા હતા. ત્યારે બાપાશ્રીએ કહ્યું, “આ પુરાણી કેશવપ્રિયદાસજી પારાયણ વાંચશે.” તેઓ બાપાશ્રીની મરજી જાણી વક્તા પદે બિરાજી કથા કરવા લાગ્યા. પછી તો સવાર-સાંજ આખો દિવસ સદ્. મુનિસ્વામીએ જ કથાનું રસપાન રેલાવ્યું. તે જોઈ બાપાશ્રી બહુ રાજી થઈ ગયા ને બોલ્યા જે, “અમારી વાડીએ બળદ છે તે ગાડે જોડે તો ગાડે ચાલે, સાંતીએ જોડે તોય ચાલે ને કોશે જોડે તોપણ ચાલે એવા સોજા ને સરળ છે. તેમ આ સંત અમારે બહુ કામ આવે છે. ભૂજ જઈએ તો ત્યાં અમને થાળ કરીને જમાડે, આસન પાથરી દે. સત્સંગના વ્યવહારમાં પણ કામ આવે છે ને વળી કથા-પારાયણમાં પણ કામ આવે છે એવા સરળ છે. આ તો અમારે મૂળીમાં સદ્. બ્રહ્માનંદ સ્વામીના ઘંટીએ ચાલવાનો વૃષભ.” આમ, બાપાશ્રી પ્રતિ સદ્. મુનિસ્વામીની દિવ્યતમ્ પ્રીતિ, આત્મબુદ્ધિનાં દર્શનથી બાપાશ્રી ખૂબ રાજી થતા.

સદ્. મુનિસ્વામી સ્વયં પરભાવી સ્વરૂપ હતા પણ પોતે સાધક બની આપણને સત્પુરુષનું જતન, સત્પુરુષ પ્રતિ પ્રીતિ, સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ, સત્પુરુષની દિવ્યભાવે સેવા-સમાગમ કેવી રીતે કરવાં ? તેની આગવી રીતનાં દર્શન કરાવે છે. આપણે પણ સદ્. મુનિસ્વામીના જીવનમાંથી દિવ્ય પ્રેરણા લઈ આપણને મળેલા દિવ્ય સત્પુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પ્રતિ આવી દિવ્યભાવ સોતી આત્મબુદ્ધિના નાતે જોડાઈએ અને તક મળે ત્યારે ગુરુજીની ખૂબ દિવ્યભાવે સેવા કરીએ.

●●●

સદ્. મુનિસ્વામી તો બાપાશ્રી સાથે અતિશે દિવ્યભાવ સોતી આત્મબુદ્ધિનાં દર્શન કરાવતા તેમ બાપાશ્રીને પણ સદ્. મુનિસ્વામી સાથે અપાર હેત.

એક વખત કચ્છ-રામપુરમાં મોટો યજ્ઞ હતો. તે વખતે સદ્. મુનિસ્વામીનો કથા વાંચતાં વાંચતાં સાદ બેસી ગયો. ત્યારે બાપાશ્રી નિત્ય બાઈઓના મંદિરમાંથી સાકર-એલાયચી નાખેલું ગરમ દૂધ લાવી સ્વામીને આપતા. એક વખત સ્વામીએ કહ્યું, “બાપા, આપ આવો દાખડો શું કરવા કરો છો ? આ સેવક આપનો દાસ છે, આપનાથી મારી આવી સેવા ન થાય.” ત્યારે બાપાશ્રીએ કહ્યું, “તમારે એવી ચિંતા ન કરવી. તમારા જેવા સાધુ સારુ તો હું ૧૦૦ રૂપિયાનું ખર્ચ કરી નાખું; અરે ૨૦૦ રૂપિયાનું ખર્ચ પણ કરી નાખું.”

આમ, બાપાશ્રી પણ સદ્. મુનિસ્વામી પર ખૂબ રાજી હતા.

**બાપાશ્રીના સિદ્ધાંત પ્રવર્તનના અદના સેવક :**

બાપાશ્રીના સદ્. મુનિસ્વામી પરના અત્યંત રાજીપાના પરિપાક રૂપે બાપાશ્રીએ પોતાનો સિદ્ધાંત વારસો સદ્. ઈશ્વરબાપા, સદ્. વૃંદાવનબાપાની સાથે સદ્. મુનિસ્વામીને આપી ભલામણ કરેલી.

બાપાશ્રી છેલ્લી વાર સત્સંગિજીવનના પારાયણ પ્રસંગે ભૂજ પધાર્યા ત્યારે સંવત ૧૯૮૪ના જેઠ સુદ બીજને દિવસ બાપાશ્રીએ સદ્. મુનિસ્વામીને પોતાની નજીક બોલાવી બે હસ્ત તેમના મસ્તકે મૂકી સિદ્ધાંત વારસો આપતાં કહ્યું, “મુનિ, તમે હવે આ સર્વે સત્સંગીઓને સાચવજો. અમે તો હવે વીસ-પચ્ચીસ દિવસના મહેમાન છીએ. અમારે હવે એક આંગડી ઉપર બીજી આંગડી નહિ ફાટે.”

બાપાશ્રી થકી જ્ઞાન-સિદ્ધાંતનો વારસો પામી સદ્. મુનિસ્વામીએ જીવન પર્યંત સિદ્ધાંત પ્રવર્તનને સ્વજીવનનું મુખ્ય કાર્યક્ષેત્ર બનાવી દીધું. બાપાશ્રીએ દેખાતો અવરભાવ અદશ્ય કર્યો ત્યારપછી સંવત ૧૯૯૨ સુધી ભૂજમાં રહી તેઓએ સમગ્ર કચ્છના ગામડાઓમાં બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોનું ખૂબ પ્રવર્તન કર્યું. ત્યારપછી ગુજરાતમાં પધારી સદ્. ઈશ્વરબાપાના ફાળે આવતા ગામડાઓમાં પણ ખૂબ વિચરણ કરી બાપાશ્રી પ્રબોધિત સિદ્ધાંતોનું ખૂબ પ્રવર્તન કર્યું હતું.

શ્રીમુખવાણી વચનામૃત ગ્રંથમાં જે જે વચનામૃતમાં શ્રીહરિએ પોતાના રહસ્યમય સિદ્ધાંતોનો ગૂઢાર્થ તથા પોતાના પ્રાગટ્યના સંકલ્પો ભર્યા છે તેવા ગઢડા પ્રથમ પ્રકરણના ૨૧, ૩૨, ૪૪, ૫૧ તથા પંચાળાનું ૧, ૭ તથા ગઢડા મધ્યના ૧૩ તથા ગઢડા છેલ્લાના ૧૭, ૩૦ આદિક વચનામૃતો સદ્. મુનિસ્વામીએ કંઠસ્થ કરેલાં અને રોજ સવારે ઊઠી આ વચનામૃતો કંઠસ્થ બોલી જતા. વળી, તેઓને નિયમ હતો કે દિવસમાં પાંચ વાર કથા કરવી તો પોતાની કથાવાર્તામાં આ વચનામૃતનાં ગૂઢ રહસ્યો તથા અબજીબાપાશ્રીની વાતોનું પાન બહુધા શ્રોતાજનોને કરાવતા.

આમ, બાપાશ્રીએ પ્રવર્તાવેલા સિદ્ધાંતોને સદ્. મુનિસ્વામીએ અદના સેવક બની છડેચોક પ્રવર્તન કર્યું. સાથે સદ્. મુનિસ્વામીએ એસ.એમ.વી.એસ.ના સમાજને બે દિવ્યપુરુષો ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની અણમોલ ભેટ આપી છે તે આવો આગામી લેખમાં નિહાળીએ.



સદ્. મુનિસ્વામીના ખરા વારસદાર : ગુરુદેવ પ.પૂ. બાપજી

શ્રીહરિના પ્રાગટ્યના સંકલ્પને પૂર્ણ કરવા પૂર્વાપર આયોજનથી મહારાજના સંકલ્પથી અનેક સત્પુરુષો પ્રગટતા હોય છે. શ્રીહરિના સંકલ્પથી આ સત્પુરુષો એકબીજા સાથે અતૂટ કડીથી જોડાયેલા હોય છે. એટલે જ તો શ્રીહરિના સંકલ્પથી બાપાશ્રીનું પ્રાગટ્ય થયું અને બાપાશ્રીના સંકલ્પથી ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રગટ્યા. જેઓ બાપાશ્રીના પરમકૃપાપાત્ર સદ્. મુનિસ્વામીનું શિષ્યત્વ પામી સિદ્ધાંતોના ખરા વારસદાર બની રહ્યા.

દેવુભાઈના (ગુરુદેવ પ.પૂ. બાપજીનું પૂર્વાશ્રમનું નામ) જીવનમાં બાલ્યાવસ્થાથી જ અન્ય દુન્યવી બાળકો કરતાં કંઈક જુદા જ ગુણોનાં દર્શન થતાં. બાલ્યાવસ્થા હોવા છતાં એમનામાં વડીલ જેવું ગંભીરપણું અને ઠાવકાપણું હતું. સિદ્ધાંતવાદી જીવન, તપ, ત્યાગ, વૈરાગ્ય, સરળતા આદિક ગુણોથી તેમની બાલ્યાવસ્થા સૌને દૈદીપ્યમાન દીસતી હતી.

સંવત ૨૦૦૮માં (ઈ.સ. ૧૯૫૨માં) મહાસમર્થ સિદ્ધમુક્ત સદ્. મુનિસ્વામીનો દેવુભાઈને ભેટો થયો. પ્રથમ મિલાપમાં જ દેવુભાઈને સદ્. મુનિસ્વામીનું અનન્ય-અપ્રતિમ ઘેલું લાગ્યું.

સદ્. મુનિસ્વામીનું સંપૂર્ણ આંતરમુખી જીવન, ઠરેલપણું અને સાધુતાના સોળે શણગારથી શોભતી સૌમ્ય મૂર્તિનાં દર્શન થતાં દેવુભાઈને તેમની સાથે અસાધારણ પ્રીતિ બંધાઈ ગઈ. સદ્. મુનિસ્વામી નળકંઠા પધારતા ત્યારે તેઓ બધું ગૌણ કરી સદ્‌ગુરુના સાંનિધ્યમાં રહેવા તથા જોગ-સમાગમ માટે પહોંચી જતા. એટલું જ નહિ, દેવુભાઈ જે હેતુ માટે પધાર્યા હતા તેને પૂર્ણ કરવા ગૃહત્યાગ કરી સંવત ૨૦૧૨માં (ઈ.સ. ૧૯૫૬માં) ૨૩ વર્ષની યુવાન વયે ત્યાગાશ્રમ સ્વીકારી 'સાધુ દેવનંદનદાસજી' નામ ધારણ કર્યું. અને સદ્. મુનિસ્વામીનું જ્ઞાનગુરુ તરીકે શિષ્યત્વ સ્વીકાર્યું. સદ્. મુનિસ્વામીને સેવા-સમાગમે કરીને ખૂબ રાજી કર્યા. તેમને તો માત્ર એક જ આગ્રહ રહ્યા કરતો કે, 'આવું ભવ્ય, પ્રચંડ અને દિવ્ય સ્વરૂપ જ્યાં સુધી આ બ્રહ્માંડમાં બિરાજે છે ત્યાં સુધી મારે તેમનો લાભ લઈ જ લેવો છે. બસ, મારે તો એમના સિદ્ધાંતનો વારસો લેવો છે. સદ્‌ગુરુને રાજી કરી જ લેવા છે.'

કોઠારની, ભંડારની, વાસણ ઘસવાની કે અન્ય કોઈ પણ નાની સેવા હોય કે પછી હરિભક્તોને સાચવવાની સેવા હોય તોપણ ગુરુદેવ પ.પૂ. બાપજીની દૃષ્ટિ તો એકમાત્ર સદ્. મુનિસ્વામીના રાજીપા તરફ જ મંડાયેલી રહેતી. એમાંય સાથી સંતોની કનડગત, મહેણાં-ટોણાં આ બધાંનો તો વરસાદ જ વરસતો, તેમ છતાં તેઓએ કદી એ તરફ લક્ષ્ય આપ્યું જ નહોતું.

ગમે તેટલી સેવા હોય, અરે લાડુ ખાંડતા હોય તોપણ ગુરુદેવ પ.પૂ. બાપજીના કાન તો કથામાં જ મંડાયેલા હોય. એક શબ્દ કથાનો જવા ન દેતા. વળી, ગુરુદેવ પ.પૂ. બાપજીના રૂંવાડે રૂંવાડે સદ્. મુનિસ્વામીનો મહિમા છલકાતો.

એક વખત વૃષપુરમાં બાપાશ્રીના પ્રાસાદિક સ્થાનમાં પારાયણનું આયોજન થયું હતું. પારાયણનું આયોજન મોટા પાયે હતું તેથી હરિભક્તોના ઉતારા, જમાડવા-પોઢાડવા-બેસાડવાની વ્યવસ્થા માટે ઘણું આયોજન કરવું પડે. આ પારાયણની મુખ્ય જવાબદારી સદ્. મુનિસ્વામીના શિરે હતી. પારાયણમાં કથા પણ તેમને વાંચવાની. સદ્. મુનિસ્વામી તો નિરંતર મૂર્તિના સુખમાં જ લુબ્ધ રહેતા. સદ્‌ગુરુની આવી રીત જોઈ સંતોને થતું કે સદ્‌ગુરુને વ્યવહારની બાબતમાં કાંઈ બહુ ખબર પડતી નથી. પારાયણ પ્રસંગે બે-ત્રણ સંતો અંદરોઅંદર ચર્ચા કરતા હતા કે, "મુનિસ્વામીને વ્યવહારમાં બહુ ગમ પડતી નથી. માટે પારાયણમાં બીજા કોઈ મોટા સંતને બોલાવવા જોઈએ." આ ચર્ચાના શબ્દો ગુરુદેવ પ.પૂ. બાપજીના કર્ણપટ પર અથડાયા. તેઓ ક્ષણનોય વિલંબ કર્યા વિના ઊભા થઈ ગયા અને સ્પષ્ટ શબ્દોમાં તેમને જણાવ્યું કે, "ખબડદાર, મારા ગુરુ વિષે ફરી હીણું બોલ્યા છો તો ? તમને શું ખબર પડે ? એ દિવ્યપુરુષ તો હથેળીમાં જળનું ટીપું દેખાય તેમ અનંતકોટિ બ્રહ્માંડોને સાહજિકતાથી દેખી શકે એવા સમર્થ છે, દિવ્ય સ્વરૂપ છે, અંતર્યામી સ્વરૂપ છે. આ તો બધું ઢાંકીને વર્તે છે. અને તમે કહો છો કે એમને ગમ નથી પડતી. એમને બધી જ ખબર પડે છે. પરંતુ તેઓ શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ નિમગ્ન રહે છે. તેમની સ્થિતિનો તમને શું ખ્યાલ હોય ? માટે એમનામાં સંકલ્પ ન કરશો; નહિ તો સોથાં ઊડી જશે." આમ, પ્રસંગોપાત્ત ગુરુદેવ પ.પૂ. બાપજીનો ગુરુમહિમા સહેજે વિલસતો દેખાઈ આવતો.

•••

એક વખત મોટા મંદિરના માજીમહંત તથા કોઠારી સ્વામી ગુરુદેવ પ.પૂ. બાપજીના આસને હરિભક્તોની રસોઈ હોવાથી જમાડવાનું આમંત્રણ આપવા પધાર્યા હતા. તેઓએ જોયું કે ગુરુદેવ પ.પૂ. બાપજીના આસને બધા સદ્‌ગુરુની એક મૂર્તિ હતી જ્યારે સદ્. મુનિસ્વામીની બે મૂર્તિ હતી. આ જોઈ તેઓને આશ્ચર્ય થયું. તેમણે ગુરુદેવ પ.પૂ. બાપજીને પૂછ્યું કે, "દેવસ્વામી, બીજા બધા સદ્‌ગુરુની એક એક મૂર્તિ છે ને આ સદ્. મુનિસ્વામીની બે મૂર્તિ રાખો છો તેનું શું કારણ ?" ત્યારે ગુરુમહિમાથી ઓતપ્રોત એવા ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "સંતો, હું આ મુનિસ્વામીના પ્રતાપે સુખી છું. સ્વામી મારા ગુરુ છે. સૌને મોટા સમજવા પણ પોતાને જેમના થકી સુખ મળ્યું હોય તેમને અતિ મોટા સમજવા. મને સ્વામી થકી સુખ મળ્યું છે એટલે

સ્વામીનો મને ખૂબ મહિમા છે.''

•••

એક વખત સદ્. મુનિસ્વામી અતિ પ્રસન્ન થકા બિરાજ્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી દંડવત-દર્શન કરી બેઠા. સદ્. મુનિસ્વામી અંતર્યામીપણે સંકલ્પ જાણીને બોલ્યા, ''સ્વામી, બોલો શું કહેવું છે ? શું જોઈએ તમારે ?''

ગુરુદેવ પ.પૂ. બાપજી સદ્. મુનિસ્વામીને હસ્ત જોડી પ્રાર્થી રહ્યા કે, ''બાપા, બીજું મારે કાંઈ જોઈતું નથી. રાજી થઈ મને આપના જ્ઞાનનો-સિદ્ધાંતનો વારસો આપો. દયાળુ બસ, મારી તો આ એક જ અરજ છે.''

સદ્. મુનિસ્વામી ગુરુદેવ પ.પૂ. બાપજીનાં પ્રાર્થનાવચન સાંભળી અતિશય રાજી થઈ ગયા. સદ્. મુનિસ્વામી તરત જ બોલ્યા કે, ''સ્વામી, મહારાજના અને બાપાશ્રીના સર્વોપરી સિદ્ધાંતના પ્રચાર માટે તો આપણો જન્મ છે. એ સિદ્ધાંતનો વારસો તો તમે લઈને જ આવ્યા છો; આપવાની જરૂર નથી. માટે અમે ન હોઈએ ત્યારે બાપાશ્રીના હેતવાળા સમગ્ર સમાજને તમે સુખિયો કરજો. બાપાશ્રીનો એમાં બહુ રાજીપો છે.'' એમ કહી સદ્. મુનિસ્વામીએ અતિ પ્રસન્ન થકા પોતાના બંને હસ્ત ગુરુદેવ પ.પૂ. બાપજીના મસ્તક ઉપર મૂકી દીધા અને પોતાના જ્ઞાન-સિદ્ધાંતોનો આધ્યાત્મિક વારસો પોતાના ખરા વારસદારને અર્પણ કર્યો.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીનું ગુરુમુખી જીવન, મહારાજમાં જોડાવાનું અંગ, બાપાશ્રીના સિદ્ધાંતનો પ્રચાર-પ્રસાર કરવાનો આગ્રહ જોઈ સદ્. મુનિબાપા તેમની પર અવારનવાર જાહેર તથા એકાંત સ્થળે ખૂબ રાજીપો દર્શાવતા.

પાટડી મંદિરનું બાંધકામ ચાલતું હતું. જે દિવસોમાં મંદિરનું ધાબું ભર્યું હતું એ અરસામાં એક દિવસ સવારે સભા પૂર્ણ થયા બાદ હરિભક્તોએ સ્વગૃહે પ્રસ્થાન કર્યું. ત્યારબાદ સદ્ગુરુ પાસે બે-ત્રણ હરિભક્તો અને ગુરુદેવ પ.પૂ. બાપજી બિરાજ્યા હતા.

તક જોઈ ગુરુદેવ પ.પૂ. બાપજીએ પ્રાર્થના કરી, ''દયાળુ, શ્રીજીમહારાજની દિવ્યાતિદિવ્ય મૂર્તિના સુખનો અનુભવ કરાવો ને ! અને આપના જેવી દિવ્ય સાધુતા બક્ષો. બાપાશ્રીના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર થાય એવું બળ આપો.''

સદ્. મુનિસ્વામી પ્રાર્થનાથી અતિશય રાજી થયા. બે હસ્ત લાંબા કરી પોતાના વ્હાલસોયા શિષ્યને નજીક બોલાવ્યા. બે હસ્ત વડે મસ્તક ખોળામાં દબાવી ધબ્બો માર્યો. ઘણી વાર સુધી મસ્તક ઉપર હસ્ત ફેરવ્યો. મસ્તક ઉપર હસ્ત ફેરવતાં બાજુમાં બેઠેલા હરિભક્તોને કહ્યું, ''આવો ખરી સાધુતાવાળો અને મૂર્તિમાં રહેનારો સાધુ બ્રહ્માંડમાં ગોત્યો ન જડે.'' આમ, સદ્. મુનિસ્વામીએ ગુરુદેવ પ.પૂ. બાપજી પર અંતરનો અનરાધાર રાજીપો વરસાવ્યો જે રાજીપો સૌ માટે અદશ્યમાન હતો પણ એ રાજીપાનું ફળ આજે સૌને દશ્યમાન છે.

•••

ઈ.સ. ૧૯૭૪નો જાન્યુઆરી માસનો સમય હતો. ઘનશ્યામનગર મંદિરનું બાંધકામ પૂર્ણતાના આરે હતું. મૂર્તિપ્રતિષ્ઠાના દુંદુભિનાદ વાગી રહ્યા હતા. આ અરસામાં સદ્. મુનિસ્વામી ઓઢવ વિસ્તારના કોઈ હરિભક્તના ઘરે પધરામણી પ્રસંગે પધાર્યા હતા. રસ્તામાં ઘનશ્યામનગર મંદિર આવતાં સદ્. મુનિસ્વામીએ ગાડી થંભાવી. ગુરુદેવ પ.પૂ. બાપજીને સમાચાર મળ્યા કે સદ્. મુનિસ્વામી મંદિરના દરવાજા બહાર ગાડીમાં બિરાજ્યા છે. અચાનક ગુરુ પધાર્યાના આનંદમાં ગુરુદેવ પ.પૂ. બાપજી અતિ હર્ષઘેલા બની ગયા. જોડમાં એક સંતને લઈ સદ્. મુનિસ્વામીને નૂતન મંદિરમાં પગલાં-પધરામણી કરાવવા લેવા માટે ગયા.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સદ્. મુનિસ્વામીને દંડવત તથા ચરણસ્પર્શ કરી, ખૂબ ભાવથી જય સ્વામિનારાયણ કહ્યા. નૂતન મંદિરમાં પધારવા પ્રાર્થના કરી. એ વખતે સદ્. મુનિસ્વામી અવરભાવમાં અવસ્થાના ભાવ જણાવતા હતા. તબિયત થોડી નાદુરસ્ત હતી. તેથી સેવક સંતોએ પધરામણીમાં જવા માટે ના પાડી. સદ્. મુનિસ્વામીને અંતરમાં ખૂબ ઈચ્છા હતી. પરંતુ અતિ સૌમ્ય, મૃદુ સ્વરૂપ વિશેષ કાંઈ ન બોલ્યા; શિષ્યની અનુવૃત્તિમાં રહ્યા. પરંતુ ગાડીમાં બિરાજ્યા થકા આશીર્વાદની, રાજીપાની સરવાણી વહાવતાં બોલ્યા, ''હવે ખરેખરા કારણ સત્સંગની શરૂઆત મહારાજ આ સ્થાનથી કરશે અને આ દેવસ્વામી દ્વારા કરશે. અહીંથી કારણ સત્સંગના દિગંતમાં ડંકા વાગશે.'' આવા તો ગુરુદેવ પ.પૂ. બાપજી માટે ઘણાં ઘણાં રાજીપા વચનો કહ્યાં હતાં. જેના પૂ. ભક્તવત્સલસ્વામી સાક્ષી છે. કારણ, સદ્. મુનિસ્વામીએ આ વચનો કહ્યાં ત્યારે તેઓ પૂર્વાશ્રમમાં સદ્. મુનિસ્વામી સાથે પધરામણીમાં હતા અને એ જ ગાડીમાં સાથે બેઠા હતા. તેઓએ સદ્. મુનિસ્વામીના મુખે વરસેલો રાજીપા પ્રવાહ પોતાના સ્મૃતિભંડારમાં ઝીલ્યો હતો. આજે સદ્. મુનિસ્વામીએ વરસાવેલા આશીર્વાદને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી થકી સાકાર થતા જોઈ તેઓ અતિ હર્ષાયમાન થાય છે.

મોટાપુરુષને જેવા જાણે તેવા થવાય એ ન્યાયે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કેવળ નિર્દોષભાવ અને દિવ્યબુદ્ધિએ સદ્.



મુનિબાપાનું સેવન કરી એમના જેવા જ દિવ્ય કલ્યાણકારી ગુણોનો વારસો પામી સદ્. મુનિબાપાની ગરિમા ઓર વધારી દીધી છે. સદ્. મુનિબાપાના જેવી જ સાદગી, સાધુતા, નિર્માનીપણું, કથાવાર્તાનો આગ્રહ, ધ્યાનનો આગ્રહ ગુરુદેવ પ.પૂ. બાપજીમાં ઇદમ્ દર્શિત થાય !! આવો માણીએ ગુરુ-શિષ્યની સામ્યતાને !!

**કથાવાર્તાના આગ્રહી સદ્. મુનિસ્વામી**

શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર સદ્. મુનિસ્વામી દિવસ દરમ્યાન પાંચ વખત કથા કરતા-કરાવતા; પોતે પણ કથામાં બેસતા. કથાવાર્તા દરમ્યાન એવો તો દાબ પડતો કે તેઓ વાતો કરતા ત્યારે કોઈ વ્યક્તિને સભામાંથી ઊઠવાનું મન થતું નહીં. સદ્ગુરુ અમદાવાદ સમૈયામાં પધારતા ત્યારે એકાદશીના નકોરડા ઉપવાસ કરવા છતાંય સવારે ત્રણ વાગ્યે ઊઠી, નાહી, પૂજા, ધ્યાન કરી પાંચ વાગ્યાથી કથાવાર્તા કરવા બિરાજી જતા તો રાત્રિની શયન આરતી થાય ત્યાં સુધી સદ્ગુરુની જ્ઞાનગંગાનો પ્રવાહ અસ્ખલિતપણે વહ્યા કરતો. હરિભક્તો વારાફરતી બદલાતા જાય પણ સદ્ગુરુ અવિરતપણે કથાવાર્તા ચાલુ રાખતા. આવો જ આગ્રહ ગુરુદેવ પ.પૂ. બાપજી જણાવતા. “કથાવાર્તા એ તો મારી દવા છે.” એવું કહેનાર ગુરુદેવ પ.પૂ. બાપજી કથાવાર્તા સાથે અખંડ જોડાયેલા રહેતા. ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનનું અનુશીલન કરતાં બે બાબતો વિશેષ ઊપસી આવે : (૧) અથાક વિચરણ, (૨) કથાવાર્તાનો અવિરત પ્રવાહ.

પોતાની સંપૂર્ણ યુવાન અવસ્થામાં (૨૩ વર્ષની ઉંમરે) સામે શ્રોતાગણ તરીકે ૮૫ વર્ષીય વૃદ્ધ રણછોડભાઈ અમરશીભાઈ મણિયાર એક જ હતા. એ વખતથી કથાવાર્તાનો વણથંભ્યો પ્રવાહ વહેતો થયો જે ૮૭ વર્ષની જૈફ અવસ્થાએ પણ વણથંભ્યો હતો. ગુરુદેવ પ.પૂ. બાપજી જ્યારે મોટા મંદિરે બિરાજતા ત્યારે દિવસના દસ-બાર કલાક કથાવાર્તાનો અવિરત પ્રવાહ વહ્યા કરતો. સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા બાદ તો ગુરુદેવને છૂટો દોર મળી ગયો હોય તેમ ગામોગામ ને દેશોદેશ અવિરત કથાવાર્તા તથા વિચરણની હેલી વરસાવી દીધી.

ગુરુદેવ પ.પૂ. બાપજી વચનામૃતના આચાર્ય અને સર્વોપરી ઉપાસનાના પ્રખર હિમાયતી હતા. તેઓની કથાવાર્તાનું કેન્દ્રબિંદુ શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠા બની રહેતી. તેમ છતાં શ્રોતા વર્ગની પાત્રતા અને જરૂરિયાત મુજબ આત્મીયતા, આત્મબુદ્ધિ, સાધુતા, આત્મનિષ્ઠા, અસ્મિતા જેવા વિવિધ વિષયો લઈ શ્રોતા વર્ગને સર્વાંગપૂર્ણ કરતા.

• • •

ગુરુદેવ મધ્યરાત્રિએ એક દિવસ લઘુ કરવા ઊઠ્યા. તે સમયે એક સંત જાગતા હતા. ગુરુદેવે તેઓને નજીક બોલાવી ઉપાસના તથા સાધુતા ઉપર રાત્રિના ૧:૩૦થી ૪:૩૦ સુધી લાભ આપ્યો. પછી ગુરુદેવ પ.પૂ. બાપજી સંતને પોઢવાની આજ્ઞા કરી, સ્નાન કરવા પધાર્યા.

• • •

ઈ.સ. ૨૦૧૬માં ગુરુદેવ પ.પૂ. બાપજીની છેલ્લી વિદેશયાત્રા હતી. સમગ્ર વિદેશયાત્રા દરમ્યાન ગુરુદેવ પ.પૂ. બાપજી માત્ર ભોજનમાં પંજરી જ ગ્રહણ કરતા. તેમ છતાં હરિભક્તોને સુખિયા કરવા દિવસના સાત-આઠ કલાક લાભ આપતા. ગુરુદેવે એક એક હરિભક્તને કલાકોના કલાકો સુધી બેસાડી જીવમાં મહારાજ પધરાવ્યા છે. આવા એક નહિ, એસ.એમ.વી.એસ. સંસ્થાના સેંકડો હરિભક્તોને અંગત બેસાડી ગુરુદેવે ચાર-છ કલાક દાખડો કરી જીવમાં મહારાજ પધરાવ્યા છે.

**દાસત્વમૂર્તિ સદ્. મુનિસ્વામી**

સદ્. મુનિસ્વામી એટલે દાસત્વભાવની સાક્ષાત્ મૂર્તિ. સદ્ગુરુએ પોતાના જ્ઞાનગુરુ તરીકે બાપાશ્રીને સ્વીકાર્યા. બાપાશ્રી આગળ તેઓ અતિ દાસભાવે વર્તતા.

પોતાના ત્યાગીપણાના ભાવો છોડી સદ્ગુરુ બાપાશ્રીની અંગત સેવાનો દિવ્યભાવે ખૂબ લાભ લેતા. સદ્ગુરુ જ્યારે પણ વૃષપુર પધારતા ત્યારે બાપાશ્રીની આજ્ઞાએ પારાયણ વાંચતા, સેવા કરતા, બાપાશ્રીને રસોઈ કરી જમાડતા, આસન પાથરી આપતા, બાપાશ્રી પોઢતા ત્યારે ચરણસેવા કરતા. સવારે બાપાશ્રી જાગતા ત્યારે દૈહિક ક્રિયા કરાવતા, ગરમ જળ કરી સ્નાન કરાવતા, પૂજા કરાવતા તથા ખૂબ મહિમાથી તિલક-ચાંદલો કરતા... આવી સેવાઓમાં સદ્ગુરુને અવર્ણનીય આનંદ આવતો.

પોતે ગુરુપદે હોવા છતાં ગામડે પણ નિત્ય ચાર વાગ્યે ઊઠી પ્રાતઃ ક્રિયા માટે પધારતા. કોઈને જગાડતા નહીં. કૂવામાંથી જાતે જળ સીંચતા, જાતે વસ્ત્ર ધોઈ નાખતા, સૂકવી દેતા. શિષ્યો પોતાની મેળે સેવા કરે તો ભલે પણ કદી કોઈને સેવાની પ્રેરણા ન કરતા. આ ઉપરાંત પોતે શાક સુધારવા બેસી જતા. ચોમાસામાં મંદિર પણ જાતે ધોતા. આવી અનેકવિધ સેવાઓ દ્વારા સદ્ગુરુનો દાસત્વભાવ અતિ શોભતો. એમની પદરજ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઝીલી હતી.

IIMનો કોઈ ડિગ્રીધારી પણ ગુરુદેવની પરીક્ષામાં નાપાસ થાય એવી તેઓની આધ્યાત્મિક ને વ્યવહારિક કુશળતાને લૌકિક શબ્દોમાં વર્ણવવી કે બુદ્ધિથી માપવી શક્ય નથી. તેમ છતાં નાનામાં નાના સંત કે હરિભક્ત આગળ દાસ થઈને રહેવું તે જ તેઓની પરભાવી સ્થિતિ છે.

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી બપોરે ઠાકોરજી જમાડતા હતા ત્યારે સેવક સંત ગુરુદેવનાં દર્શન કરતાં ઘૂંટણિયાભેર બેઠા હતા. ગુરુદેવને ખ્યાલ હતો કે આ સંતને ઘૂંટણનો દુખાવો છે તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેઓને કહ્યું, “સ્વામી, ખુરશીમાં બેસો.” “દયાળુ, ચાલશે જરૂર નથી.” ત્યારે ગુરુદેવ બોલ્યા, “હું ઊભો થઈને ખુરશી લાવી આપું.” ગુરુદેવ પ.પૂ. બાપજીએ આવું કહ્યું તેથી પૂ. સંત ઊભા થઈ ખુરશીમાં બેઠા. પછી જમાડતાં વાત કરી જે, “સ્વામી, મહારાજે મનેય ચરણની તકલીફ આપી છે; નહિ તો ઊભો થઈને ખુરશી લાવી આપું. આપની સેવા મને મળે ને !”

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીના નાદુરસ્ત સ્વાસ્થ્યને લીધે વિચરણ બંધ થયું. ત્યારબાદ દર ગુરુવારે પસંદગી પામેલ હરિભક્તોની જ્ઞાનસભા ગુરુદેવના સાંનિધ્યમાં વાસણા ખાતે થતી. તા. ૨૪-૫-૨૦૧૮ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી સભામાં પધારી શકે તેમ ન હતા તેથી પૂ. સેવક સંતને મોકલ્યા. પોતે આસને બિરાજી સ્પીકર ચાલુ કરાવી પૂ. સેવક સંતની કથાવાર્તાનું શ્રવણ કર્યું.

પૂ. સેવક સંતને ખ્યાલ આવતાં ગુરુદેવ પ.પૂ. બાપજીને કથાવાર્તા શ્રવણનો હેતુ પૂછ્યો ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સહેજે જણાવ્યું, “અત્યારે અમારાથી કથા થતી નથી તો તમારા મુખે મહારાજ જ કથાવાર્તા કરે છે માટે તેનો લાભ લીધો.”

ગુરુદેવ પ.પૂ. બાપજીના દાસત્વભાવના સમૃદ્ધ ભંડારમાંથી આપણે કિંચિત્ ગ્રહણ કરીશું તોપણ દાસત્વભાવની દુનિયા તરફ પ્રયાણ કરી શકીશું. આમ, ભવ્ય-પ્રચંડ આધ્યાત્મિક વારસો દેનાર તથા ઝીલનાર અને અનેકને એમાં રાચતા કરનારા મુનિબાપાને તથા ગુરુદેવ પ.પૂ. બાપજીને કોટિ કોટિ વંદન.

## SKS Camp

પ્રાણપ્યારા શ્રીજીમહારાજ અને વ્હાલા ગુરુજી રાજી થાય એવું દિવ્યજીવન જીવવાની નેમ લઈને ચાલતા કિશોરો માટે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે તા. ૬-૭-૨૦૨૪થી તા. ૮-૭-૨૦૨૪ એમ ત્રિ-દિવસીય SKS કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્હાલા ગુરુજીના સંકલ્પથી આ કૅમ્પ દરમ્યાન કિશોરમુક્તોને પૂ. સંતોના સાંનિધ્યમાં લર્નિંગ ઍટિટ્યૂડ થીમ આધારિત વિવિધ વિષયો પર કથાવાર્તા, સૅલ્ફ લર્નિંગ, ગ્રૂપ ગોષ્ઠિ, ઍક્ટિવિટી, અંગત બેઠક આદિ માધ્યમો દ્વારા સત્સંગનું સવિશેષ બળ પ્રાપ્ત થયું હતું. આમ, આ કૅમ્પમાં સિલેક્ટેડ કિશોરોએ ‘ગુરુના રાજીપામાં જ રહેવું છે, **SMVS** માટે જ જીવવું છે.’ એવો જીવનધ્યેય નક્કી કરી ઉત્સાહભેર ભાગ લીધો હતો.



ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી : સદ્. મુનિબાપાની અજોડ ભેટ

અનંતાનંત મુમુક્ષુઓને પોતાની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવી અનાદિમુક્તની સ્થિતિ પમાડી મૂર્તિસુખના ભોક્તા કરવાના સંકલ્પથી શ્રીહરિ આ બ્રહ્માંડને વિષે મનુષ્યને મનુષ્ય રૂપે દેખાયા.

પરંતુ સમાજની પાત્રતાના અભાવે શ્રીજીમહારાજનો આ સંકલ્પ યથાર્થ વેગવંતો ન થતાં કચ્છના હરિભક્તોને ભાવિ આશીર્વાદ દઈ માત્ર ૪૯ વર્ષની ઉંમરે અંતર્ધાન લીલા ગ્રહણ કરી. ફરી સંવત ૧૯૦૧માં જીવનપ્રાણ બાપાશ્રી દ્વારા સત્સંગમાં વિચરી કારણ સત્સંગની સ્થાપના કરી. અર્થાત્ બાપાશ્રીએ શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ સૌને ઓળખાવી સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કર્યું અને જોગમાં આવનારને શ્રીજીમહારાજના સ્વરૂપમાં રસબસભાવે જોડાણ કરાવી અનેકને અનાદિની સ્થિતિ કરાવી.

જીવનપ્રાણ બાપાશ્રીએ કારણ સત્સંગ યાવદ્ચંદ્રદિવાકરૌ યથાવત્ જળવાયેલો રહે, દિન-પ્રતિદિન તેનો વિકાસ વિશ્વવ્યાપી થાય તે હેતુથી વાસણ ગામે જેઠાભાઈને 'આધા તુમ્હારા, આધા હમારા'ના આશીર્વાદ આપી ગુરુદેવ પ.પૂ. બાપજી જેવા સર્વોપરી ઉપાસનાના ક્રાંતિકારી સત્પુરુષની કારણ સત્સંગને ભેટ આપી. એટલું જ નહિ, શ્રીહરિના પ્રાગટ્યના સંકલ્પને વધુ વેગવંતો બનાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂર્વાશ્રમમાં હતા ત્યારે જ પોતાના ભાવિ અનુગામી વારસદાર તરીકેના પૂર્વાપર આયોજન રૂપે સદ્. મુનિબાપા પાસે દદુકાના શ્રી કેશવલાલભાઈ નંદાણીને 'આધા તુમ્હારા, આધા હમારા'ના આશીર્વાદ અપાવી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને માગી લીધા હતા.

સંવત ૨૦૧૨ની સાલમાં સદ્. શ્રી મુનિસ્વામી પારાયણ પ્રસંગે દદુકા પધાર્યા હતા. સદ્. મુનિસ્વામી પધાર્યાના સમાચાર મળતાં ગામના તથા આસપાસના હરિભક્તો દર્શન-સમાગમ માટે આવવા લાગ્યા. નજીકના વાસણ ગામથી દેવુભાઈને (ગુરુદેવ પ.પૂ. બાપજીને) સમાચાર મળતાં તેઓ પણ પધાર્યા હતા.

સવારના સમયે સદ્ગુરુશ્રી પ્રસન્ન થકા પ્રદક્ષિણા ફરી રહ્યા હતા. દદુકાના અગ્રણી હરિભક્ત પ.ભ. શ્રી કેશવલાલભાઈ નંદાણી દર્શને આવ્યા. ત્યારે દદુકા પધારેલ મિત્ર દેવુભાઈને વાત કરી કે, "સદ્. મુનિસ્વામી બહુ મોટાપુરુષ છે. તેઓ રાજી થાય તો અમારે ત્યાં એક સેવક આપે." દેવુભાઈએ કેશવલાલની વાત સાંભળી પોતાના ભાવિ અનુગામી વારસદારના પૂર્વાપર આયોજન રૂપે સદ્. મુનિસ્વામીને પ્રાર્થના કરી કે, "દયાળુ, આ કેશવલાલને એકેય પુત્ર નથી તો આપ કૃપા કરી એવા આશીર્વાદ આપો કે તેમને ત્યાં મુક્ત પ્રગટ થાય."

અને શ્રીહરિના સંકલ્પ સમા સદ્ગુરુશ્રીના મુખે સ્વયં શ્રીજીમહારાજ બોલ્યા, "મહારાજ દયા કરશે. એક નહિ, બે દીકરા આપશે પણ આધા તુમ્હારા, આધા હમારા." અને સદ્. મુનિસ્વામીના આશીર્વાદથી કેશવલાલભાઈના ઘરે સંવત ૨૦૧૩માં પ.ભ. શ્રી જગદીશભાઈનો જન્મ થયો અને સંવત ૨૦૧૫માં તા. ૮-૧૦-૧૯૫૯ ને ગુરુવારના મહામંગલકારી દિને 'આધા હમારા' એટલે કે પોતાના આધ્યાત્મિક વારસદાર સમા મુક્તરાજ ઘનશ્યામભાઈ એટલે કે આપણા સૌનાય લાડીલા અને દિવ્યજીવન પ્રદાતા, ગુરુદેવ પ.પૂ. બાપજીના આધ્યાત્મિક અને વ્યવહારિક વારસદાર એવા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી અર્થાત્ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું પ્રાગટ્ય થયું.

સદ્. મુનિબાપાએ શ્રીહરિના દિવ્ય સંકલ્પને આ બ્રહ્માંડમાં પ્રગટ કર્યો અને તે સાથે આ દદુકા ગામ સંપ્રદાયના ઈતિહાસમાં અમર થઈ ગયું.

સર્વોપરી ઉપાસનાના અવિચળ ખૂંટ ખોડવાનું મહાભિનિષ્ક્રમણ કાર્ય ગુરુદેવે ખૂબ જહેમત ઉઠાવી પૂર્ણ કર્યું. પરંતુ અનંતને અનાદિની સ્થિતિ કરાવવાનું કાર્ય વ્હાલા ગુરુજીને સોંપ્યું છે. શ્રીજીમહારાજના આ પ્રાગટ્યના મૂળ સંકલ્પને પૂર્ણ કરવા પધારેલું દિવ્ય સ્વરૂપ એટલે વ્હાલા ગુરુજી. જે સદ્. મુનિબાપાના આશીર્વાદથી મળેલી અણમોલ ભેટ છે !! સમગ્ર કારણ સત્સંગ એમાંય એસ.એમ.વી.એસ.નો સમાજ આ અણમોલ ભેટ પામી સદ્. મુનિબાપાનો સદાયનો ઋણી બની રહેશે.

આવો, માણીએ સદ્. મુનિબાપાની અણમોલ ભેટ સમા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના સદ્. મુનિસ્વામી સાથેનાં સુખદ સંભારણાંને...

બાલ્યાવસ્થાથી જ ઘનશ્યામભાઈને (પ.પૂ. સ્વામીશ્રીને) સદ્. મુનિસ્વામી સાથે મીન સ્નેહી જળ જેવું હેત હતું. ઘનશ્યામભાઈ સદ્. મુનિસ્વામી વગર રહી ન શકતા ને સદ્. મુનિસ્વામી ઘનશ્યામભાઈ વગર રહી ન શકતા. અવરભાવમાં ઘનશ્યામભાઈની ઉંમર ૯ વર્ષની અને સદ્ગુરુની ઉંમર ૯૨ વર્ષની હતી. છતાં તેઓને ઉંમરનો ભેદ ક્યારેય નડ્યો જ નથી.

સદ્. મુનિસ્વામી પધારે એટલે તો જાણે ઘનશ્યામભાઈને

ઘી-ગૉળનાં ગાડાં આવ્યાં. ઘનશ્યામભાઈને કોઈ મિત્ર નહોતા. તેમના મિત્ર સદ્. મુનિબાપા. શાળામાં વૅકેશન પડે એટલે બીજે ક્યાંય ન જાય. સદ્. મુનિસ્વામી પાસે જવા મનોમન સાચા ભાવે પ્રાર્થના કરે, ‘‘સ્વામી, આપ અત્યારે ક્યાં બિરાજો છો? આપનો દીકરો ત્યાં આવી જાય?’’

અંતર્યામીપણે પ્રાર્થના સાંભળી સદ્‌ગુરુ તરત દિવ્ય રૂપે દર્શન આપી કહેતા, ‘‘મારા દીકરા, અમે વિરમગામ છીએ, અમે પાટડી છીએ. આવી જા. અમે તારી રાહ જોઈએ છીએ.’’ અને બીજે જ દિવસે તેઓ સદ્‌ગુરુ જ્યાં બિરાજતા હોય ત્યાં પહોંચી જતા. આવી રીતે સદ્. મુનિબાપાએ ૨૦ વખત દિવ્ય રૂપે દર્શન દઈ તેઓના મનોરથ પૂર્ણ કરેલા.

આમ, પાટડી, સાણંદ, ઝોલાપુર, વાસણ, વાંસવા, કમળાપુરા, જોષીપુરા, વિસતપુરા, નારીચાણા, ધોળી, વીરસદ આદિ ગામોમાં ઘનશ્યામભાઈએ સદ્. મુનિસ્વામી સાથે વિચરણમાં લાભ લીધેલો.

•••

ઘનશ્યામભાઈ પર સદ્‌ગુરુનો અપાર રાજીપો હતો. ઘણી વાર એકાદશીના દિવસે સદ્. મુનિસ્વામી ફરાળ જમાડતા ત્યારે સામે ચાલી ઘનશ્યામભાઈને કહેતા, ‘‘લે, આજે ફરાળી-ચોખ્ખી વસ્તુ છે; તારાથી અમને પીરસાય.’’ કહી કાતરી પીરસવાની સેવા ઘનશ્યામભાઈના હસ્તે સ્વીકારતા.

•••

સદ્. મુનિસ્વામી સાથેની આગવી પ્રીતિ અને આત્મબુદ્ધિના નાતે સદ્‌ગુરુ પણ તેઓની અલ્પ કસરને ચલવી લેતા નહીં.

એક વખત સદ્. મુનિસ્વામી દદુકા પધારેલા. સમાચાર મળતાં ઘનશ્યામભાઈ સદ્‌ગુરુનાં દર્શને મંદિરે પહોંચી ગયા. સદ્‌ગુરુના ખોળામાં મસ્તક મૂકી દર્શન કરવા ગયા ત્યાં તો તેમના ખિસ્સામાંથી નાની લક્સ સાબુની ગોટી સદ્‌ગુરુના ખોળામાં પડી. આ જોઈ સદ્‌ગુરુએ તરત પૂછ્યું, ‘‘ઘનશ્યામ, આ વળી શું લાવ્યો ?’’ ઘનશ્યામભાઈ બોલ્યા, ‘‘બાપા, આ તો સાબુની ગોટી છે.’’ ‘‘તે આ ગોટીનું શું કરવાનું ?’’ ‘‘બાપા, એનો નાહવા માટે ઉપયોગ કરવાનો હોય.’’ આટલું જ્યાં ઘનશ્યામભાઈ બોલ્યા ત્યાં તો સદ્. મુનિસ્વામીએ તેઓને રાજીપાલક્ષી મર્મ વચનમાં કહ્યું, ‘‘ઘનશ્યામ, આપણે દેહને શણગારવા નથી આવ્યા; આત્માને શણગારવા આવ્યા છીએ.’’ આટલું કહી સાબુની ગોટી હસ્તમાં લઈ દૂર ફેંકી દીધી. આ પ્રસંગની સ્મૃતિ કરતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કાયમ કહેતા હોય છે કે, ‘‘સ્વામીની મરજી જાણી તે દિવસથી અમે આ શરીર પર સાબુ અડાડ્યો નથી.’’

•••

સદ્. મુનિસ્વામી દદુકા પધારે ત્યારે ઘનશ્યામભાઈ મોટેભાગે રાત્રે મંદિરે પોઢવા જતા રહેતા. મંદિરનો પ્રવેશદ્વાર અને ઘરનો દરવાજો બરોબર સામસામે જ; વચ્ચે માત્ર શેરી-રસ્તો છતાં તેમને પોઢવાનું તો પોતાની વ્હાલસોયી મા સદ્. મુનિસ્વામી પાસે જ.

સવારમાં ઘનશ્યામભાઈ હરિભક્તો સાથે કૂઈમાંથી પાણી સીંચી સદ્‌ગુરુને સ્નાન કરાવવાનો લાભ લેતા અને સદ્‌ગુરુનો રાજીપો પ્રાપ્ત કરતા. બાલ્યાવસ્થાથી જ ઘનશ્યામભાઈએ સદ્. મુનિસ્વામીનું નિર્દોષબુદ્ધિએ સેવન કરી સદ્‌ગુરુના દિવ્ય કલ્યાણકારી ગુણોને સાંગોપાંગ દૃઢ કરી લીધા હોય તેવાં આજે દર્શન વ્હાલા ગુરુજીમાં થઈ રહ્યાં છે.

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી કાયમ કહેતા કે, ‘‘સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજ સુધી અનેક સદ્‌ગુરુ આવ્યા પણ સ્વામી એટલે સ્વામી !! સંપ્રદાયના તમામ સાધુને એક પલ્લામાં મૂકો ને સ્વામીને એક પલ્લામાં મૂકો તોય સ્વામીનું પલ્લું નમતું જ રહે.’’ આવા અજોડ સત્પુરુષની ભેટ સદ્. મુનિસ્વામીએ આપી આપણને ખૂબ કૃપાવંત કર્યા છે. સદ્. મુનિબાપાએ અદ્દલ એમની પ્રતિકૃતિ સમ ગુરુજીની ભેટ આપી છે.

વ્હાલા ગુરુજીમાં અનંત સદ્‌ગુરુનાં દર્શન થતાં હોય તો તેઓ જેમના આશીર્વાદથી પ્રગટ થયા છે તેમના અનંત કલ્યાણકારી ગુણોનાં દર્શન તો તેઓમાં સાંગોપાંગ થાય જ ને ! આવો માણીએ સદ્‌ગુરુ-ગુરુજીની સમત્વતાને !!

### વૈરાગ્યમૂર્તિ સદ્. મુનિસ્વામી

વૈરાગ્યમૂર્તિ સદ્. મુનિસ્વામી પૂર્વાશ્રમમાં હતા ત્યારે પોતાની માતાને કહેતા જે, ‘‘મા, તમે ઘણી વખત કહો છો કે, મહારાજે વચનામૃતમાં લખ્યું છે કે જીવ સમુદ્ર જેટલું માનું દૂધ પીવે ત્યારે તેને મનુષ્યદેહ મળે છે. તો આપણા અને અનંત જીવોના જન્મમરણના ફેરા ટાળવા મને સંસાર છોડવા દે ને !’’ હરિબા કહેતાં જે, ‘‘ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ભગવાન ભજાય અને પમાય; મોટો સિદ્ધ ન જોયો હોય તો !’’ ત્યારે વળી મુક્તરાજ કહેતા, ‘‘તો મા, તું રોજ સૂતા પહેલાં નિયમ કરે છે ત્યારે ગાય છે ને – ‘રે શ્યામ તમે સાચું નાણું...’ એનું શું ?’’

હરિબા હાથમાં વેલણ લઈ મુક્તરાજને કહેતાં, ‘‘મારા

રોયા, વેણ પર વેણ દે છે ? મોટો મુક્તાનંદ થઈ ગયો ! ઊભો રહે, તેં મને મુક્તાનંદ ને પ્રેમાનંદ ચખાડ્યા ! હું તને બ્રહ્માનંદ ચખાડું.'' મુક્તરાજે કહ્યું, ''મા, બ્રહ્માનંદ ચખાડવા હોય તો તું મારી માડી મટીને ભૂધરજીને મારી માડી થવા દે તો તુંય છૂટીશ, હુંયે છૂટીશ અને કેટલાયને છોડાવીશ.'' સદ્‌ગુરુની આવી સંસાર પરત્વેની અનાસક્તિ બાલ્યાવસ્થાથી દર્શિત થતી. આમ, વૈરાગ્યમૂર્તિ સદ્. મુનિસ્વામીની અદ્દલ પ્રતિકૃતિ એટલે આપણા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

વ્હાલા ગુરુજી બાલ્યાવસ્થાથી જ સાધુ જીવન જીવતા.

ગામમાંથી કોઈ લગ્ન કરવા જતા હોય અથવા ફુલેકું નીકળે ત્યારે તેઓ અવશ્ય કહેતા જે, ''જો, આ (વરરાજા) કૂવામાં પડવા જાય છે ને પાછળ ચાલનારા (જાનૈયા) તેને કૂવામાં પાડવા જાય છે.'' ગુરુજી કૉલેજમાં ભણવા જતા ત્યારે હળાહળ કળિયુગની વચ્ચે સત્યયુગની ઝાંખી કરાવતા હોય તેમ હાથમાં માળા, મુખમાં સ્વામિનારાયણનું ભજન તથા અંતરથી સંસાર પરત્વેની સંપૂર્ણ અનાસક્તિ વર્તતી.

તેઓ ઘણી વાર કહેતા હોય છે, ''અમે ૨૧ વર્ષ સુધી દાંતનો ઉપયોગ કર્યો નહોતો અર્થાત્ જે જમીએ તેમાં લોટો ભરીને પાણી નાખી, મેળાવી જમી જઈએ. તેમાં ચાવવાનો પ્રશ્ન જ ક્યાં આવે ? વળી, અમો પૂર્વાશ્રમમાં હતા ત્યારે મામા-ફઈ-માસી કોને કહેવાય તેની ખબર જ પડતી નહોતી. અરે ! સ્ત્રી-પુરુષના ભેદનો પણ ખ્યાલ ન હતો.''

ઘનશ્યામભાઈએ ૧૫ વર્ષની ઉંમરે સાડા પાંચ મહિના ધારણાં-પારણાં કર્યાં હતા. વર્તમાનકાળે પણ ગુરુજી એકાદશી માત્ર લિક્વિડ લઈને જ કરે છે.

### ધ્યાનના આગ્રહી સદ્. મુનિસ્વામી

સદ્‌ગુરુને દરરોજ રાત્રે ધ્યાનનો નિયમ હતો. બાપાશ્રી પોઢ્યા હોય ત્યારે સદ્‌ગુરુ બાપાશ્રી પાસે બેસીને ધ્યાન કરતા. બાપાશ્રી અંતર્ધાન થયા બાદ સદ્‌ગુરુ નિત્ય સવારે ૩થી ૪, બપોરે ૩થી ૫ વાગ્યા સુધી ધ્યાન કરતા.

સદ્. મુનિસ્વામીનો ધ્યાનનો આગ્રહ એટલો બધો કે રાત્રે બધાની સાથે પોઢી જતા. પરંતુ થોડીક વાર થાય ત્યાં તો પોતે જાગી જતા એટલે નેત્ર બંધ કરી સ્વસ્તિક આસન વાળી ધ્યાનમાં બેસી જતા અને એવા ઊંડા ઊતરી જતા કે સ્થળ, સમય અને દેહનું પણ ભાન ન રહેતું. અડધી રાત્રે કોઈ સેવક ઊઠે તો સદ્‌ગુરુશ્રીનાં કાયમ ધ્યાનસ્થ સ્થિતિમાં જ દર્શન થતાં.

જ્યારે બાપાશ્રી પોઢ્યા હોય કે પૂજા કરતા હોય ત્યારે પોતે તો બહુધા ધ્યાનમાં જ બેસી જતા. એક વખત રાત્રે બાપાશ્રીની બાજુમાં સદ્‌ગુરુશ્રી ધ્યાન કરતા હતા અને અંધારું હતું. એવામાં બાપાશ્રી જાગ્યા અને લઘુ કરવા ઊઠ્યા. તે ચાલતાં અંધારામાં ખ્યાલ ન રહ્યો અને બાપાશ્રીનો ચરણ સદ્. મુનિસ્વામીને વાગ્યો (એટલે કે બાપાશ્રીને ઠેબું આવ્યું). ત્યારે બાપાશ્રીએ કહ્યું, ''કોણ છે ?'' તો સદ્. મુનિસ્વામીએ કહ્યું, ''બાપા ! આ તો હું, પુરાણી.''

બાપાશ્રીએ કહ્યું, ''ઓહોહોહો... પુરાણી ! બચ્ચા ! હજી જાગો છો ? ધ્યાન કરો છો કે શું ? પોઢી જાવ, પોઢી જાવ.'' એમ કરી બાપાશ્રી ઉઘાડા શરીરે મળ્યા ને કહ્યું જે, ''તમારો આગ્રહ તો આગળના સંતો જેવો છે.'' વ્હાલા ગુરુજી એટલે જાણે સદ્. મુનિબાપાના અનુકૃતિ જ જોઈ લ્યો.

એક વખત સદ્. મુનિસ્વામી રાત્રે લઘુ કરવા માટે મચ્છરદાનીમાંથી બહાર નીકળ્યા ને ચરણ ઘનશ્યામભાઈના હસ્ત પર પડ્યો એટલે સદ્‌ગુરુ ચમક્યા, ''કૂણ સે ? (કોણ છે ?)'' ધીરા સ્વરે ઘનશ્યામભાઈ બોલ્યા, ''આપનો દીકરો.''સદ્‌ગુરુએ પૂછ્યું, ''અત્યારે અડધી રાત્રે શું કરે છે ? કેમ જાગે છે ?'' ઘનશ્યામભાઈએ કહ્યું, ''બાપા, ધ્યાન કરું છું.'' સદ્‌ગુરુએ પૂછ્યું, ''ધ્યાન ! કોનું ધ્યાન કરે છે ?'' ઘનશ્યામભાઈ બોલ્યા, ''બાપા આપનું.'' સદ્‌ગુરુ ચોંક્યા, ''હેં મારું ? ધ્યાન તો મહારાજનું થાય. બીજા કોઈનુંય ન થાય.'' આ સાંભળી ઘનશ્યામભાઈએ કહ્યું, ''એ તો બાપા આપ ધ્યાન કરતા હતા એટલે આપનાં દર્શન કરતો હતો એ એવું ધ્યાન. પણ મને મહારાજનું ધ્યાન કરતા નથી આવડતું.'' આહાહા... જેઓ સ્વયં સિદ્ધ છે, જેઓ સ્વયં શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા છે એને વળી ધ્યાન ન આવડે ! અરે અનંતને જ્ઞાન-ધ્યાનના મજરા કરાવી મૂર્તિમાં રમણ કરી દેનારું સ્વરૂપ છે છતાં સત્પુરુષની આગળ અહમ્‌શૂન્ય રહેવાની કેવી અલૌકિક રીત શીખવી છે ! ઘનશ્યામભાઈનાં વચનો સાંભળી સદ્‌ગુરુએ દિવ્ય હાસ્ય રેલાવ્યું અને તેઓનું મસ્તક પોતાના ખોળામાં મૂકી આખી રાત સુખ આપ્યું. અને એ દિવસથી અખંડ મૂર્તિમાં નિમગ્ન કરી દીધા એવું વ્હાલા ગુરુજી દાસત્વભાવે કાયમ કહેતા હોય છે.

ગુરુજી પૂર્વાશ્રમમાં હતા ત્યારે દિવસે અભ્યાસ કરતા અને રાત્રે ધ્યાન કરતા. શહેર વિસ્તારમાં સત્સંગ અર્થે ગુરુદેવે લાંબેશ્વરની પોળમાં હરિભક્તો જોડે ભૂતિયું મકાન રખાવેલું ત્યાં ગુરુજી દિવસ દરમ્યાન કૉલેજની પરીક્ષાની તૈયારી કરતા અને



રાત્રે ત્યાં બેસી કડકડતી ઠંડીમાં આખી રાત ધ્યાન કરતા.

વર્તમાનકાળે પણ ગુરુજી અવારનવાર ૧૦-૧૫-૩૦ દિવસ સુધી એકાંત તથા ધ્યાનકુટિર કરતા હોય છે. તે દરમ્યાન તેઓ કોઈનું મુખ સુધ્ધાં જોતા નથી.

ગત તા. ૨૯-૬-૨૦૨૪થી તા. ૧૩-૭-૨૦૨૪ એમ ૧૫ દિવસ અનાદિમુક્ત વિશ્વમ્‌ની ભૂમિ પર પધારી ગુરુજીએ ધ્યાનકુટિર કરેલી જેમાં ગુરુજીનો ધ્યાનનો આગ્રહ દર્શિત થાય છે. અરે, સમગ્ર સંત-હરિભક્ત સમાજને પણ ધ્યાનના માર્ગે આગળ વધારવા તેઓ વર્ષમાં એક-બે વાર તેમના માટે ધ્યાન કુટિરનું આયોજન કરવાની પ્રેરણા આપતા હોય છે.

### પરભાવના આગ્રહી સદ્. મુનિસ્વામી

સદ્‌ગુરુની પરભાવી સ્થિતિ પણ અલૌકિક હતી. એક વખત લંડનથી હરિભક્તો પાટડી સદ્‌ગુરુનાં દર્શન કરવા આવ્યા. જોડે રહેલા સંતોએ થોડા ભારમાં આવી જઈ કહ્યું, “સ્વામી, આ હરિભક્તો લંડન રહે છે.” જેમને દેશ-વિદેશ કે અવરભાવના ભાવો નથી એવા સદ્‌ગુરુ અલમસ્તાઈથી બોલ્યા, “ભગવાને જન્મ આપ્યો છે તો ક્યાંક તો રહેતા જ હશે ને !” સદ્‌ગુરુની પરભાવી ફોરમથી નિકટના સર્વે સંતો-હરિભક્તો અંજાઈ જતા. સદ્. મુનિસ્વામીની આવી પરભાવી અલૌકિક સ્થિતિનાં દર્શન વર્તમાનકાળે વ્હાલા ગુરુજીમાં આબેહૂબ થઈ રહ્યાં છે.

વ્હાલા ગુરુજીના અવરભાવના સમગ્ર વ્યક્તિત્વમાં નર્યો પરભાવ પ્રગટે છે. એમની દરેક વાતે, દરેક શબ્દે, દરેક ક્રિયામાં નરી પરભાવી સુવાસ ઝરે છે.

તા. ૨૭-૩-૨૦૧૮ની સંકલ્પ સભામાં ગુરુજીને એક પાછળ બેઠેલા ઘરના મોટેરા હરિભક્તને આગળ બોલાવવા હતા. પરંતુ અવરભાવનું તેમનું નામ યાદ નહોતું આવતું. પછી કહ્યું, “મારી જોડે સેવામાં રહેલ સંતને જોઈને ઘણી વાર થાય કે આ સંતને મેં ક્યાંક જોયા છે. અમે પરભાવમાંથી બહાર આવીએ તો જ તેમને ઓળખી શકીએ.” આમ, તેમણે દયા કરી પોતાની પરભાવી સ્થિતિ જણાવી, તે હરિભક્તને ઈશારાથી સભામાં આગળ બેસવા બોલાવ્યા.

આ તો માત્ર એક પ્રસંગ ટાંક્યો છે. ગુરુજીના જીવનમાં તો પળે પળે, દરેક ક્રિયાએ કેવળ પરભાવ જ ઝરતો હોય છે.

વ્હાલા ગુરુજી સદ્. મુનિસ્વામી જેવા મહાસમર્થ સદ્‌ગુરુ સાથે આત્મબુદ્ધિના નાતે જોડાઈ, નિર્દોષબુદ્ધિએ સેવન કરી તેમનો અંતરનો રાજીપો કમાઈ સદ્‌ગુરુના અનંત કલ્યાણકારી ગુણો પામ્યા તેમ આપણને પણ એવા જ મહાસમર્થ સત્પુરુષ ગુરુજીની ભેટ મળી છે ત્યારે ગુરુજી સાથે આગવું હેત કરીએ. આપણા સેન્ટરમાં ગુરુજી પધારે ત્યારે તેમનાં દર્શન, સેવા, સમાગમનો દિવ્યભાવે લાભ લઈએ. તેઓ આપણને નિધડકપણે આપણી ભૂલ-કસરને ઓળખાવી શકે તેવા મા-દીકરાના નાતે જોડાઈએ. ગુરુજીના પરભાવી ગુણોનું આચમન કરી આપણે પણ એમના જેવા ગુણો પામવાના આગ્રહી બનીએ. એ જ મળેલા સત્પુરુષનું યથાર્થ મહાત્મ્ય સમજ્યા કહેવાઈએ.



સદ્. મુનિસ્વામી મહાસમર્થ સ્થિતિવાળા સ્વસિદ્ધ અનાદિમુક્ત હતા છતાં સાધનિકને દાસત્વભાવની રીત શીખવવા વિનય વચને મૂર્તિસુખનો અનુભવ કરાવવાની બાપાશ્રી આગળ પ્રાર્થના કરતા. ક્યારેક પ્રાર્થનાપત્ર લખીને પણ દાસત્વભાવનાં દર્શન કરાવતા. અત્રે સદ્. મુનિસ્વામીએ જીવનપ્રાણ બાપાશ્રીને લખેલ પત્રના કેટલાક અંશો આપવામાં આવ્યા છે. તેમાંથી મોટાપુરુષને કેવા ઉદ્‌બોધનથી નવાજવા ? કેવી પ્રાર્થના કરવી ? તેની પ્રેરણા પામીએ.

### બાપાશ્રી ઉપર સદ્. મુનિસ્વામીનો પત્ર

સ્વસ્તિ શ્રી વૃષપુર મહા શુભસ્થાને વિરાજમાન, શ્રીજીમહારાજની ઇચ્છાથી મુમુક્ષુ જીવોને મૂર્તિના સુખની પ્રાપ્તિરૂપ આત્યંતિક મોક્ષ કરવા સારુ જેમનું પ્રગટપણું છે એવા અને શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ તથા સદા દિવ્ય મૂર્તિ અને માયા ને માયાના ગુણ તથા માયાનાં પદાર્થ તે જેમને કિંચિત્‌માત્ર પણ મોહ પમાડવા સમર્થ નથી અને પોતાનો સમાગમ કરનારાનું અજ્ઞાન ને અંતઃશત્રુનો નાશ કરીને છતે દેહે મૂર્તિનું સુખ પમાડનારા એવા પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિજીના સ્વરૂપમાં રસબસ રહેલા પરમ અનાદિ મહામુક્તરાજ શ્રી પ્રાણપ્રિય અબજીભાઈની પવિત્ર સેવામાં લિ. આપનો આજ્ઞાંકિત દાસાનુદાસ દીન સેવક સાધુ કેશવપ્રિયદાસજીના અનંત વાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ તથા સ્તુતિ-પ્રાર્થના આપના કોમળ ચરણની દિવ્ય સેવામાં અંગીકાર કરશોજી.

આ દીન સેવકની વિનંતી-પ્રાર્થના સાંભળી વિશેષ કૃપા કરશોજી. હે અનાદિમુક્તરાજ ! હું આપના કહેવા પ્રમાણે આજ્ઞામાં વર્તવાનો ને ધ્યાન કરવાનો ઉપાય કરું છું અને આપની કૃપાથી ધ્યાનમાં મૂર્તિનું સુખ પણ આવે છે પણ મારું મન મૂર્તિમાં અખંડ રહે એવી દયા કરશોજી. અખંડ અનાદિમુક્તની સ્થિતિમાં રહેવાય એમ મૂર્તિનું અનુભવજ્ઞાન પામીને સંપૂર્ણ મૂર્તિનું સુખ ભોગવાય એવી દયા કરશોજી. જેમ આપ દયા કરીને મળ્યા છો તેમ દયા કરીને પૂરું કરશો. સદા મહારાજની મરજી પ્રમાણે વર્તાય એવી કૃપાદૃષ્ટિ રાખશોજી. શ્રીજીમહારાજની મૂર્તિમાં તમારા ભેગો સદાય રાખશો અને મૂર્તિનું સુખ ભોગવાવશો જ. મુજ રાંક-કંગાલને કૃપાદૃષ્ટિએ જોશોજી અને જડ-ચૈતન્ય માયાના સંબંધ થકી રક્ષા કરશો ને મૂર્તિનું સુખ આવે તેવી દયા કરશોજી અને નીર સ્નેહી મીન, ચંદ્ર સ્નેહી ચકોર, હરિ મેરે હારલ કી લકરી એવી શ્રીજીમહારાજ ને આપને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ માગું છું અને આપને વિષે સદાય દિવ્યભાવ રહે પણ ક્યારેય મનુષ્યભાવ ન આવે એ માગું છું.

મારે એક શ્રીજીમહારાજ અને આપનો જ આધાર છે. જેમ સમુદ્રમાં રહેલા મનુષ્યને નાવ જ આધાર છે તેમ તમે મારા આધાર છો; ઠરવાનું ઠેકાણું છો; અશરણના શરણ છો; ખારા સમુદ્રમાં મીઠી વીરડી છો. મીનને જેમ જળ જીવન છે તેમ તમે મારા જીવનપ્રાણ છો.

એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ રસબસ જોડાઈ રહેવાય તેવી દયા કરશોજી અને પંચવિષય ઝેર જેવા થઈ જાય ને લોભ, કામ, રસાસ્વાદ તથા માનાદિક દોષસંબંધી ઘાટ તે ક્યારેય ન ઊપજે અને કારણ શરીરની ભાવનાએ રહિત શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ સ્વરૂપ થઈને ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિનો સાક્ષાત્કાર વર્તે ને મૂર્તિમાં જોડાઈ રહેવાય તથા મૂર્તિનું સુખ આવે. હે ગુરુરાજ ! આપ સમર્થ પાસે એ માગું છું.

ઇતિ શ્રી અનાદિમુક્તરાજ ગુરુવર્ય પિતાશ્રી અબજીભાઈ : શિષ્ય સાધુ કેશવપ્રિયદાસેન લિખિતા સ્તુતિ-પ્રાર્થના પત્ર સંપૂર્ણમ્. સંવત ૧૯૭૫ના પોષ વદિ એકાદશી ને સોમવાર.

સદ્. મુનિસ્વામી બાપાશ્રીને પત્રો લખતા સામે બાપાશ્રી પણ વળતા ઉત્તર રૂપે પત્ર લખી મોકલતા તેમાંનો એક પત્ર જોઈએ.

### સદ્. મુનિસ્વામી ઉપર બાપાશ્રીનો પત્ર

સ્વસ્તિ શ્રી ઘરાણી મહા શુભસ્થાને ઉત્તમોત્તમ પરમ પવિત્ર શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક, શ્રીજીકૃત - મર્યાદાપાલક, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, શીલ, સંતોષ, ક્ષમા, દયા, શાંતિ, તપ, તેજ આદિ શુભ ગુણે સંપન્ન પુરાણી કેશવપ્રિયદાસજીને શ્રીજીમહારાજ સદાય પોતાની દિવ્ય તેજોમય મૂર્તિનું સુખ આપે.

એતાન શ્રી વૃષપુરથી લિ. અનાદિમુક્તરાજ બાપા અબજી પાંચાના ઘણા જ આશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. પુરાણીને માલમ થાય કે, અહીંયાં અમારા ગામનો છોકરો લાલજી સાધુ થાવા જાય છે, તેને અહીંયાં ઉપાધિ બહુ છે. તેથી તે છોકરાને તમારી પાસે મોકલવો છે; તે હવે તમે ક્યાં હશો ? તે વળતા પત્રમાં તુરત લખશો; કારણ કે તે છોકરો તમારી પાસે જલદી આવે તેમ વધારે સારું છે. માટે તરત લખશો. બીજું તમે અબડાસા ગયા તેની અમને ખબર ન પડી તેથી તમને મળાયું નહીં. મળવાની બહુ આતુરતા હતી પણ જેમ મહારાજે કર્યું તે ખરું.

બીજું મહારાજને ત્રણે અવસ્થામાં સંભારજો. ત્રણ દેહ, ત્રણ ગુણ તથા ત્રણ અવસ્થા તે થકી પર શુદ્ધ આત્મા સ્વરૂપે (મૂર્તિ સ્વરૂપે) થઈને મહારાજને અખંડ સંભારવા. જેમ મીન સ્નેહી નીર કો, ચકોર સ્નેહી ચંદ્ર કો; તેમ મહારાજની મૂર્તિના સ્નેહી થાવું અને મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી. કાળનું પ્રધાનપણું બહુ છે માટે તેનો આપણે બહુ ખટકો રાખવો. અજ્ઞાની જીવ છે તે એનાં એવાં કૃત્ય છે તે આપણને કાંઈ નહિ કરી શકે. ઘરાણી, દયાપુર, રવાપુર આદિ ગામડાના સર્વે હરિભક્તોને અમારા આશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ કહેશો. મિતિ સંવત ૧૯૭૯ના અષાઢ વદિ એકમ.

લિ. અનાદિમુક્તરાજ અબજીબાપાના આશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...

**સદ્. મુનિસ્વામીએ અવરભાવના જીવનકાળ દરમ્યાન મૂર્તિની અને મૂર્તિસુખ પામવાના ઉપાયો અંગેની પરભાવી વાતો ખૂબ કરી છે. જેના કેટલાક અંશો જોઈએ.**

● ભગવાનના ધામમાં જે મુક્ત છે, ભગવાન છે એને વિષે દેહ-દેહીભાવ નથી. જેમ આપણને દેહ-દેહીભાવ છે, જીવ છે તે માંહી રહ્યો છે અને દેહ તે એક ખોળિયું છે. જેમ ઘર હોય અને ઘરમાં રહેનારો માણસ હોય તેમ ઘરને ઠેકાણે આ દેહ છે ને માંહી રહેનારના ઠેકાણે જીવાત્મા છે. એમ અક્ષરધામમાં પણ કેટલાક એમ સમજે છે કે, મુક્તને પણ દેહ છે. દેહ ખરો પણ દિવ્ય દેહ છે.

- સદ્. મુનિસ્વામીની દિવ્ય અમૃતવાણી : વાર્તા-૩૯

● જેને મૂર્તિમાં જોડાવું હોય તેને કોઈ પ્રકારનો ભાવ ન આવવો જોઈએ. જ્ઞાનનો, વૈરાગ્યનો, કથાનો, હું પણ કરું એવો ભાવ ન આવવો જોઈએ અને સાધન મેલી દેવાં નહીં... મહારાજ કહે, અતિશે ભગવાનને વિષે પ્રેમલક્ષણા ભક્તિ હોય તે ભક્તિએ કરીને ભગવાન એને વશ વર્તતા હોય. એ ભક્તિનું ભક્તના હૃદયમાં માન આવે તો ભગવાન રાજી ન થાય. માટે કોઈ પ્રકારનું અભિમાન ન રહે એ જ ભગવાનને પ્રસન્ન કરવાનો ઉપાય છે. હું ધ્યાન કરું છું. હું કેવું સારું ધ્યાન કરું છું એમ કરીને મહારાજનું ધ્યાન કરે. મૂર્તિમાં જોડાઈ જાય પરંતુ 'હું'પણું રહે. જેમ ચોંપા વગડામાં લીલું ખડ ચરી આવે. ઘરે આવે તો ખાવાનું ન હોય. તેમ ધ્યાનમાં સુખ લીધું; ધ્યાનથી બહાર નીકળ્યો એટલે પેલું સુખ પાછું બંધ થઈ જાય છે. 'હું'પણાનો ભાવ રહ્યો એટલે એમ થાય છે અને મૂર્તિનો ભાવ રહે તો સદા લીલું ખડ ખાધા જ કરે. એને એવું નથી જે આ વગડો કે આ ઘર. એને જવું-આવવું નથી. એ તો અખંડ મૂર્તિમાં રહ્યા જ કરે. અખંડ સુખ લે એવું રાખવું.

- સદ્. મુનિસ્વામીની દિવ્ય અમૃતવાણી : વાર્તા-૫૩

● આપણે મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા બેસીએ તેમાં કોઈ વખત એવું શાંત, સત્ત્વગુણી અંતઃકરણ હોય અને બરાબર મૂર્તિના ધ્યાનમાં વૃત્તિ ચોંટી જાય, શાંતિ આવે, સુખ પણ આવે પરંતુ કલાક, અડધી કલાક કે બે કલાક થાય ત્યાં વળી પાછું અંતર ડોળાઈ જાય. ધ્યાનમાંથી વૃત્તિ પાછી વળી આવે અને પછી ધ્યાનમાં થાક લાગે. મૂર્તિમાં મન ન રહે અને વળી ધ્યાન પડ્યું મેલી દે. સુખ ધ્યાનમાં આવ્યું તોપણ એટલી વાસના માંહી રહી છે. એ માંહીથી બહાર કાઢે છે. માટે ભગવાનના ભક્તને એવો શુદ્ધ વિચાર કરવો કે, મહારાજની મૂર્તિમાં જેવું સુખ છે તેવું બીજે ક્યાંય સુખ નથી. અને જ્યારે મહારાજ ને મોટાની દયા થાય ત્યારપછી માયિક સુખ એની મેળાએ ઝેર જેવાં થઈ જાય.


- સદ્. મુનિસ્વામીની દિવ્ય અમૃતવાણી : વાર્તા-૬૧

● શરીરમાં એવો બહુ રોગ થયો હોય તો નવાય, ધોવાય, પૂજા આદિ કાંઈ થાય નહિ, ત્યારે શું કરવું ? ભગવાનને સંભારે તો વગર નાહ્યે નાહ્યો છે અને કોઈ ગુનો થયો હોય ને જેલમાં પડવું પડે ત્યાં પણ સદાચાર ન રહે ત્યારે ભગવાનની મૂર્તિ સંભારે તો ભગવાન એની રક્ષા કરે. માટે ભગવાનની મૂર્તિનું ચિંતવન છે, એ ગમે તેવો આપત્કાળ હોય તોપણ ભગવાનને સંભારે તો ભગવાન રાજી થાય અને મોક્ષ કરે છે. ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતાં કરતાં દેહ પડે તો એ ભગવાનના ધામને જ પામે છે માટે ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થવું એ બહુ મોટી વાત છે.


- સદ્. મુનિસ્વામીની દિવ્ય અમૃતવાણી : વાર્તા-૮૧

આમ, સદ્. મુનિસ્વામીના સુવર્ણ સ્મૃતિ વર્ષ અન્વયે તેમણે એસ.એમ.વી.એસ. સમાજને આપેલા વ્હાલા ગુરુદેવ અને વ્હાલા ગુરુજીની અણમોલ ભેટનું ખૂબ દિવ્યભાવે જતન કરી કારણ સત્સંગના જ્ઞાન-સિદ્ધાંતોને અજર-અમર રાખવાની મહાસેવામાં જોડાઈ જઈએ એ જ તેમને અંતરથી રાજી કર્યાનો સોનેરી ઉપાય છે. સુવર્ણ સ્મૃતિ વર્ષે સદ્. મુનિસ્વામીના દિવ્ય ચરણકમળમાં કોટિ કોટિ વંદન.

# સદ્. મુનિસ્વામીના પ્રસાદીના દિવ્ય હસ્તાક્ષર



બીજું આપણો બાપાશ્રીએ હાથ ઝાલ્યો છે તે કદી મૂકે તેવા નથી. બાપા કહેતા કે તારા ચલંતી, મેરૂ ચલંતી કદાચ કાળે પૃથ્વી ચલંતી પણ સત્પુરુષ વાક્ય ન ચલંતી. માટે એ સુખ સંભારવું ને સદ્ગુરુઓને પણ સંભારવા. આપણું પ્રારબ્ધ શ્રીજીમહારાજ ને બાપાશ્રી છે.




બીજું અત્ર અમે કથાવાર્તા ધ્યાન ભજનરૂપ બ્રહ્મયજ્ઞ કરીએ કરાવીએ છીએ ને તેમાં તમારો તથા હેતવાળાનો ભાગ રાખીએ છીએ.


બીજું અત્ર મારા શરીરે સેજ (સહેજ) કસર જેવું છે. જેમ શ્રીજીમહારાજ ને બાપાશ્રી રાખે તેમ રાજી રહેવું. આપણે તો બાપાશ્રીના વચન ઉપર નિષ્ઠા રાખીને બેઠા છીએ. બાપાશ્રીએ મને ચાંદલો કરીને બોલ્યા હતા કે આ મૂર્તિ આપી ને ભેળા રાખશું ને ભેળા રહેશું. એ બાપા બોલ્યા છે તે એ સુખ આપશે ને આપ્યું જ છે એમાં કાંઈ સંશય નથી.

શ્રીજી બાપા

શ્રીજી મહારાજ બાપાશ્રી તથા બન્ને સદ્‌ગુરુ તેમના પરમ
ભાગ્યવાળા પરમ દયા પાત્ર પરમ સ્નેહી અ.મુ. ભાઈશ્રી
રામજી વાલજી તથા લાલજી તથા દેવશી ભાઈ દેવજી વાલજી
તથા ઘનજી ખત્રી પારડી થી લી. કુબેર સ્વામી તેમજ ...
ના ઝાઝા આશીર્વાદ સાથે જે સ્વામિનારાયણ વાંચજો
વિ. લ. તમારો પત્ર મળ્યો ને વાંચી બહુ આનંદ
થયો છે હવે લગન ક્યાં કાર્તિકમાં રાખો
છો ને તે લગ્ન પત્રમાં તમારો ભાગ રાખીએ
છીએ ને અમારે ઠાકરે સારું છે કે તમો એ જે
તમારા સેવક નો જન્મ થયો તેનું નામ હવે મોકલશો
તે મનું નામ ઘનશ્યામ રાખશો ને તેમાં અડચણ
હોય તો નારાયણ રાખશો ને તેમાં અડચણ હોય
તો ગોવિંદ રાખશો જે સારું લાગે તે રાખશો
ને તમને સહ કુટુંબ શ્રીજી બાપા શ્રી આ લોક
પરલોકમાં તમને સુખ રાખે એવા આશીર્વાદ
આપીએ છીએ ને આપણને બાપા શ્રી એ ભગવાન
સાક્ષાત આપણો તો આત્યંતિક મોક્ષ કરીજ
ગયા છે ને સાક્ષાત આપણને અનાદી મુક્ત
કરીને મૂર્તિમાં રાખ્યા છે માટે હું અ.મુ. જ
છું ને અખંડ મૂર્તિનું સુખ ભોગવું છું



શ્રીજીમહારાજ બાપાશ્રી તથા બન્ને સદ્‌ગુરુ તેમના પરમ લાડીલા પરમ કૃપા પાત્ર પરમ સ્નેહી અ.મુ. ભાઈશ્રી રામજી વાઘજી તથા નાનજી તથા દેવશી તથા દેવજી તથા હરજી તથા ધનજી પ્રત્યે પાટડીથી લી. મુનીસ્વામી કેશવપ્રિયદાસજીના આશીર્વાદ સાથે જે સ્વામિનારાયણ વાંચશો.
વિ. લ. તમારો પત્ર મળ્યા ને વાંચી બીજા સંતો ને અમો ધ્યાન-ભજન કથાવાર્તા કરીએ કરાવીએ છીએ ને તે બ્રહ્મ યજ્ઞમાં તમારો ભાગ રાખીએ છીએ ને અમારે શરીરે સારૂ છે ને તમોએ જે તમારા સેવકનો જન્મ થયો તેનું નામ દઈ મોકલશો તેમનું નામ ઘનશ્યામ રાખશો ને તેમાં અરચણ (અડચણ) હોય તો નારાયણ રાખશો ને તેમાં અરચણ હોય તો ગોવિંદ રાખશો જે સાનુકૂળ પડે તે રાખશો ને તમને સહકુટુંબ શ્રીજી-બાપાશ્રી આ લોક પરલોકમાં તમને સુખી રાખે એવા આશીર્વાદ આપીએ છીએ ને આપણને બાપાશ્રી ઓળખાણા ત્યારથી જ આપણો તો આત્યંતિક મોક્ષ થઈ જ ગયો છે ને ત્યારથી જ આપણને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યા છે માટે હું અ.મુ. જ છું ને અખંડ મૂર્તિનું સુખ ભોગવું છું એવું અખંડ અનુસંધાન રાખવું ને એવો બાપાશ્રીનો નક્કી નકોર નિશ્ચય રાખવો એ જ ને આપણો જ્યારથી જ બાપાશ્રીએ હાથ ઝાલ્યો છે ત્યારથી જ આપણને ક્યાંઈ માયામાં મોહ પણ ન હોય ને ઘાટ પણ ન હો. બાપા કહે છે કે આ તો બાધિતાનુવૃત્તિ છે એમ જાણીને આપણે તો અખંડ બાપાશ્રીનો જ આનંદ રાખવો. સુખ એ મૂર્તિમાં જ છે માટે એ મૂર્તિનો જ આનંદ ને સુખ પણ એ જ છે.



બીજું શ્રીજીમહારાજને બાપાશ્રી તમને સર્વેને સહકુટુંબ આ લોક પરલોકમાં સદા સુખી રાખે એવા આશીર્વાદ આપીએ છીએ.
























# ગુરુપૂર્ણિમા ઉત્સવ – ૨૦૨૪

ગુરુજી અનંત જનનાં મોક્ષ દ્વાર, સૌ કઠપૂતળી બની નાચે, જોડી અહમ્–મમત્વની ડોર;
જન્મમરણ મટે નહિ, ના આવે એના છોર; મળ્યા દોર તોડનાર... મોક્ષ દ્વાર...

આ અનુભવ–ભાવધ્વનિઓ ઝીલનારા અનંત શિષ્યો માટેનો અદ્‌ભુત પર્વ એટલે ગુરુપૂર્ણિમા. એસ.એમ.વી.એસ.ના સમગ્ર પરિવાર ઉપર સર્વોપરી સ્વામિનારાયણ ભગવાને સત્પુરુષરૂપી વહાવેલ અનહદ કરુણાના ઝરણામાં ડૂબવાનો અવસર એટલે ગુરુપૂર્ણિમા. આવા દિવ્યપુરુષ ગુરુજીની અનન્ય સુખેરી પ્રાપ્તિમાં ઝૂમવાનો, ડૂબવાનો અને તેમને રીઝવવાનો અને ગુરુજીના વચનોમાં રાચવાનો અવસર એટલે ગુરુપૂર્ણિમા.

ગુરુપૂર્ણિમા અવસરે સંસ્થાના તમામ સભ્યોને ગુરુજીના પૂજન–અર્ચનનો તથા આશીર્વાદનો પ્રત્યક્ષ લાભ મળી રહે તેવા હેતુથી તા. ૨૮–૬–૨૦૨૪થી તા. ૨૫–૭–૨૦૨૪ દરમ્યાન ઝોનવાઇઝ ગુરુપૂર્ણિમાનો અવસર ઊજવાઈ ગયો.







**અનાદિમુક્ત પીઠિકા દર્શનમ્ :**

ગુરુપૂર્ણિમાની નવલી પ્રભાતે દરેક શિષ્ય ઊઠતાંની સાથે ગુરુજીને પ્રાર્થના દ્વારા ગુરુવંદના અર્પતા હતા. જ્યારે ગુરુજીએ શિષ્ય સમાજની પ્રાર્થના-પૂજા સ્વીકારવા કરતાં સૌપ્રથમ અનાદિમુક્ત પીઠિકાએ સંતો-પાર્ષદો સહિત પધારી ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના-પૂજન કરી ગુરુવંદના અર્પી હતી. આમ, અનાદિમુક્ત પીઠિકાએ ગુરુદેવને પ્રાર્થના, પૂજન, આરતી, પ્રદક્ષિણા, દંડવત-દર્શન દ્વારા રીઝવી ગુરુજી સંત આશ્રમના પ્રાર્થના મંદિરમાં પધાર્યા.

**પૂ. સંતો-પાર્ષદો દ્વારા ગુરુપૂજન :**

સંસ્થાના આધારસ્તંભ સમા પૂ. સંતો, પૂ. પાર્ષદો, STK તથા SSPના મુક્તોને ગુરુપૂર્ણિમાના દિવ્ય અવસર નિમિત્તે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે આગલી રાત્રે ગુરુજીના પૂજન-અર્ચનનો સૌપ્રથમ લાભ મળ્યો હતો. સર્વે પૂ. સંતોએ ગુરુજીના દિવ્ય ચરણોમાં પુષ્પછડી અર્પણ કરી, પ્રાર્થના દ્વારા ગુરુવંદના અર્પણ કરી. ગુરુજીએ સૌને ભેટણ લીલાનો લાભ આપ્યો હતો. સેન્ટરના અન્ય પૂ. સંતોએ પોતાના ઝોનમાં પણ ગુરુપૂર્ણિમાના દિવ્ય અવસરે ગુરુજીના પૂજન-અર્ચનનો લાભ લીધો હતો.

**ગુરુપૂર્ણિમા ઉત્સવ - વાસણા :**

તા. ૨૧-૭-૨૦૨૪ ને રવિવારના રોજ સંસ્થાના આદ્યસ્થાન વાસણા મંદિરે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય સંનિધિમાં ગુરુપૂર્ણિમાનો મુખ્ય ઉત્સવ ખૂબ દિવ્યતાસભર ઊજવાઈ ગયો.

સવારે ૭ વાગ્યાના સુમારે વાસણા ખાતે સૌ સંતો-ભક્તોએ તાળીઓના ગગનભેદી નાદથી હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજીને વધાવી ભાવભીનું સ્વાગત કર્યું હતું. પૂ. સંતોએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું પુષ્પહારથી પૂજન કરી હાર ધારણ કરાવ્યો. હાર પહેરી રાખવા પ્રાર્થના કરી પરંતુ દાસત્વની રીતે ગુરુજીએ કંઠમાંથી હાર કાઢી હરિભક્તને પહેરાવી દીધો. સવારે ૭:૪૫ વાગ્યે દાસત્વની શોભા સમાન ગુરુજી દર્શનમ્ વિભાગમાં અનંત મુમુક્ષુને દર્શન આપવા બિરાજ્યા હતા. તે સમયે હરિભક્તોના હસ્ત જોડી દર્શન કરતાં, દિવ્ય સ્મિત રેલાવતા અને સૌના શિરે આશિષનો પ્રસાદ આપતા ગુરુજીનાં દાસત્વની અને કરુણાની અનુપમ મૂર્તિ સૌ ભક્તોના હૃદયાકાશમાં અનન્ય સ્થાન પામતી હતી. ગુરુપૂર્ણિમા ઉપક્રમે સંતો-હરિભક્તો દ્વારા 'ગુરુજી અનંત જનનાં મોક્ષ દ્વાર...' આ થીમ આધારિત ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ દરેકની સુખાકારી માટે, પરિવારજનોની રક્ષા કાજે તથા ચૈતન્યની રક્ષા કાજે કેવા દાખડા કર્યા છે ! આદિ બાબતોની રજૂઆત પ્રવચનો દ્વારા થઈ હતી. તે સાંભળતાં સૌ સમાજ ગુરુજીના અહોભાવાકારે થઈ જતાં દરેકનાં અંતર ઝૂમી ઊઠતાં કે, 'ગુરુજી અનંત જનનાં મોક્ષ દ્વાર...'



આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ.











સવારે ૧૦:૩૦ વાગ્યે સમય થતાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી દર્શન વિભાગમાં દર્શન આપી મૂર્તિધામ સભા હૉલમાં પધાર્યા. સભાના આગમન દરમ્યાન ગુરુજી સર્વે હરિભક્તોના દિવ્યભાવે હસ્ત જોડી દર્શન કરતા હતા. આ ક્ષણે તમામ શિષ્ય વર્ગના હૈયે એક ધ્વનિ પડઘાતો હતો : **અમારી ‘મા’ના સ્નેહની તોલે અનંત બ્રહ્માંડો ન આવે !**

ત્યારબાદ સભામાં પધારી ગુરુજીએ દિવ્યવાણીના લાભમાં ‘આપ ટળી મળ્યા ભગવાનમાં’ પંક્તિમાં રહેલ ‘સત્પુરુષ અવરભાવાતીત સ્વરૂપ છે’ તે લક્ષણનું દર્શન સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. ગુણાતીતાનંદ સ્વામી અને ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્યજીવનમાંથી કરાવ્યું હતું. ત્યારબાદ ગુરુજીએ સ્વરચિત કીર્તન ‘શિષ્ય થાવું રે’ના મનન દ્વારા શિષ્ય વર્ગ પાસે ગુરુદક્ષિણામાં સૌને વર્તનવાળા થવાનો આગ્રહ દર્શાવ્યો હતો. ગુરુજીએ સર્વે શિષ્ય વર્ગ માટે ગુરુદેવને પ્રાર્થના અને ક્ષમાયાચના કરી. ત્યારબાદ સમગ્ર સંતો-હરિભક્તો વતી વડીલ સંત પૂ. નિર્ગુણસ્વામીએ ગુરુજીને સમૂહ પ્રાર્થના કરાવી હતી. ત્યારે સૌનાં નેત્ર સજળ બન્યાં હતાં.

ગુરુદેવે આશીર્વાદમાં ગુરુજીનો મહિમા વર્ણવી, ગુરુજીને સૌને દોષમુક્ત કરવા માટે મહારાજને પ્રાર્થના કરવાની ભલામણ કરી હતી. વળી, આગળ ગુરુદેવે કહ્યું કે, **“હે મહારાજ, બાપા, સદ્‌ગુરુ, આપ કેવળ આપવા માટે જ આવ્યા છો; કેવળ અઢળક ઢળવા માટે જ આવ્યા છો તો તમારા કારણ સત્સંગના પરિવાર ઉપર દયા કરો...”** દર્શન-પૂજનનો કાર્યક્રમ પૂર્ણ થતાં બપોરના ૨ વાગ્યે વ્હાલા ગુરુજી સંત આશ્રમમાં પધાર્યા હતા.

એકાદ માસથી વધુ ચાલતા ઝોનલ પ્રતીક ગુરુપૂર્ણિમા ઉત્સવ અન્વયે ગુરુજીએ અવરભાવ સામે ક્યારેય જોયું નથી. દર્શન વિભાગમાં હરિભક્તોને કલાકોના કલાક દર્શન આપવા તથા દરેકના માથે હસ્ત મૂકવામાં ગુરુજીએ ક્યારેય દેહના કારસાને ગણ્યો જ નથી. વળી, આખા ગુજરાતના વિવિધ જિલ્લા અને તાલુકાના સેન્ટરોમાં પહોંચવા માટેની હજારો કિલોમીટરની જર્નીમાં ઘણો ભીડો પહોંચે છતાં પણ એની સામે ક્યારેય ગુરુજીએ જોયું નથી. ગુરુપૂર્ણિમા અન્વયે ગુરુજીએ નિજની ચિંતા કરી જ નથી; નિરંતર હરિભક્તોની જ ચિંતા કરી છે. હરિભક્તોને કોઈ પ્રકારનું કષ્ટ ના પડે, એમને કોઈ તકલીફ ન પડે, એમના રહેવા-જમાડવા અને ઉતારામાં કોઈ તકલીફ ન પડે એની ચિંતા તેઓએ નિરંતર રાખી છે. લૌકિક દૃષ્ટિએ જોવા જઈએ તો સંસ્થાના કોઈ વડાની ચિંતા અનુયાયીઓ રાખતા હોય પણ ગુરુજીની રીત સાવ ઊલટી, સાવ નોખી, સાવ ભિન્ન છે. ગુરુજી સૌની ચિંતા રાખે, જતન કરે. આમ, ગુરુજીનો સદાબહાર ગુણ એટલે અન્યના સ્થાને બેસી એમની ચિંતા રાખવી.

તા. ૨૧-૭-૨૦૨૪ના રોજ સાંજે મહેસાણા ખાતે તેમજ તા. ૨૫-૭-૨૦૨૪ના રોજ ભાવનગર ખાતે ગુરુજીના માતૃવાત્સલયનાં અનન્ય દર્શન થયાં. મહેસાણા ખાતે પધારેલા ભાભરના હરિભક્તો અને ભાવનગર ખાતે પધારેલા રાજુલાના હરિભક્તોની ગુરુજીએ ચિંતા રાખી હતી. તેઓ દૂરથી પધાર્યા છે ને ઘરે પહોંચતા મોડું ન થઈ જાય તે માટે ઉત્સવ પૂર્ણ થતાં પ્રથમ દર્શન અને જમાડવાની ચિંતા રાખી. વળી, કોઈ હરિભક્ત સત્સંગમાં ઢીલો પડ્યો હોય તો એને ગુરુજી આ પ્રતીક ઉત્સવ અન્વયે સામેથી ફોન કરી બોલાવતા ને સ્નેહ આપતા. દૂરના સેન્ટરમાંથી પધારેલા હરિભક્તના તથા વિચરણમાં સાથે પધારેલા હરિભક્તના ઉતારાની-જમાડવાની ચિંતા સ્વયં રાખે ને રખાવે. આ માટે ગુરુજીએ સેવાર્થી હરિભક્તોને કહી રાખ્યું હતું કે, “અમારી ઉતારાની, જમાડવાની કે અન્ય કોઈ પણ વ્યવસ્થામાં કાંઈ આઘુંપાછું હશે તો ચિંતા ન કરશો પણ અમારી સાથે આવેલા અને દૂરથી પધારેલા હરિભક્તોની ચિંતા પહેલાં રાખજો.”

ગુરુજી જ્યારે સેન્ટરમાં પધાર્યા હોય ત્યારે પૂ. સંતો સેવાને લીધે પોતાની જમવાની અને પોઢવાની વ્યવસ્થામાં ઘણું ઍડજસ્ટમૅન્ટ કરતા હોય. ત્યારે પણ ગુરુજી પૂ. સંતોની જમાડવાની અને પોઢવાની બધી વ્યવસ્થા જાતે જઈને જોઈ આવે. જ્યાં સુધી વ્યવસ્થા ના થાય સુધી પોતે પણ એ વ્યવસ્થા ના સ્વીકારે. તા. ૨૧-૭-૨૦૨૪ના રોજ મહેસાણા ખાતે ગુરુજી પધારેલા અને એ વખતે ૧૮ સંતો ત્યાં હાજર હતા. ત્યારે ગુરુજીએ પાંચથી છ વખત સંતોની પોઢવાની વ્યવસ્થા વિષે વ્યવસ્થાપક સંતને પૂછ્યું. સંતે કહ્યું કે, “વ્યવસ્થા થઈ ગઈ છે.” તોપણ ગુરુજીએ બધું જાતે જઈ ચેક કરી અને કહ્યું કે, “અમારા આસને ચાર-પાંચ સંતો આવી જાવ.” આવું વાંરવાર કહીને સંતોની ચિંતા કરી. જ્યાં સુધી સંતો ગુરુજીના આસને પોઢવા ના આવ્યા ત્યાં સુધી ગુરુજી પોઢ્યા નહીં. કેવું માતૃવાત્સલ્ય !

**સર્વત્ર થયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવની આછેરી ઝલક :**

તા. ૨૮-૬-૨૦૨૪થી તા. ૨૫-૭-૨૦૨૪ સુધી ગુરુજીએ પ્રતીક ગુરુપૂર્ણિમા ઉત્સવમાં હરિભક્તોને સામે ચાલી દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. દરેક કાર્યક્રમના પ્રારંભમાં ગુરુજીનું એ દિવ્યામૃત સમું વાક્ય કે, **“આપ સૌના દર્શને ખૂબ આનંદ થયો.”** આ જોતાં એવું પ્રતીત થાય કે ગુરુજીની દાસત્વભક્તિ અતુલ્ય છે. તેનું વર્ણન કરવા માટે આ લોકના શબ્દો સાવ વામણાં પુરવાર થાય છે. ગુરુજી સામૈયામાં પધારે ત્યારે તેમણે ચલાવેલા












જેનાં દર્શન માત્રે કલ્યાણના કોલ મળી જાય એ સ્વરૂપ એટલે વ્હાલા ગુરુજી.














ફદલમાં કલ્યાણના માર્ગને આ લોકની વ્યક્તિ કેવી રીતે સમજી શકે ? એ તો 'તત્ સ્થાને જાનન્તિ'. સામૈયામાં ગુરુજીએ કરાવેલ અદ્‌ભુત કલ્યાણની લ્હાણનાં દર્શન એમની પરભાવની વિશાળતાનું દર્શન કરાવે છે.

વિજાપુરમાં શોભાયાત્રામાં ગુરુજી લાભ આપતા હતા. એક ફ્રૂટની લારીવાળા ભક્તે ગુરુજીના ચરણે કેળાંની લૂમ ધરી. ગુરુજીએ એમાંથી બે કેળાં સ્વીકાર્યાં અને કહ્યું, **"મહારાજને ધરાવો અને કેટલાં કેળાં બાકી રહ્યાં ?"** તો સંતોએ કહ્યું કે, **"દયાળુ, બે કેળાં મહારાજને આપ્યાં એ અને ૧૬ કેળાં વધ્યાં છે. એમ કુલ ૧૮ કેળાં છે."** ત્યાં ગુરુજી અઢળક ઢળતાં બોલ્યા : **"જાવ, તમારી ૧૮ પેઢીનું પૂરૂં..."** ફાવી ગયો ભાઈ ! આ ભોળો ભક્ત ફાવી ગયો ! આમ, આ કરુણાયાત્રા દરમ્યાન મોટાપુરુષની દૃષ્ટિમાં આવેલ આવા વિશ્વાસુ મુમુક્ષુઓનું વગર દાખડે, વગર સાધને પૂરું થઈ જતું.

મોરબીમાં શોભાયાત્રા દરમ્યાન સાત-આઠ મજૂરો ગુરુજીનાં દર્શન કરવા આવ્યા. ગુરુજીએ એમની ઉપર દિવ્યદૃષ્ટિ રેલાવતાં ને છેલ્લા આશિષ આપતાં કહ્યું, **"જાવ, તમારા બધાનું શ્રીજીમહારાજ પૂરું કરશે."**

સુરતમાં શોભાયાત્રા દરમ્યાન રસ્તામાં એક હૉસ્પિટલ આવી. ત્યાં ગુરુજીએ બગી રોકાવી અને સંતો-ભક્તોને ધૂન કરાવતાં કહ્યું, **"આ હૉસ્પિટલના બધા દર્દીઓનો મહારાજ છેલ્લો જન્મ કરશે."**

રાજકોટમાં શોભાયાત્રાના રૂટમાં સરતચૂક થતાં શોભાયાત્રા સહેજ આગળની ગલીથી વળી ગઈ. ત્યાં ગુરુજીએ ટકોર કરતાં કહ્યું, **"શોભાયાત્રા ખોટા રસ્તે જાય છે પણ મહારાજની આમાં કંઈક મરજી હશે."** યાત્રા જ્યાં આગળ વધી ત્યાં બે-ત્રણ ભગવાધારી સંન્યાસીઓ હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીનો વિડિયો ઉતારી રહ્યા હતા. ગુરુજી એમના ઉપર કરુણા કટાક્ષ કરતાં બોલ્યા : **"હે મહારાજ ! એ આપનો વિડિયો ઉતારે છે બદલામાં આપ એમને અક્ષરધામમાં મૂકી દેશો."**

વ્હાલા ગુરુજી પ્રતીક ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે બધા જ સેન્ટરોમાં દર્શન વિભાગમાં લાભ આપવા પધારતા. ત્યારે ગુરુજીએ વ્યવસ્થાપક સંતો અને હરિભક્તોને અગાઉથી જણાવી દીધેલું કે, **"અમારો દરેક હરિભક્તોને સ્પર્શ થવો જોઈએ અને દરેકની નજરમાં નજર મળવી જોઈએ કહેતાં એક દૃષ્ટિ થવી જોઈએ. એ રીતે દર્શન ગોઠવશો. કોઈ પણ હરિભક્તને ઉતાવળ કરાવશો મા અને સર્વેને દર્શનનો શાંતિથી લાભ મળે એવી વ્યવસ્થા ગોઠવશો."**

દર્શન માટે આવતા સર્વે હરિભક્તોને ગુરુજી 'મા'ની જેમ લાડ લડાવતા. કોઈ વડીલ હરિભક્ત પૂજન માટે આવે તો પોતે આસન ઉપરથી ઊભા થઈ એમના પૂજનનો સ્વીકાર કરતા; તો કોઈ બાળક આવ્યું હોય તો એ બાળકને રાજી કરવા માટે ફળની પ્રસાદી આપતા. કોઈ યુવક આવ્યો હોય અને એના જીવનને લગતી કોઈ બાબત હોય તો એને સાંભળતા અને એના માટે એને




યોગ્ય સમાધાન આપતા. આ દર્શન વિભાગમાં આવનારા દરેક શિષ્ય વર્ગ પર ગુરુજી કૃપાની હેલી કરી, સૌને શુદ્ધ કરતા હતા.

ગુરુપૂર્ણિમા તેમજ પ્રતીક ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે જ્યારે જ્યારે ગુરુજી સેન્ટરમાં પધારતા ત્યારે મેઘરાજા ગુરુજીનાં દર્શન-સ્પર્શ માટે પધારી ધન્યતા અનુભવતા હોય એવી એક રીત અકબંધ રીતે જળવાઈ હતી. ગુરુજી મોરબી ખાતે શોભાયાત્રામાં પધાર્યા ત્યારે મેઘરાજા ગુરુજીનાં દર્શનનો લ્હાવો લેવા પધાર્યા. સંતો-હરિભક્તોએ ગુરુજીને પ્રાર્થના કરી કે, "ગુરુજી, આપ બગીમાંથી ગાડીમાં બિરાજો. આપ ભીંજાશો તો સ્વાસ્થ્ય સારું નહિ રહે." ત્યારે ગુરુજીએ સંતોને કહ્યું કે, "આ હરિભક્તો બધા ભીંજાતાં ભીંજાતાં આ શોભાયાત્રામાં ચાલી રહ્યા છે તો અમે પણ જઈશું. બધા પલળે છે તો અમને પણ ભીંજાવામાં શું વાંધો છે..." આ પ્રસંગ ગુરુજીના અવરભાવના ઉદાત્ત વ્યક્તિત્વનું દર્શન કરાવે છે : 'જે સૌની સ્થિતિ છે એવી સ્થિતિ અમારી પણ હોય. નાના-મોટાનો ભેદ નહીં. સૌ સરખા...'

ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે યોજાતી અમૃતવાણીમાં નવા અને જૂના દરેક હરિભક્તના કંઈક આગવા અનુભવો, આગવી અનુભૂતિઓ જોવા મળતી. ગુરુજીની અમૃત શબ્દયાત્રા એ એમના અવરભાવની વર્તનયાત્રાનું દર્શન કરાવતી હોય છે. પોતે ગુરુ હોવા છતાં ક્યારેય પોતાના મહિમાની વાત પર ભારણ આપ્યું જ નથી, આપવા દીધું જ નથી. અહમ્‌શૂન્યતા જેવા શબ્દો આ દિવ્યપુરુષની સામે નતમસ્તક થઈ શરમાતા હોય એવી અનુભૂતિ થાય છે.

મહેસાણા ખાતે એક નવા હિન્દીભાષી મુમુક્ષુ કથામાં આવી પહોંચ્યા. તેઓ માત્ર દર્શન કરવાના હેતુથી જ આવ્યા હતા. પણ ગુરુજીની કથાવાર્તા સાંભળતાં તેઓ અભિભૂત થઈ ગયા. તેઓને ગુજરાતી ભાષા સમજાતી ન હોવા છતાં પાંચ મિનિટની જગ્યાએ તેઓ કલાક-દોઢ કલાક બેઠા. એમના અનુભૂતિજન્ય શબ્દો હતા : "વો ક્યાં બોલતે હૈ યે મુઝે પતા નહિ ચલતા પર મુઝે એસા લગ રહા હૈ કી સ્વયં ભગવાન બોલ રહે હૈ. મૈં તો મંત્રમુગ્ધ હો ગયા." આમ, મુમુક્ષુઓ ગુરુજીની મીઠી વીરડી સમી અમૃતધારામાં નિમગ્ન બનતા.

ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે ગુરુજીએ ક્યારેય શ્રીજીમહારાજ અને મોટાપુરુષને ગૌણ થવા દીધા જ નથી. પ્રથમ મહારાજ પછી ગુરુદેવ. વિજાપુર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજને નાનો કાળો પંખો મૂકવામાં આવેલો અને ગુરુજીને મોટો સફેદ પંખો મૂકવામાં આવેલો. ગુરુજીને આ અંગે ખ્યાલ આવતાં તેઓએ તરત જ મોટો પંખો લેવડાવી દીધો. આ પ્રસંગ ઉપરથી શીખવા મળે છે કે મહારાજની તુલનામાં પોતાને કોઈ મોટી (અધિક) વસ્તુ ન મળવી જોઈએ. મહારાજને મોટું અને શ્રેષ્ઠ મળે એવું ગુરુજી હંમેશાં સંતો-ભક્તોને શીખવતાં કહેતા હોય કે : 'આપણે એમના સેવક છીએ. એમની સરખી કે મોટી વસ્તુ ન વાપરવી.'

શોભાયાત્રા દરમ્યાન ગુરુજીનાં અલૌકિક દર્શન સૌ કોઈએ કર્યાં હશે. ગુરુજી જેવા શોભાયાત્રામાં બિરાજતાં કે તરત જ હસ્તમાં માળા લઈ લેતા. કોઈ હરિભક્ત પૂજન કરવા કે ભેટ ધરવા આવે તો એટલા પૂરતી જ માળા કાઢી આશિષ રૂપે પુષ્પવૃષ્ટિ કરતા. આ પ્રસંગ ઉપરથી સમજી શકાય કે ગમે તેવો ઉત્સવનો ઉદ્‌ઘોષ હોય પણ મૂર્તિમાં કેવી રીતે રહેવાય એની પ્રૅક્ટિકલ ગાઇડલાઇન ગુરુજી સ્વવર્તન દ્વારા સૌ સંતો-ભક્તોને આપતા. આમ, પરભાવસ્થ ગુરુજીને અવરભાવનાં પૂજન-અર્ચન કરતાં નિમગ્ન રહેવું અને રહેવડાવવું વધુ ગમે છે.

ગુરુપૂર્ણિમાએ ગુરુજીએ ક્યારેક કોઈ સંતો-હરિભક્તોના દર્શનની ઈચ્છાની પૂર્તિ સામે ચાલીને કરી છે. ગુરુજીના અવરભાવના દિવ્યજીવનમાં જોવા જઈએ તો અગાધ માતૃવાત્સલ્યનાં દર્શન થાય. સ્વામિનારાયણ ધામ ઉપર તમામ સંતોને પૂજન-અર્ચનનો લાભ મળ્યો હતો. પણ મહેસાણાના બે પૂજારી સંતોને ગુરુજીનાં દર્શન બાકી હતા જેની સ્મૃતિ કદાચ સંતો ભૂલી ગયા હતા પરંતુ માતૃત્વના શ્રેષ્ઠ સિંહાસન પર બિરાજમાન ગુરુજી ભૂલ્યા નહોતા. ગુરુજી જ્યારે મહેસાણા ખાતે પધાર્યા ત્યારે પ્રથમ આ બે પૂ. સંતોને યાદ કર્યા. એક સંતને ત્યારે લાભ આપ્યો





પણ બીજા સંત તો ત્યારે પણ પૂજારીની સેવામાં હતા માટે છોળે હતા. તો રાત્રે સાડા અગિયાર વાગે અત્યંત થાકેલી અવસ્થામાં પણ સામેથી યાદ કરી પૂજારી સંતને ભેટવાનો લાભ આપ્યો. જુઓ ! ગુરુજી કેવી મા છે જે ક્યારેય ચૂકતી નથી અને ક્યારેય હાથથી હેઠા મૂકતી નથી...

રાજકોટ ગુરુજીનું સભામાં આગમન થયું. ગુરુજી આગળ પધાર્યા ત્યારે સભામંડપમાં આગળનો ભાગ ખાલી હતો તો ગુરુજી સભા વ્યવસ્થાપક બની હરિભક્તોને વ્યવસ્થિત રીતે ક્રમબદ્ધ લાઇનમાં બેસાડવા માટેનું દિશાનિર્દેશ કરવા લાગ્યા. એ સમયે સેન્ટરના સંત કથાવાર્તાનો લાભ આપતા હતા તો ગુરુજીએ એમને હાથના ઈશારે સભા ચાલુ રાખવાનું કહ્યું. પણ એક સભા વ્યવસ્થાપક તરીકે પોતે અદના સેવક બની ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં પણ સેવા કરી. જગતમાં જોવા જઈએ કે પોતાના માટેનો કાર્યક્રમ હોય, પોતાના પૂજાવા માટેનો કાર્યક્રમ હોય તો કોઈ વ્યક્તિ આવી સેવા કરે ખરી ? જવાબ મળશે ના. કેમ કે તે દેહધારી છે. જ્યારે આપણને મળેલા દિવ્યપુરુષ એ તો દેહાતીત સ્વરૂપ છે, પરભાવનું સ્વરૂપ છે.

આમ, તા. ૨૮-૬-૨૦૨૪થી આરંભાયેલી ગુરુપૂર્ણિમાની યાત્રા તા. ૨૫-૭-૨૦૨૪ના રોજ પૂર્ણ થઈ. જેમાં આશરે ૧,૩૧,૯૨૧થી વધુ મુમુક્ષુઓએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન લાભ લીધો હતો. ઝોનવાઇઝ ગુરુપૂર્ણિમાનો લાભ લઈ ધન્ય બનેલા ભક્તોની આંકડાકીય માહિતી આ પ્રમાણે રહી.

## ગુરુપૂર્ણિમા પ્રતીક ઉત્સવ સમરી રિપોર્ટ

| તારીખ | સેન્ટર | ટોટલ સંખ્યા | તારીખ | સેન્ટર | ટોટલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૨૮–૬–૨૪ | રાજકોટ | ૨૪૦૦ | ૨૧–૭–૨૪ | વાસણા | ૧૨૮૦૦ |
| ૧૩–૭–૨૪ | મોડાસા | ૩૩૨૬ | | ઑનલાઇન | ૫૩૫૨૩ |
| ૧૪–૭–૨૪ | ગોધર | ૧૪૫૦૦ | ૨૧–૭–૨૪ | મહેસાણા | ૫૯૯૮ |
| | ઑનલાઇન | ૭૪૦૬ | ૨૩–૭–૨૪ | સુરેન્દ્રનગર | ૨૧૯૫ |
| ૧૪–૭–૨૪ | હિંમતનગર | ૩૯૫૧ | ૨૩–૭–૨૪ | મોરબી | ૪૦૦૦ |
| ૧૮–૬–૨૪ | સુરત | ૯૮૩૨ | ૨૪–૭–૨૪ | ભાવનગર | ૨૪૯૦ |
| ૧૯–૬–૨૪ | અંકલેશ્વર | ૪૮૫ | ૨૫–૭–૨૪ | વિજાપુર | ૫૧૯૫ |
| ૧૯–૬–૨૪ | વડોદરા | ૩૪૭૦ | ૨૬–૭–૨૪ | ગુરુકુલ, છાત્રાલય | ૩૫૦ |
| | | | | ટોટલ | ૧,૩૧,૯૨૧ |





# હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કેનેડા તથા યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ










"**SMVS** કી મહિલાપંખ, સત્સંગ જ્યોત જલાતી હૈ; કારણ સત્સંગ કી યે પંખ, વિશ્વભર મેં ફૈલાતી હૈ."

શ્રીજીમહારાજ અને મોટાપુરુષના ભવ્ય સંકલ્પો સાકાર કરવા તથા વિદેશના મહિલા સમાજને કારણ સત્સંગના દિવ્ય રંગથી રંગવા **SMVS**ના વરિષ્ઠ ત્યાગી મહિલામુક્ત પૂ. દીપલબેનનું સત્સંગ વિચરણ આરંભાયું. તા. ૮ મે , ૨૦૨૪ના દિવ્ય દિને પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહાપ્રભુ સંગે પૂ. દીપલબેન, પૂ. જલ્પાબેન તથા પૂ. ગાર્ગીબેન ન્યૂયૉર્કના જે.એફ.કે. એરપોર્ટ પર પધાર્યાં. સાથે સેવા-સમાગમનો લાભ લેવા પ.ભ. ગીતાબેન પટેલ તથા પ.ભ. પ્રાર્થનાબેન પટેલ પણ જોડાયાં.

તા. ૮-૫-૨૦૨૪થી તા. ૧૫-૫-૨૦૨૪ તથા તા. ૨૯-૫-૨૦૨૪થી તા. ૨૬-૬-૨૦૨૪ દરમ્યાન યુ.એસ.એ.ના ચેરીહિલ, એડિસન, જર્સીસિટી, બોસ્ટન, ક્લીવલૅન્ડ, શિકાગો જેવા વિવિધ સેન્ટરોમાં વિચરણ થયું. ચેરીહિલ મંદિર ખાતે મહિમા સભા, એક-દિવસીય મહિલા શિબિર, એક-દિવસીય પિકનિકનો ન્યૂજર્સીના ત્રણેય સેન્ટરનાં મહિલા હરિભક્તો લાભ લઈ અતિ કૃપાવંત બન્યાં. મળેલા મહારાજ-મોટાપુરુષનો મહિમા, સંસ્થાનો ઇતિહાસ તથા હૅપી ફૅમિલિ વિષયનો લાભ લઈ સૌ વ્હાલા ગુરુજીના સંકલ્પમાં ભેગા ભળવા કટિબદ્ધ બન્યાં. એડિસન મંદિર ખાતે આનંદોત્સવના દિવ્ય લાભમાં સૌપ્રથમ વાર વ્હાલા હરિકૃષ્ણ મહારાજના પ્રસાદીના જળથી દિવ્ય રંગોત્સવ દ્વારા સૌ મુક્તો મૂર્તિના રંગે રંગાયાં તથા અસ્મિતાસભર બન્યાં. ચેરીહિલ ખાતે યોજાયેલ એક-દિવસીય કિશોરી કૅમ્પ – 'કિશોરી કનેક્શન'માં ચેરીહિલ,જર્સીસિટી, એડિસન તથા બોસ્ટનના કિશોરીમુક્તો મળેલા દિવ્ય લાભથી રાજી કરવાના સંકલ્પો દૃઢ કરી છૂટાં પડ્યાં. બોસ્ટન મંદિર ખાતે વિવિધ કાર્યક્રમો દ્વારા સૌએ વ્હાલા ગુરુજીના સંકલ્પો તરફ પ્રયાણ કર્યું. ક્લીવલૅન્ડ ખાતે વિવિધ લાભ દ્વારા સૌ મહિમાકારે થયા. શિકાગો ખાતે ૭ વર્ષ પછી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. દીપલબેન પધારવાના હોવાથી સૌ મુક્તો ખૂબ આનંદમાં હતાં. વિવિધ આયોજનો દ્વારા સત્સંગ સમાજે રાજીપાના માર્ગે પ્રયાણ કર્યું.

તા. ૧૬-૫-૨૦૨૪થી તા. ૨૮-૫-૨૦૨૪ દરમ્યાન કૅનેડા ખાતે વિચરણ યોજાયું. ટોરન્ટો મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહાપ્રભુ તથા પૂ. દીપલબેનના આગમનથી સૌ પ્રેમી મહિલા હરિભક્તોમાં આનંદની હેલી છવાઈ ગઈ. સૌ મુક્તોએ ખૂબ જ મહિમાસભર થઈ મોટી સંખ્યામાં સભા-શિબિરનો લાભ લીધો. વળી, પિકનિકમાં સૌ મુક્તોએ અભિષેક, રંગોત્સવ તથા વિવિધ ઍક્ટિવિટીના લાભ દ્વારા દિવ્યાનંદ માણ્યો. પૂ. દીપલબેને પ્રાતઃ સભા, મહિમા સભા, મહિલા શિબિર, આદર્શ પ્રૉજેક્ટ શિબિર દ્વારા ઘરના સમાજને સવિશેષ






આધ્યાત્મિકતા તરફ પ્રયાણ કરવા બળ આપ્યું. વળી, એક-દિવસીય કિશોરી શિબિર ‘Grace’ થીમ પર યોજાઈ. જેમાં કિશોરીમુક્તો દિવ્ય લાભ લઈ આનંદિત થયાં. એ જ રીતે યુ.કે.નો સમગ્ર મહિલા સમાજ અતિ ઉત્સુકતાથી લાભ લેવા તત્પર હતો. તા. ૨૭-૬-૨૦૨૪થી તા. ૧૦-૭-૨૦૨૪ સુધીના ૧૩ દિવસના યુ.કે. વિચરણમાં પણ સૌ મુક્તો પૂ. દીપલબેનનો લાભ લઈ અસ્મિતાસભર ને મહાત્મ્યથી ભીના થયાં. યુ.કે. મંદિર ખાતે બે દિવસની મહિલા શિબિરનો દિવ્ય લાભ સૌ મુક્તોએ ખૂબ જ ભૂખ્યા-ગરજુ બનીને લીધો. સભા, શિબિરો, પિકનિક, અંગત બેઠકો દ્વારા સૌ મહિલા હરિભક્તો વ્હાલા ગુરુજીના હૅપી ફૅમિલિના સંકલ્પ તથા આધ્યાત્મિકતા તરફ પ્રયાસ કરવા દૃઢ નિશ્ચયી બન્યાં. વળી, સૌ મુક્તો આગામી વર્ષે આવતા મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ માટે તન, મન, ધન સમર્પણ કરવાના સંકલ્પમાં હોમાવા કટિબદ્ધ બન્યાં.

આમ, કુલ ૬૫ દિવસના વિચરણ દરમ્યાન કુલ ૯૪ સભા, ૧૭૭ અંગત બેઠકો તથા ૩૫ જેટલી શિબિર-ટ્રેનિંગ યોજાઈ. આમ, મહિમા સભા, અઠવાડિક સભા, મહિમાગોષ્ઠિ, મહિલા શિબિરો, પિકનિક, કાર્યકર ડે, અગ્રેસર ડે, PR ટ્રેનિંગ, આદર્શ પ્રૉજેક્ટ શિબિર, કિશોરી સભા, બાલિકા સભા, SKS સભા તથા SBS સભા દ્વારા વિદેશના સમાજમાં અસ્મિતાના ખૂંટ ખોડાયા.

તા. ૧૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ પૂ. દીપલબેન તથા પૂ. ત્યાગી મહિલામુક્તો વિચરણ પૂર્ણ કરી ઇન્ડિયા પરત પધાર્યાં.

## હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કૅનેડા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ






વિદેશના મહિલા સમાજને મહારાજ ને મોટાપુરુષના મહાત્મ્યથી ભરી દેવા ને દિવ્યજીવનના રાહે પ્રયાણ કરાવવા પૂ. રમીલાબેન, પૂ. ધ્વનિબેન, પૂ. સ્મૃતિબેન તથા પૂ. કેયૂરીબેન યુ.એસ.એ., કૅનેડા ખાતે સત્સંગ વિચરણ અર્થે પધાર્યાં. હરિભક્તોમાં પ.ભ. રેખાબેન રાદડિયા પણ વિચરણમાં જોડાયાં હતાં.

તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઇન્ડિયાથી યુ.એસ.એ.ના જે.એફ.કે. એરપોર્ટ પર પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તો પધાર્યાં. યુ.એસ.એ.ના ૬૨ દિવસના વિચરણ દરમ્યાન કુલ ૧૩ સ્ટેટ્સ જેવાં કે ન્યૂજર્સી, મેરીલૅન્ડ, ડેલાવર, વર્જિનિયા, ન્યૂયૉર્ક, પેન્સિલ્વેનિયા, ઓહાયો, મિશિગન, કેન્ટકી, ટેનિસી, ઇંડિયાના, ઇલિનોઈ, કૅલિફૉર્નિયામાં

સત્સંગ વિચરણ યોજાયું.

એ જ રીતે કેનેડાના ૩૨ દિવસીય વિચરણ દરમ્યાન બ્રેમ્પટન, સ્કારબોરો, બેલવિલ, ઑટાવા, કીચનર, વિન્ડસર ખાતે પધરામણી તથા સત્સંગ સભાના પ્રોગ્રામ યોજાયા. ઑન્ટૉરિયો, નૉર્થયૉર્ક, ઇટોબિકોક, પીકરિંગ, એજેક્સ, ઓશાવા, કિંગ્સ્ટન, પીટરબોરો, મિસિસાગા, મિલ્ટન, કેમ્બ્રિજ, વુડસ્ટોક, લંડન, હેમિલ્ટન, બર્લિંગ્ટન જેવા વિવિધ એરિયામાં પધરામણી યોજાઈ. કેનેડા મંદિર ખાતે હરિનવમીનો ઉત્સવ પણ ધામધૂમથી ઊજવાયો.

વળી, ચેરીહિલ, જર્સીસિટી, એડિસન, શિકાગો, કેલિફૉર્નિયા તથા ટોરન્ટો મંદિર ખાતે પ્રાતઃ સભા, મહિમા સભા, મહિમાગોષ્ઠિ, અઠવાડિક સભા, બાલિકા સભા, કિશોરી સભા, SBS સભા, ક્રિયાશુદ્ધિ સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, મહિલા શિબિર, કાર્યકર ડે, પિકનિક, સમૂહપૂજા, અંગત બેઠકો તથા ૩૧૪ પધરામણી જેવાં વિવિધ આયોજનો દ્વારા સૌને રાજીપાના માર્ગે પ્રયાણ કરવાનું દિવ્ય બળ મળ્યું. વિવિધ ટ્રેનિંગ તેમજ મિટિંગો દ્વારા વ્યવહારિક માર્ગદર્શન પણ મળ્યું. આમ, તા. ૧૩-૭-૨૦૨૪ના રોજ ૯૪ દિવસનું વિચરણ પૂર્ણ કરી પૂ. ત્યાગી મહિલામુક્તો ઇન્ડિયા પરત પધાર્યાં.

## પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ





‘કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ...’ એવા મહારાજ ને મોટાપુરુષના સંકલ્પોને સાકાર સ્વરૂપ આપવા યુ.એસ.એ., યુ.કે. ખાતે પૂ. ત્યાગી મહિલામુક્તોનું સત્સંગ વિચરણ યોજાયું. તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૪ના દિને વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. પિંકલબેન, પૂ. જ્યોત્સ્નાબેન, પૂ. સંગીતાબેન તથા પ.ભ. મીનાબેન ગણાત્રા યુ.કે.ના હીથ્રો એરપોર્ટ પર પધાર્યાં. તા. ૧૧-૪-૨૦૨૪થી તા. ૧૮-૪-૨૦૨૪ તથા તા. ૧૪-૬-૨૦૨૪થી તા. ૧૪-૭-૨૦૨૪. આમ, યુ.કે. ખાતે ૩૭ દિવસનું વિચરણ થયું.

લંડનના લેસ્ટર, બર્મિંહેમ, ઈસ્ટ લંડન, અપ્ટોન પાર્ક ખાતે સત્સંગ સભા તથા પધરામણી યોજાઈ. તેમજ યુ.કે.ના વિવિધ એરિયા જેવા કે કૉવેન્ટ્રિ, લીડ્સ, ઑબ્ધામ, વૉટફૉર્ડ, હેટફીલ્ડ, ગ્રીનફોર્ડ, વેમ્બલી, કિંગ્સબરી, હેરો, અજવેર, સ્ટેનમોર, ક્વીન્સબરી, ટુટિંગ, સડબરી હંસલોવ ખાતે પધરામણી યોજાઈ.

ત્યારબાદ તા. ૧૯-૪-૨૦૨૪ના રોજ પૂ. પિંકલબેન તથા પૂ. ત્યાગી મહિલામુક્તો યુ.એસ.એ.ના જે.એફ.કે. એરપોર્ટ પર પધાર્યાં. યુ.એસ.એ.માં તા. ૧૯-૪-૨૦૨૪થી તા. ૧૩-૬-૨૦૨૪ એમ કુલ ૫૬ દિવસમાં ન્યૂજર્સી, બોસ્ટન, કનેક્ટિકટ, જૉર્જિયા, નૉર્થ કેરોલીના, સાઉથ કેરોલીના, વર્જિનિયા, ડલાસ એમ કુલ ૮ સ્ટેટમાં વિચરણ થયું. ચેરીહિલ મંદિર ખાતે હરિનવમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. યુ.એસ.એ.ના એડિસન, બોસ્ટન, ઍટલાન્ટા મંદિર ખાતે તથા યુ.કે.ના લંડન મંદિર ખાતે વિવિધ આયોજનો જેવાં કે પ્રાતઃ સભા, મહિમા સભા, મહિમાગોષ્ઠિ, અઠવાડિક સભા, બાલિકા સભા, કિશોરી સભા, SBS સભા, ક્રિયાશુદ્ધિ સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, મહિલા શિબિર, કાર્યકર ડે, પિકનિક, સમૂહપૂજા, અંગત બેઠકો ને ૨૧૦ પધરામણી દ્વારા સમગ્ર મહિલા સમાજ મહાત્મ્યસભર બન્યો. વિવિધ ટ્રેનિંગ તેમજ મિટિંગો દ્વારા વ્યવહારિક માર્ગદર્શન મળ્યું. આમ, તા. ૧૫-૭-૨૦૨૪ના રોજ ૯૬ દિવસનું વિચરણ પૂર્ણ કરી પૂ. ત્યાગી મહિલામુક્તો ઇન્ડિયા પરત પધાર્યાં.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**



**મૂ.નિ. જનકજી મનુજી ઠાકોર; ઉંમર વર્ષ : ૩૨, મહેસાણા, તા. ૪-૭-૨૪ :** મહેસાણા ખાતે કાર્યકર તરીકે સેવા નિભાવી રહેલા મનુજી રૂપાજી ઠાકોરના મુક્તરાજ જનકજી ઠાકોર મૂર્તિના સુખે સુખિયા થયા છે. વ્હાલા ગુરુજીએ તેમને મૂર્તિના સુખમાં રાખી લીધાના આશીર્વાદ પાઠવી સાંત્વના આપી હતી. અચાનક આવી પડેલ આ પરિસ્થિતિમાં મહાપ્રભુ તેમના સમસ્ત પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.



**મૂ.નિ. નાથાભાઈ ધીરાભાઈ સંગાડા; ઉંમર વર્ષ : ૬૮, બાબરી(ગોધર), તા. ૧૩-૭-૨૪ :** સંજેલી મંદિરે સંચાલક તરીકે સેવા આપતા કનુભાઈના પિતાશ્રી શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. વર્ષોથી ગુરુદેવ તથા ગુરુજીની આજ્ઞા અધ્ધરથી ઝીલી તન, મન, ધનથી સેવા કરી તેઓનો સમગ્ર પરિવાર રાજીપો મેળવી રહ્યો છે.

**મૂ.નિ. શામજીભાઈ ભગવાનજીભાઈ ગજ્જર; ઉંમર વર્ષ : ૯૧, ઘાટલોડિયા, તા. ૧૬-૭-૨૪ :** સ્વામિનારાયણ ધામ ખાતે અકાઉન્ટ વિભાગમાં સેવા બજાવી રહેલા મુકેશભાઈ ગજ્જરના પિતાશ્રી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓના મોટા ભાઈ ચીમનભાઈ, પરષોત્તમભાઈ તથા પોતે પરિવાર સહિત સમર્પિત થઈ સંપૂર્ણ ઘરધણીપણે સેવા કરી ગુરુજીનો રાજીપો કમાઈ રહ્યા છે. અંત સમયે વ્હાલા ગુરુજીએ સમસ્ત પરિવારને વિડિયો કૉલ દ્વારા સાંત્વના પાઠવી હતી.



**મૂ.નિ. હરિભાઈ રામાભાઈ પટેલ; ઉંમર વર્ષ : ૬૫, વડોદરા, તા. ૨૦-૭-૨૪ :** વડોદરા મંદિરે કોઠારીની સેવા બજાવી રહેલા પ.ભ. હરિભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓ મંદિરની શરૂઆતથી જ કોઠારીની સેવા બજાવી સંતોને નિશ્ચિંત કરી ગુરુદેવ અને ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

## ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યાસેવા સંકલ્પ સંકુલની દત્તક સેવા

ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પાનુસાર વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્યાંજલિ સભામાં કરેલ જાહેરાત મુજબ પંચમહાલના આદિવાસી જરૂરિયાતમંદ બાળકો માટે તથા એસ.એમ.વી.એસ. સમાજની દીકરીઓ માટે છેલ્લા ૫ વર્ષથી સંપૂર્ણ નિઃશુલ્ક દરે ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યા સેવા સંકલ્પ સંકુલ કાર્યરત છે. ગુરુજીના આ સંકલ્પમાં આર્થિક રીતે ભાગીદાર થઈ શૈક્ષણિક ઉત્થાનના કાર્યોમાં સહભાગી થઈ રાજીપો મેળવીએ.

એક બાળકની દત્તક સેવા :- ૪૫,૦૦૦/- ● એક બાલિકાની દત્તક સેવા :- ૪૫,૦૦૦/-

**સ્વામિનારાયણ ધામ ગુરુકુલના વિદ્યાર્થીમુક્તો તથા વિદ્યાર્થિની મુક્તોની રસોઈની સેવા વિગત :**

| વિગત | બોય્ઝ ગુરુકુલ | ગર્લ્સ ગુરુકુલ |
|---|---|---|
| અલ્પાહારની સેવા | ૧૦,૦૦૦/- | ૩,૫૦૦/- |
| બપોરની રસાઈની સેવા | ૨૫,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| આખા દિવસની સેવા | ૩૫,૦૦૦/- | ૧૫,૦૦૦/- |

## કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૧૮-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૬૦૭૬થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૧-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ગુરુકુલના વિદ્યાર્થીમુક્તોને દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૨૨-૬-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૮૪૬૭થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **શાહીબાગ** ખાતે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તને કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૨-૭-૨૦૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૫૫૧૦થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

## દિવ્ય સંત શિબિર - ૨૦૨૪

### ॥ સ્થિતિ કા દાન કરને કો, ગુરુજી ખાસ પધારે હૈ ॥

શ્રીજીમહારાજ જે હેતુ માટે આ બ્રહ્માંડને વિષે પધાર્યા છે તેનું વર્તમાનકાળે પ્રવર્તન વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા કરાવી રહ્યા છે. વ્હાલા ગુરુજી વારે વારે જણાવતા હોય છે કે, "કૂવામાં હશે તો હવાડામાં આવશે." સંતો કૂવાને ઠેકાણે છે. એ ન્યાયે તા. ૧૭-૬-૨૦૨૪થી તા. ૨૯-૬-૨૦૨૪ દરમ્યાન વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં દિવ્ય સંત શિબિરનું બે ભાગમાં આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ચાર દિવસ વ્હાલા ગુરુજીની દિવ્ય નિશ્રામાં કથાવાર્તાનું આયોજન થયું હતું. આ શિબિરમાં વડીલ પૂ. સંતોએ પણ કથાવાર્તામાં લાભ આપ્યો હતો. બાકીના બે દિવસમાં ધ્યાન કુટિરનું આયોજન ગોઠવાયું હતું. આ ઉપરાંત, પૂ. સંતોએ એકાંત, ગ્રૂપ ગોષ્ઠિ, ભેટણ લીલા, પીરસણ લીલા જેવાં આયોજનો દ્વારા મૂર્તિસુખ પામવાની યાત્રાના માર્ગે મંડાણ માંડ્યા હતા.

## સંસ્થા ગૌરવ

**મનન કલ્પેશભાઈ ઠક્કર – વાસણા**



વાસણા સેન્ટરના કિશોરમુક્ત મનન ઠક્કરે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ ઑફ ઇન્ડિયા દ્વારા લેવાયેલ સી.એ. ફાઇનલની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. મહારાજ, બાપા, ગુરુદેવ તથા ગુરુજીના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેઓ પોતાની ઉજ્જ્વળ કારકિર્દીમાં આ જ રીતે યશકલગી ઉમેરતા રહે.


**આયુષી તેજેન્દ્રકુમાર ઠક્કર – સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર**

સ્વામિનારાયણ ધામ સેન્ટરના મુક્ત આયુષી તેજેન્દ્રકુમાર ઠક્કરે બારડોલી ખાતે કાઉન્સિલ ફોર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ ઍક્ઝામિનેશન ગેઇમ્સ એન્ડ સ્પૉટ્ર્સ - ૨૦૨૪ દ્વારા આયોજિત ૩૫૦ બાળકોની સ્કેટિંગ કૉમ્પિટિશનમાં સ્ટેટ લેવલે ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી સફળતા પ્રાપ્ત કરેલ છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે ભવિષ્યમાં તેઓ આ જ રીતે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતાં રહે.




## દિવ્ય સંત શિબિર : ૨૦૨૪










Ghanshyam, August-2024. Published on 10-08-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.



## દિવ્ય સંત શિબિર : ૨૦૨૪







